રતનજી ફરામજી શેઠનાના

રચેલા ગ્રંથો.

૧—જ્ઞાનચક્ર પુસ્તક ૧ લું	—રૂ	૩—૦
૨—જ્ઞાનચક્ર ” ૨ જું	—રૂ	૩—૪
૩—જ્ઞાનચક્ર ” ૩ જું	—રૂ	૩—૦
૪—જ્ઞાનચક્ર ” ૪ થું	—રૂ	૩—૦
૫—જ્ઞાનચક્ર ” ૫ મું	—રૂ	૩—૦
૬—જ્ઞાનચક્ર ” ૬ ઠું	—રૂ	૩—૦
૭—જ્ઞાનચક્ર ” ૭ મું	—રૂ	૩—૦
૮—જ્ઞાનચક્ર ” ૮ મું	—રૂ	૩—૦
૯—આઇને અકબરી	—રૂ	૨—૦
૧૦—લૉર્ડ બેકનના નિબંધ	—રૂ	૧—૮
૧૧—પાકજાદ પરીન	—રૂ	૦—૮
૧૨—ચાઇનીજ ટેલ્સ	—રૂ	૧—૪
૧૩—જેપાન અને જેપાનીજ	—રૂ	૧—૮
૧૪—જેપાની ભાષા	—રૂ	૧—૦
૧૫—જેપાની શિક્ષક (મરાઠીમાં)	રૂ	૦—૧૨
૧૬—પોશાકની ફેશીન	—રૂ	૦—૧૨
૧૭—ફોટોગ્રાફી	—રૂ	૦—૧૨
૧૮—કાચ કામનો હુન્નર	—રૂ	૦—૧૨
૧૯—ગુલખુશરો	—રૂ	૦—૪
૨૦—મેરીકૉરેલીના વચનો	—રૂ	૦—૮
૨૧—સંજ્ઞા દર્શક કોશ	રૂ	૧—૦
૨૨—દીનદાર દીના	રૂ	૦—૮
૨૩—મેસમરીઝમ	રૂ	૦—૬
૨૪—સુંદર હેલન	રૂ	૦—૬
૨૫—સામાન્ય હુન્નર જ્ઞાન	રૂ	૧—૦
૨૬—હકદારનો હક્ક	રૂ	૧—૦
૨૭—ગુલ ખુશરો	રૂ	૦—૬

નાટક પાત્ર.

મરદ પાત્ર.

જાલેજર—દુનિયાની સતાવણીથી કીનાખોર થયલો શખ્સ.
રતનશાહ—તવંગર વૃદ્ધ ગ્રહસ્થ.
મીનોચેહેર—બહેરામશાહનો બેટો.
ખુશરો—મીનોચેહેરનો ભલો દોસ્ત.
દસ્તુર દીનીયાર—નીતિમાન મોબેદ, ગુમરાહોનો રેહેબર.
ડૉ૦ રોઇનતન—લેફ્ટનન્ટ સરજ્યન. મેડહાઉસનો માલેક.
બરજોર—સરજ્યન રોઇનતનનો ભત્રીજો.
રૂસ્તમ મોદી—એક જુવાનીયો, નવાજનો આશક.
પેદરૂ—કમ્પાઉન્ડર, કારભારી.
માકો—નોકર.
નરીમાન—પરોણો.
કાસમ—નોકર.

સ્ત્રી પાત્ર.

દીના—જાલેજરની પાળેલી બેટી.
મેહેરાં—રતનશાહની જુવાન પરણેતર.
આલાં—મીનો સાથે છુપાછુપ પરણેલી બાનું.
સુનાબાઇ—આલાંની માય.
નવાજ—સરજ્યન રોઇનતનની ભાણેજ.
માણેક—બરજોરની પરણેતર.
રોઝમરી—પેદરૂની બાયડી.
બાઇમાય, હમાયજી—સ્કુલ માસ્તરણો.
બાનું, રતાં, નાજાં, પીલાં, માકી, સીલ્લાં—સ્કુલમાં શિખતી છોકરીઓ.

તે શિવાય

રખેવાળ, વૉર્ડ બૉય, પોસ્ટમેન, આયા વગેરે.

સ્થળ

ધારાપુરી, મુંબઇ અને વાંદરા.

બનામે ખુદા.

રતનજી ફરામજી શેઠના કૃત.

દીનદાર દીના.

અંક પહેલો—પ્રવેશ પહેલો.

ધારાપુરીના ગુફાનો એક ભાગ.

[કંગાલ ફર્નીચર. દીના પારસી તથા ઈંગલી, ભેળ પોશાકમાં ગાયન ગાતી બેઠી છે. જાલ ઈંગલીશ પોશાકમાં, સન હેટ, તથા હાથમાં બંદુક સાથે દાખલ થઈ, દીના પાછળ આવી ગાયન સાંભળે છે.]

ગાયન ૧ લું.

દીના—

જગવાલી નિધાન કુલ જહાનમાં,
ગુણ તારા હરેક કુલ જનાબમાં.
તારા ચંદામાં તુજ નૂર,
તૂજથી નૂરી ખલકત પૂર.
હરેક વગ જગમાં મશહૂર—
'રાહત' માલીક નવાજ કુલ જહાનમાં.—ગુણ૦
દાતા તાતા તુંહી શાહ,
આલમ આદમપર નિગાહ,
છે આ ખાલિકની દરગાહ,
હરદમ ભજું જીગર ને જુબાનમાં.—ગુણ૦

[દીના ગાયન ગાઇ, ટેબલ પર મુકેલા સીવવાના દાબડામાંથી રોમાલ કહાડી સીવે છે. જાલ મનમાં મુઝાય છે]

જાલ:—અરે ખુદા? (ખુદાનું નામ લેતાંજ કમકમીને ચોંકે છે.) ઉહ્: ! હું શુ બોલ્યો? (સુધારીને) કમ સમજ, કમ કૂવત, કમ હિમ્મતને દિલાસો દેનારી અય હસ્તી! ત્હારી વસ્તી આ હવાઈ આકાશમાં કે આકાશની નીચે કેથે દિસ્તી નથી. ત્હારી યાદ કમ થજો. જો ત્હારી યાદમાં ખરાબી ને ખુવારી સમાઇ છે, તો અય કમ સમજ ઇન્સાન તું ખુદાના નામનો ખિયાલી બકવાદ છોડી દે. (આસપાસ જોઇ) ખિયાલી યકીનોનાં દેખાવો, ત્હમે કોણ છો? કોઇ નથી! (અવાજ સાંભળવાથી દીના ચોંકીને જાલને જોય છે, ઉઠી પાસે જાય છે.) બસ, માત્ર બનાવટ! બનાવટ!

દીના—જાલ, ત્હમે કયારે આયા? ખુદાની નીસ્તીના જુઠા અંદેશામાં, દીમાગને શા માટે ખરાબ કરો છો?

જાલ—(ખુદાના નામથી ચોંકીને) દીના, ફરી તેં તે નામ લીધું? કે જે નામની મ્હને નફરત છે; ઇન્કાર છે.

દીના—જાલ, એમ ના બોલો, ખુદાના નામપર શક ના લાવો; તોબાહ!

જાલ—શક નહિ, બેશક છે. જેની હસ્તી આંખોથી જોઇ નથી શકાતી, જેની શકિતની નિશાન નજરે નથી દેખાતી, તેને હું કેમ માનું? કેમ પિછાણું?

દીના—ખુદાની હસ્તીની શહાદત હરએક જગે મોજુદ છે. કુલ કુદરત અને ખલકતપર, કુલ રચના અને મોસમપર જેની સત્તા છે, તે ખુદ ખુદા છે.

મુસદ્દસ.

છે જગનો સરજનહાર, તે પરવરદિગાર એક,
કોઇ કરે ઇન્કાર તે છે નાબકાર એક.
હસ્તી વ નિસ્તી તે થકી તે નામદાર એક;
તે છે પિતા સમાન, તે છે પાલનાર એક.
જો રબ નહીં તો કામની શું જિન્દગી નકામ?
રચના સઉ છે યારની, તે વન ફના તમામ.

જાલ:—દીકરી દીના, તું કેહછ તે માત્ર ખોટો ખિયાલ છે. પેટ પાલનારા ખુદા પરસ્તોનો એ જુઠો સવાલ છે.

દીના—મારા જાલ, એવા ખોટા ખિયાલોમાં જીન્દિગી ના ગાળો, મ્હને નાહક ના બાળો.

જાલ—દીકરી, મ્હારૂં દિલ માનતું નથી, દિમાગ કબુલ કરતું નથી, તેથી હું નાચાર છું. મ્હારા જિગરમાં મોહબતનો ઝરો નથી, યા રહમનો કતરો નથી. હું કોણ હતો? કોણ છું? કહાં હતો? કહાં છું? અરે (ભુલમાં ભેદની વાત બોલતાં મહોનું દાબી) ચુપ જબાન! ચુપ થા.

દીના—(ઇન્તેજારીથી) જાલ, ચુપ શા માટે? બોલો, જબાન ખોલો; મને ના સતાવો ના છુપાવો.

બયત.

પિતા કોણ મ્હારો, હું પુત્રી છું કોની?
કહો, માત કયાં છે? વિચારી કહોની?

જાલ—તું જે ઝાડનું ફળ છે, તે ફળ સિવાયે ઝાડને ધિક્કારૂંછ, પણ દીના, હું તને જાનથી જીયાદા ચાહુંછ. (પેટમાં દાબે છે.)

દીના—હું માનુંછ, ને જાણુંછ કે તમે મને ઘણી ચાહોછ પણ ત્યારે સાફ સાફ બતાવો, નાહક ના તરસાવો, ના છિપાવો.

બયત.

છું હું કોણ, ને છે પિદર કયાં? બતાવો?
વળી માત જાહિર કરો, ના સતાવો!

જાલ—(પાસામાં દાબી) દીના, આ સવાલ આજે પાછો કરવાનું તને શું કારણ મળયું? (શક લાવી) ખરૂં કહે, ત્હારાં જિગરમાં આવો શક આજે કેમ પેદા થયો?

દીના—(ડરી ડરીને) મને માફ કરો તો કહું, દિલ સાફ કરો તો કહું.

જાલ—ખોલ માફ છે, દિલ સાફ છે.

બયત.

દીના—ખતા થઇછ મ્હારી; મને માફ કરજો,
કિધી છે મેં ચોરી, જિગર સાફ કરજો.

જાલ—(ગુસ્સામાં) ચોરી? બોલ એ ચિતચોર! શું ચોરિયું?

દીના—ચોરી માલની નહિ, પણ હુકમની.

જાલ—(ભવાં ચઢાવી) શું ? તેં કોઇ મ્હારા હુકમનો અનાદર કીધોછ ?

દીના—ખફા ના થાઓ, આપેલા વચનને નીભાઓ. તમારી ખાનગી પેટીમાંથી એક કાગળ વાંચ્યું, પણ દસ્તખત ઉકલાવી શકી નહિ; તમારો આવવાનો વખત જાણી, સિવવા બેઠી, તેવામાં તમે આયા. (દીનાના સાફ દિલના ખોલાસાથી જાલની આંખોમાં પાણી આવેછ, દીના ડરેછ) મને માફ કરો, દિલ સાફ કરો.

જાલ—(દીનાને બાસામાં દાબી) મ્હારા બચ્ચાં, બુલંદ આસમાન પરથી કદી પથ્થર વરસતો નથી, પણ ઠાર, પાણી યા ઝાકળ વરસે છે, તેમ મારી આંખોમાંથી મોહબતના આંસુ ટપકે છે. દીના, તને મ્હારા બાપીકા પ્યારપર વિશ્વાસ નથી ? મ્હારા, અંતકરણના વ્હાપર આસ્થ નથી ?

દીના—બેઅદબી માફ કરો તો કહું, જો ખુદાની હસ્તીપર તમુને ઇતબાર નથી, તો તમારા રંગ રૂપ વગરના ચાહપર મને પ્યાર ને ચાહ કેમ રહે ? મારાથી તમે ઘણી વાત છુપાવોછ, મને નાહક સતાવોછ, ને દિલ દુખાવોછ.

[દીના, રીસ કરી અલગ થાય છે, જાલ, તેણીને બગલમાં ચાંપે છે]

જાલ—મ્હારા બચ્ચાં, વખત આવશે ત્યારે તું પોતાની મેળે જાણુશે, મ્હારી જીંદગીની બળતી જોત, હું મરવા તઇયાર ને ખુશી છું, પણ મ્હારા કીના ખાતર તુંજ મને જીવાડે છે, મ્હારા જીગરમાંની કીનાની જોતને રોશન રાખી તેની યાદ અપાવે છે.

દીના—(આતુર થઇ) કીનો ! કોણુ પર ? જલ્દી જણાવો, ના તરસાવો ?

જાલ—બેટા, શું બોલું ? કેમ જબાન ખોલું ? તું એક કમબખત બાપની કમનસીબ બેટી છે.

દીના—તે હશે. પણ મ્હને જણાવો, કે આય ગુફામાં મને એકાંત જગામાં રાખવાનું કારણ શું ? ફરવા હરવાની મના કાંય કરોછ ?

જાલ—દીના, તું દગાખોર દુનિયાથી અજાણી છે, તેથીજ નેક છે. માટેજ આ છળ કપટ ભરી જગતપર ચાહ ના રાખ.

દીના—તમારો ભેદ ના છુપાવો, તમારી ખરી મતલબ ખુલ્લી સમજાવો તો મેહરબાની (છાતી પર હાથ મુકી) હું જાણી નથી શકતી કે મારાં જિગરમાં શું લાગણી પેદા થાયછ?

જાલ—જુદી નિરાસીના દરિઆવમાં આશાની કિશ્તી ના ડુબાડ. તને અહીં શું દુખ છે? તું આ ટાપુની રાણી છે, મ્હારી જીન્દગાની છે. સેંકડો માણસોપર આપણી હુકુમત છે. આય પહાડ આપણી મિલકત છે.

દીના—હુકુમત ને મિલકતની મને ચાહ નથી, જર. જોરની પરવા નથી. મને તો મનની શાન્તિ જોઇએછ, તે ખુદા કયારે બખશસે?

જાલ—ધીરજ ધર, ત્હારી શાન્તિ મળશે, આશા ફળશે. મને અગતનું કામ છે, માણસોને તાકીદ કરવીછ, કે નવાં કોન્ટ્રાકટનું કામ હાથ ધરી, પહાડમાંથી પથરા કહાડી મુંબઈમાં બંધાતી ગોદીમાં પહોંચાડે. એ કોન્ટ્રાકટમાં આપણને લાખોની કમાઇ થશે, અને એ કમાઇથી ઘણાં સુખ સાથે તુંને અમન ચમન કરાવિશ.

દીના—જાઓ, સધાઓ. (જાલ, દીનાના કપાળપર કીસ લઇ જાય છે, દીના વિચારમાં પડે છે.) હું વિચારી નથી શકતી કે હું કોણ છેઊં? જાલ તું જોકે મને બાપના તોલથી ચાહે છે, પણ મ્હારીપરના સખત જાપતાથી હવે હું તને તાબેદાર રહેવાની નથી. દીના, તેં દુનિઆમાં પેદા પડી, ફકત આય ત્હારા કહેવાતા બાપને અને અત્રે, વસતા કોલી કણબી શિવાય, બીજું શું જોયું છ? જો કે જાલે-જરે લખતાં વાંચતાં શીખવી, કેળવી, ભણાવીછ, પણ તેથી ફકત ચોપડીમાનુંજ બાણુ મલ્યુંછ, વસ્તી આબાદી, રચના, રોનક જોવાથી બેનસીબ છું, માટે પેલે પાર શું છે તે જઇને જોઊં, રાહત પામું.

[દીના અંદર જાય છે, ખુરશેદ ને મીનાચેહેર, શિકારી પોશાકમાં બંદુકો સાથે આસપાસ જોતા, ધીમા કદમે આવે છે. સાથે એક ફિરંગી ચાકર થોડાક મારેલાં પક્ષી ખાંધપર લટકાવી લાવે છે, શુકાનો દેખાવ જોઇ, ત્રણે હેરત થાય છે.]

ખુશરો—(આસ્તેથી) મીનોચેહેર, આય ગુફામાં વસ્તી જણાય છે.

મીનોચેહેર—ખરેખર, અહીં કોણ વસ્તું હશે ? (દીના સામેથી આવે છે, બન્નેને જોઇ ઘભરાય છે, બન્ને તેણીને જોઇ અચરત થાય છે.) ખુશરો, આતો કોઈ નિર્દોષ અબળા છે.

ખુશરો—બાનુ, માફ કરજો. અમે ભુલમાં અત્રે આવી લાગાંછ.

દીના—જી, તમે કોણ છેવ ?

મીનોચેહેર—અમો શેકારના શોધમાં ભટકતા અતરે અચાનક આવ્યાછ. આવા એકાંત ગુફામાં તમને એકલાં જોઇ અમે તાજુબ છિયે.

ખુશરો—(મીનોને અલગ) મીનો, આય અબળા તો આપણી હમજાત જણાયછ. ગુજરાતી ભાષા સમજેછ, કોઇ દુખી દેખાયછ.

મીનોચેહેર—(ખુશરોને અલગ) મનેબી તેમજ જણાયછ, અજબ જેવું છે.

દીના—(અધીરાઇથી) ભાઇઓ, તમે સધાવો, નહિતો મકાનનો ધણી આવશે તો તમુને જોઈ વહેમાશે, લઢશે, હેરાન કરશે.

મીનોચેહેર—બાઈ, અમો જરથોસ્તી છિયે, ના ડરો, વેહેમ ના કરો. (જરથોસ્તીનું નામ સાંભળી, દીના હરખાય છે.)

દીના—તમે જરથોસ્તી છેવ ? હુંબી તમારી હમ કોમ છેઊં, મને મદદ કરશો ?

ખુશરો—દીલોજાનથી, પણ પહેલાં અમુને જણાવો કે શું તમે અહીં કેદી છેવો કે મદદ માંગોછ ? (દીના, આસપાસ જોઇ કહેતાં અચકાય છે.)

મીનોચેહેર—ના ઘભરાવો, સાફ જણાવો, અમારાં તનમાં જાન હશે ત્યાં સુધી અમે તમોને મદદ કરશું, પાછલ નહીં હટશું.

ખુશરો—જરથોસ્તી બચ્ચો કોઇપણ કોમની બહેતરી માટે કદમ પાછું હટાવતો નથી.

દીના—(આસ્તેથી) હું જેવણ સાથે એકલી વસુંછ, તેવણ મ્હારા મા બાપ નથી, પણ મને પાળનારા વાલી છે.

મીનોચેહેર—ત્યારે તમે દુખી આતુર ને ઘભરાયલાં કેમ જણાઓછ ?

દીના—હું આય મ્હારા કહેવાતા બાપ સિવાયે દુનિયાથી તદ્દન અજાણી છું. મને મ્હારે માટે અને દુનિયાના અનુભવ માટે કંઇ અજબ લાગણી થાયછે. અહીંથી રોજ રાતના પેલે પારની રોશનીમાં ઝળકતું શેહેર જોઇ હું અચરત થાઊંછ, કે ત્યાં શું હસ્તી હશે, શું મઝા મસ્તી હશે?

ખુશરો—તે અમારૂં ગુલજાર શહેર મુંબઇ છે.

દીના—હું કદી આ દરિયાવની પેલી પાર ગઇ નથી, મને મોકલવામાં આવી નથી, તેથી હું એ ગુલજાર શહેર જોવાથી બે નસીબ છું. મને તે જોવા ઘણું ગમેછ, પણ નાચાર, તે નથી જોઇ શકાતું.

ખુશરો—(દયા લાવી) અમે દેખાડિયે, પણ તમો બાઇ માણસને એખલીને લઇ જઇ કેમ બતાવી શકિયે? પરાઇ ઔરતને પરવાનગી વગર, એકજગાપરથી બીજી જગાપર કેમ હટાવી શકિયે? (દીના વિચાર કરે છે.)

મીનોચેહેર—(ખુશરોને અલગ) ખુશરો, ડહાપણ ના બતાવ, બાજ આવ; છોકરી બીચારી ભોલી છે, એને હું જરૂર અહીંથી ઉઠાવી જઇશ, ગરીબની દુઆ લઇશ.

ખુશરો—(મીનોને અલગ) મીનો એ તું શું કહેછ? એથી આપણે કીડનેપીંગના ક્રીમીનલ ચાર્જમાં આવશું. કોઇને કોઇથી વિખુટું કરી ખુદાના ગુનાહગાર ઠરશું.

મીનોચેહેર--(ખુશરોને અલગ) ભલાં કામમાં ખુદાનો ડર શાનો રાખવો? (તુચ્છકારથી) ત્હારા ક્રીમીનલ કાયદાને હું તદબીરથી ગજવામાં ઉતારશ. છોકરીને પાર પાડશ, ગમે એવા જોખમે આય ભલું કામ બજાવશ (દીનાને) દુઃખી બાનું ખુશી થાઓ, કે અમો તમુને મદદ કરી બચાવશું.

ખુશરો—(પ્રગટ) પણ અમુને તે માટે એક બનાવટી વાત કરવી પડશે.

મીનોચેહેર—માય બાવાને કહીશું કે અમોને આય નાચાર, નિરાધાર છોકરી પહાડપર ભટકતી એખલી મલી ગઇ, તેથી એને એની રાજી ખુશીથી લાયાછ. (ખુશરોને અલગ) પછી આપણે છિયે, આપણી તદબીર છે ને ખુદા છે.

દીના—ઘણું સારૂં, હું પણ એમજ કેહવશ પણ તમારાં માય બાવા મ્હને જોઈને ખુશી થશે કે ?

મીનોચેહેર—ઘણા ખુશી ને અજબ થશે ને જો તેમ નહીં ખુશી થશે તો હું તેમને ચુપ રેહવાની ફરજ પાડસ. (દીના મીનોચેહેરના હાથો પકડી આભાર માનેછે ખુશી થાયછે)

દીના—ઓ ! હું તમારી ઘણી આભારી થવશ.

ખુશરો—બાનુ, તમારૂં નામ શું ?

દીના—જી મ્હારૂં નામ દીના છે.

ખુશરો—ખુદા તમને સદા **દીનદાર દીના** રાખે, પણ અમને સાચું જણાવો, કે શું તમુને અહીં દુખમાં વસવું પડે છે ?

દીના—દુખનો મને અનુભવ નથી પણ મને આય એકાંત વાસ ગમતો નથી. મેં વાંચ્યુંછ ઘણું, પણ તેવું કસું જોયું નથી, તે જોવાની ઇચ્છા થઇછ.

મીનોચેહેર—ત્યારે તે બધું તમે આસાનીથી જોઈ શકસો, અમારી સ્ટીમલોંચ કીનારે ઉભીછ. હજી ઝઝકળું છે ચાલો, આપણે અરધા કલાકમાં મુંબઇ જઇ પહોંચશું. (દીના, મનમાં હરખાય છે, ખુશી થાય છે.)

દીના—હા હા હા હા ! મઝા પડશે, જોવાનું મલશે.

મીનોચેહેર—(દીનાના હાથ પકડી) ઘણી મઝા મલસે, મુંબઇ જોઇને હરખાસો, અમને અને તમારી જીન્દગીને દુઆ દેસો.

દીના—મેહેરબાની, ખુદા ખાતર મ્હારી બેચેની જલદી ટાળો, મ્હને સંભાલો દુઆ દેવસ, આભારી થવસ, જીગર જાનથી ચાહવસ.

મીનોચેહેર—(ખુશરોને અલગ) ચાહસે નહીં તો એ સુંદર પંખેરાંને ચાહવાની સેવક ફરજ પાડસે.

ખુશરો—(મીનોને અલગ) ખુદા જાણે, આજે બુરાં ચોઘડીયાંમાં આપણને શું બુરૂં સુઝેછ ? ખુદા ખયર કરે !

મીનોચેહેર—(દીનાને) હવે વાર ના લગાડો, જલદી ચાલો અંધારૂં પડસે ને ઓટ થસે તો કિનારે જવાની મુસ્કેલી વધસે.

દીના—હા, ચાલો (ખુરસીપરની શાલ માથાપર નાખે છે.) નહીં તો જાલ આવસે તો મુંબઇ જોવાની મોજ રહી જસે, વખત વહી જસે.

ખુશરો—(યાદ આવવાથી) પણ જવા આગમચ તમારા વાલી માટે ખુલાસાના બે બોલ લખી જાવો, કે જેથી તેવણપર માઠી અસર નહીં થાય, તમારૂં જવાનું કારણ સમજી જાય.

મીનોચેહેર—હું લખાઉં તેમ લખો (ગજવામાંથી નોટ બુક કહાડી, તેમાંથી પેન તથા કાગજ આપે છે, મીનો લખાવે છે, તેમ દીના લખે છે.)

મ્હારા મુરબ્બી જાન, નેક ફાલ.

હું અત્યંત દિલગીર છેઉં કે તમારા હદ બહારના જાપતાથી હું બેસબર બની હતી, તથા મ્હારી હસ્તી વસ્તીથી અજાણ હોવાથી તે જાણવાને ઇન્તેજાર હતી, તેટલામાં એકાએક આપણા બે હમજાતી આપણા ગુફામાં આવી પહોંચવાથી તેમની સાથે હું સામે દેખાતા સુંદર શેહેર મુંબઈ તરફ ગઈ છું, એકાંતવાસથી ઘભરાવાથી અંદર બીડેલા સરનામા પ્રમાણેના મકાનમાં જઇ રહીશું—સલામ નેકનામ.

લા૦ મા-બાપથી બેખબર, ના સબર દીના.

[મીનો કાર્ડ આપે છે, દીના, કાર્ડને કાગજ સાથે ટેબલપર મુકે છે.]

ખુશરો—કાસમ, દોડતો જા સ્ટીમ લોંચને કિનારે લાવવા કહે, અમો આવીએછ.

નોકર—અચ્છા સાબ. [નોકર જાય છે, દીના ગુઠણપર પડી ખુદાને અરજ કરે છે.]

દીના—ઓ ખુદા! લાંબી મુદતે હું આ એકાંતવાસથી આઝાદ થવસ, શાદ બામુરાદ થવસ, પન અજાણતાં કશું હું બુરૂં કરતી હોઉં તો મને માફ કરજે, મ્હારૂં દિલ સાફ કરજે—દાદગર દાદાર, તેંજ મ્હારાં અંતકરણમાં આ લાગણી પેદા કીધીછ, અને તુંજ મને અત્રેથી જવાની બસારત કરેછ, તો ત્હારા હુકમને માની હું જાઉંછ, મ્હારો નીગાહબાન થજે, મુશ્કેલી આસાન કરજે.

ખુશરો—(મીનોને અલગ) મીનોચેહેર, આપણને આપણું નસીબ સારે રસ્તે દોરવતું નથી, તેથી તુને સારૂં સુઝતું નથી; તું આય શું સાહસ કરેછ?

મીનોચેહેર—કમ હિમ્મત અને છાલકાં મનનું માણસ નસીબને માને છે, અને મજબુત મનનું માનસ ઠરાવ પર ચુસ્ત રહી ખંત અને

કોશેસને માને છે. જે ગોહર વગર મુશ્કીએ હાથ લાગુંછ, તેને જતું મુકવામાં મુરખાઇ છે, હેમકાઇ છે.

દીના—(આતુર થઇ) તમે શું વિચારમાં છો? આશા આપી નિરાસ ન કરશો, વિચાર ન ફેરવશો.

મીનાચેહેર—કદી નહીં. (દીનાના હાથ પકડી) બખ્તાવર બાનું, તમારા જેવો એક ખીલતો ગુલાબ હાથમાં આવ્યા પછી તેને ફેંકી દઇએ, તેવા અમે મુરખ નથી.

દીના—ત્યારે ચાલો, નાહક વખત ના ગાળો.

ખુશરો—હાં, ચાલો, લોંચ કીનારે લાંગરી હોશે.

[ત્રણે જણા જાય છે, બીજી તરફથી જાલ, શીકાર કરેલાં પક્ષીઓ લાકડી પર લટકાવી, વિસલ કરતો ખુશ થતો આવે છે. હાથમાં બળતું ફાનસ, ખાંધપર બંદુક છે. દીનાને જોયા વગર વાત કરે છે.]

જાલ—દીના, દીકરા; ખુશ થા, કોન્ટ્રાકટની કોરોસમાં ફતેહે મળવા સાથે આજે ઉમદા શીકાર પણ હાથ લાગાછ (જવાબ ન મળવાથી આસપાસ નજર કરે છે.) એ કહાં ગેઇ! (પુકારે છે) દીના? (થોભીને) દીના, તું કહાં છે? (આસપાસ જોતાં કાગજપર નજર પડે છે, તે ઉપાડે છે.) આય કાગળ કોણનું? (કાગજ ઉખેડતાં કાર્ડ નીચે પડે છે, અક્ષર જોઇ અજબ થાય છે) એતો દીનાના અક્ષર! (ચિરડાય છે) દગો! સરિયામ દગો! (કાગજ મનમાં વાંચીને માથાપર તરાપ મારે છે) ઓ શયતાની ખસલતના ઇનસાનો! મને કહાં સુધી સતાવશો? ભરમાવશો? ઓ સરડાની શાનના બદલાતા રંગના બહુરૂપી આસમાન! તેંજ તેંજ મને તારાજ કીધોછ, મ્હારો આરામ લુટી લીધોછ! દીના, મ્હારી રોશની હતી, મ્હારા કીનાની બળતી જોત હતી, તેને બુજાવી નાખીછ! મ્હારી ધારણા ઉંધી વાળીછ! મ્હારા દુશમનો પર કીનો લેનાર હતો, તે મ્હારૂં હથિયાર તમોએ છીનવી મને આજેજ કિધોછ, મ્હારો ઇલાજ લુટી લીધોછ (યાદ આવવાથી) કાગજમાં જણાવેલો કાર્ડ કાંહાં છે શોધતાં કાર્ડ નજરે પડે છે.)

"મીનોચેહેર રતનશાહ બાહાદુરખાન.

ખમ્બાલાહીલ."

આતો મ્હારા હડહડતા દુશમનનો બેટો ? અરે ! દીનાને એ ઉપાડી ગીયો ? હાય ! તે મ્હને મારી ગીયો, મ્હારી બાજી બિગાડી ગીયો. ! હું ચાહતો હતો, કે આ છોકરીને મ્હારા તાબામાં રાખી દુશમનપર વેર લઇશ, પણ આખેરસ મીનોચેહેરે તેને નહસાડી, મને માત કીધો, મ્હારો ઘાત કીધો ! પણ જાલ, એમ સેહલાઈથી બાજી હાથથી જવા ના દે. ત્હારૂં વેર લે. હજી તેઓ ડુંગરની તલેટીમાં પુગાં નહિં હશે, તેટલામાં પાછળ જઇ, એ મીનોચેહેરને ગોળીથી ઠાર કર. તેઓની આસમાં નિરાસ કરી ખ્વાર કર ! [ગુસ્સામાં ને ગુસ્સામાં જાલ જાય છે.]

અંક પેહલો–પ્રવેશ બીજો.

દરિયાવ.

[સ્ટીમ લોંચ, કીનારાપરથી હટતી જણાય છે. દીના, ખુશરો ને મીનોચેહેર લોંચમાં ઉભાં જણાય છે. ખલાસી, સુકાન પકડી બેઠો છે. ટેકરી ઉપરથી જાલ ઝડપમાં આવી, બંદુક ફોડે છે, મગર સુર્યાસ્ત થવાથી નેમ ખાલી જાય છે. સામી તરફની દીવા દાંડીમાંથી રોશની પ્રકાશતી તથા બુઝાતી જણાય છે. જાલ, ઝનુની થઇ બખાળેછે, દીના ડરે છે.]

જાલ—દગલબાજ લુટારાઓ ન્હાસો, પણ હું તમને નહિ છોડસ!

મીનોચેહેર—દીના, ના ડરો, ધીરજ ધરો.

[મીનોચેહેર, જાલની તરફ બંદુક તાંકે છે, દીના, આડી ઉભી રહી નેમ ચુકાવે છે.]

દીના—(ગુસ્સામાં) એ શું કરોછ ? થોભો ! હું સામી થવસ, હું મરી જવસ, પણ તમને બચાવિશ. [લાંચ જાય છે, જાલ ચિરડાય છે.]

જાલ—(ઝનુનથી,) મુજીઓ ! હાલ તો તમે છટકયાંછ, પણ અંતે આ જાલિમ જાલના જાપતામાંથી બચવાના નથી. તમો કિનારે નહિ પોંહચશો, તેટલામાં હું તમારી પાછળ આવી પોંહચુંછ (થોભીને) ધડકતા ને ધ્રુજતાં દિલ! શાંત થા ! જાલ હુશિયાર થા ! ગમે એવા પ્રસંગની સામે

થવા તૈયાર થા. હું હવે સઘળું કરશ, ને શું કીનો નહિં લઇ શકસ ? છટ ! જો સઘળા ઉપાયો લેવાથીઆ કીનો લેવાનું કામ મુસ્કીલ હશે, તો અંતે રતનશાહના મકાનમાં દાખલ થઇ, મારૂં વેર લેવશ, હું જવશ, ને જરૂર જવશ ? (ઝનુનમાં જાય છે)

અંક પહેલો—પ્રવેશ ત્રીજો.

ઓરડો.

[ટીપઇ ઉપર દવાની શીસી, ગ્લાસ વગેરે છે. ગાડીવાન સાથે માણેક ને બરજોર ઉતાવળમાં અકળાતા આવે છે, ગાડીવાન કોથળો બીછાનું એક તરફ મુકે છે.]

માણેક—માયરે ! ઉંચે જીવે રેહેતાં જીવબી ઝીમઇ આવ્યો.

બરજોર— ખુદા ખયર કરે, મુશકીલ આસાન કરે (પાકીટમાંથી રૂપીયો કહાડી ગાડીવાનને આપે છે) લે બા ગાડીવાન, આય ત્હારૂં ભાડું.

ગાડીવાન—(ભાડું લઇને) મેહેરબાની (ગાડીવાન સલામ કરીને જાય છે.)

બરજોર—માણેક આપણે ઉપડતી પેહેલીજ ત્રેન પકડી તો ઠીક થયું (બારણા બંધ જોઇ) બારણું બંધ છે. નોકર નફર કોઇ મળે નહીં. કદાચ કાકાજી છેલી ઘડીનો દમ ભરતા હોસે.

[માણેક, સામેથી આવતી બીજી ગાડી જોય છે.]

માણેક—જુઓ, પેલી બીજી ગાડી કોણની આવી ? (જોઇ જોઇને) મને તો લાગેછ, કે ડાક્ટર આવ્યો હશે. (ઓળખીને) અરે એતો નવાજ છે.

બરજોર—ઘભરાટને લીધેજ નવાજબી તુરત ઉપડી હશે.

[નવાજ સાલ ખાંધપર નાખી, હાથમાં પોર્ટમેન્ટો તથા પેપર પેરેસોલ લઇ આવે છે, બરજોરને જોઇ ખુશી થાય છે, બન્ને સાથે હાથ મેળવે છે.]

નવાજ—વેલ બરજોર ને માણેક કેમ છેવો લયલા મજનૂ ?

બરજોર—નવાજ બેહેન તું ટાઇમસર આવીછ મામલો બગડેલો જણાયછ.

નવાજ—પણ હાલ તો તબીયત સારીકાની છેની ?

બરજોર—હું અજાણુ છું, થોડોજવાર થયો હમો પુના પેસેન્જર માં આયાછ.

નવાજ—મને પણુ તારો ટેલીગ્રાફ મળતાંજ રાતોરાત સુરત પેસેન્જરમાં ઉપડી પણુ મ્હને તેડવાની ખાસ જરૂર હતી કે? કાકા મ્હને જોઇને ઘણા હેરત થશે, ને પુછશે કે તું કાંય આવી? તો હું શું જવાબ આપું?

બરજોર—કાકાજી બીચારા જે વખત જાયછ, તેટલામાં આંખ વીચવાની તઇયારીમાં હશે.

નવાજ—તું કહેતો હતો કે કાકાની હાલેતથી હું અજાણુ છું, ને આંખ વીચવાની કાંય વાત કરેછ?

બરજોર—(ગજવામાંથી કાગજ કહાડી બતાવેછ) વાચ આય કાગલ. એ ગઇ કાલે સહવારે મ્હને મલ્યું. (વાંચે છે.) હું હવડાં મોતની ચડીપર છેઉં, જે વખત જાયછ, તેમાં આંખો વીચાવાની, માટે કાગળ વાંચતાં આવો, મળી જાવો.

(અંદરથી પેદરૂનો ગાવાનો અવાજ આવે છે.)

પેદરૂ—(અંદરથી) આઇગો, બાઇગો, જલ્લો તાજો કોંબડો, માઝો, પાદરી પલાયલો.

નવાજ—(ચિડાઇને) મરેરે! એ શું કૌતક? ઘરમાં વઘન ને મુવો સગનનું ગીત ગાઇ મરેછ?

બરજોર—બડો નમક હરામ છે. વરસો થયાં કાકાનું નમક ખાય છે, ને તે પણુ મરવા પડયાછ, ત્યારે એ ગીત ગાય છ? [પેદરૂ નાચતો ગાતો આવેછ, ત્રણેને જોઇ અજબ થાય છે.]

પેદરૂ—ઓલ્લો મી० બરજોર, તુમ આયા! બોત અચ્છા કિયા. બોપણુકો તુમારા આનેકા ખોબર આગુસે નહિ મિલા.

બરજોર—અમલોક અચણુચ આયા. કાકાજી કયસા હય? કીધર હય?

પેદરૂ—અંકલકા મીજાજ બોડા સ્ટ્રેંગ! થોડા, દેરમે ગરમ ધુપ, ઔર થોડા દેરમે ઠંડા પવન.

બરજોર—(સર્વને) ખરેખર બીચારાનો વિચિત્ર સ્વભાવ હતો. (નવાજને) બિચારા આખર મૌતના શિકાર થયા, ગુજરી ગિયા.'

પેદરૂ—હા, બોરાબાર અભી શિકાર લેકર આયગા, કોણાબ બુનકે ખાયગા.

નવાજ—(સર્વેને) એ મુવો શું બકેછ?

બરજોર—કબાબ ભુનકે ખાયગા? (પેદરૂને) વ્હે કયા બકતા હય? હમારેપર કાગજ ભેજા, ઉસમે લિખતા હય કે, આજ કલમેં મયૅ ઇસ જહાનસે સફર કરૂંગા, આજ નહિ તો કલ મરૂંગા. (પેદરૂ હસે છે, સર્વે તાજ્જુબ થાય છે.)

પેદરૂ— ચે ચે! ઇસમે કયા ખોટી બાત હય? અયસા તો રોજ બોલતા હય, મગર કભી નહિ મરતા હય.

બરજોર—(માણેકને અલગ) આ ત્હારી; હવે કેમ કરૂં? હું તો ચોખ્ખો ફસ્યો; (પેદરૂને સંભાળવા થકી મ્હોટે અવાજે) સારૂં થયું કે ખુદાએ લાંબી જીન્દગી બક્ષીછ (સ્વગત) પણ હવે મ્હારી જીન્દગી ટુકી થસે (બહારથી બંદુકનો અવાજ આવેછ, સર્વે ચોંકેછ.)

પેદરૂ—સુનો, બંદુકકા અવાજ ધુમ ધરરરર, ડાકટર શિકાર મારા પુસ ફરરરર!

બરજોર—(સર્વેને) કાકાજીનું માથું તો નથી ખસ્યું? દરદીઓની સારવાર કરતાં, કાતર્યું તો નથી ધસ્યું?

નવાજ—બુઢા થયા એટલે હવે એમજતો.

પેદરૂ—બોરાબર, બુઢાકા અક્લ કભી નરમ, કભી ગરમ, કભી ગુસ્સા, કભી ખુશી (દાંત બતાવીને) વ્હે દેખો. પહેલે અમકો નયા દાંત પહેનાકે જુવાન બનાયા, ફિર નઇ જોરૂ દેકર સિંગલકા ડબાલ કીયા (હસે છે) એકસલન્ટ!

માણેક—તુમ બુઢ્ઢા હોકર શાદી કિયા? તુમારા બરબાદી કિયા?

પેદરૂ—બુઢ્ઢા હુવા તો કયા જોરૂ નહિ કરેગા? અકેલા મરેગા? શેઠકે ઘરમેં, એક રોઝમરી નામકી આયા હય; ઉસકો નર્સ બનાયા, અમકો કમ્પાઉન્ડરમેંસે કારભારી બનાકર રોઝમરીસે લોગન કિયા. અબ સાબકો તુમારા ખબર દેનેકુ જાતા હું નહિ તો મિજાજકા થરમામીટર ૧૩૦ ડીગ્રીપર જાયગા, અમકો કાટ ખાયગા.

[પેદરૂ જાય છે, બરજોર ગભરાય છે.]

બરજોર—(માણેકને) હવે શું કરૂં? આય સકંજામાંથી કેમ છુટું?

માણેક—(બરજોરને) એતો જુવાન સાસુ મરે નહિ ને વહુનો દિવસ ફરે નહિ, તેમ થયુંછ મરે!

નવાજ—બરજોર, તમે માટી બૈયર ત્યારના ધભરાઓછ સાના? કાકાજી તમો બન્નેને જોઇ ખુશી થસે, હરખાસે.

માણેક—ખુસી થવાને બદલે સામું રોખણું જગાડસે. મરેરે મારૂં નસીબ!

નવાજ—પણ છે શું? કંઈ સમઝ પાડસો? (બરજોર, ગજવામાંથી કાગજ કાહડે છે)

બરજોર—(નવાજને) સાંભળ, કાકા લખે છે કે, (વાંચેછ) "આજે મેં એક વસીહત લખ્યુંછ, તેમાં મ્હારી તમામ મિલકતનો તુને એકલો વારસ બનાવ્યોછ. તે એ શરતે કે મ્હારી બેહેનની દીકરી નવાજ સાથે તુંને પરણવું પડસે. અને જો નહિં પરણુશે તો વસીહતનામું રદ કરી બીજું બનાવવામાં આવસે. જો મજકુર શરત તુને મંજુર હોય તો તુરત નવાજ ઉપર તાર કરી, તેન પણ તેડતો આવજે."

નવાજ—(અચરત થઇને) ઓ માયરે! હવે શું કરશે? તું તો કાકાજીની મરજી વગર માણેક સાથે છુપા છુપ પરણી ચુકોછ?

બરજોર—મેં તુરત સુરત ખાતે ત્હારીપર તુંને અત્રે આવી પોંહોંચવાનો તાર કીધો, ને બીજો તાર કાકાજીપર રવાના કીધો, કે "ત્હમારી તરફથી કાગળ મળવા આગમચ હું લાંબા વખતથી નવાજને ચાહતો હોવાથી તથા ત્હમારા ડરથી ડરીને, છુપા છુપ પરણી ચુકોછ. (નવાજ ચોંકે છે) આજે ત્હમારી મરજી જાણી હું મ્હારી બૈરી નવાજ સાથે સહવારના તમોને આવી મલશ." (કાગજ ગજવામાં મુકી) અને તે પ્રમાણે આપણે અત્રે આવી પુગાંછ.

નવાજ—(ભવાં ચહડાવી) શું બોલ્યો? અરે વાહરે ગલે પડુ? (મસ્ખરી કરે છે) કેમ છેવો ધણીજી? (ચિરડાઇને માણેકને દેખાડી) પરણી બૈયર સામે બોલતાં જરા લજવા! જરા શરમા!

માણેક—બેહેન નવાજ, હવે કોઇબી રીતે ધરડા કાકાજીને સમજાવવા જોઇએ, નહિ તો તમામ મિલકતમાંથી બાતલ થવું પડશે.

નવાજ—(ભવાં ચહડાવી) ઓ વાય! તેમાં હું શું કરૂ? હું શું મરૂં?

બરજોર—નવાજ, જો તું માને, મ્હને પોતાનો જાણે, તો એક બે દિવસ ધણીધણીયાની થઇશું, કામ કાહડી લઇશું.

નવાજ—(ચેસ્ટા કરી) વાહ! ખાસ્સી વાત! તું તો બેશરમ છે, પણ ત્હારી બયરીનેબી ઠંડા દિલે સાંભળતા શરમ નથી આવતી?

બરજોર—(નાચાર થઈ) તું નહીં માનશે તો હમુને જેમ આવ્યાં તેમ નાસીપાસ થઇ પાછા ફરવું પડશે, વારસો ખોઈ રડવું પડશે.

માણેક—નવાજ, અમારીપર એટલો ઉપકાર કર, ના ડર, મદદ ખાતર થોડો વખત બરજોરને વર બનાવ, ગરજ વેલાએ અમને કામ આવ.

નવાજ—તમુને કામ આઉં ને મ્હારા વસા ગુમાઉં? વાહ! ખાસ્સી વાત? (માણેકને) માણેક, ત્યારે તું મ્હારી કોણ થશે.?

માણેક—તહારી બ્હેન યા તું જે કેહ તે.

બરજોર—નવાજની બ્હેન નથી તેથી તેમ અડાવેલું ચાલશે નહિ. (માણેકને) પણ ત્હારી ફુઇની દીકરી માણેક છે, તેજ નામ અનુંબી છે, એટલે કાકાને છેતરતાં કેટલીવાર?

[અંદરથી રોઇનતનનો અવાજ આવે છે.]

રોઇનતન—પેદરૂ બચ્ચા લોક આયા વ્હો કિધર હય? (બરજોર ચોંકે છે.)

પેદરૂ—(અંદરથી) સાબ વ્હો સબ કબસે આયા હય, અંદર હય.

બરજોર—(નવાજને) નવાજ, જે તે જવાબ આપ હું જાઉં કે દસી રહું?

નવાજ—જરા થોબ મને વિચાર કરવા દે.

માણેક—(બરજોરને) નહિ તો કાકાજી આગળ સઘળો ખુલાસો કરી પગે લાગો માફ માગો.

બરજોર—(માણેકને) હું ધારૂંછ કે એમજ કરિયે.

નવાજ—નહિ એમ ના હિમ્મત ના બનો, હિમત રાખો (હસીને બરજોરને) માઇ ડિયર બરજોર હવેથી તહમે મ્હારા ધણી (માણેકને જોઇ હસે છે) અને માણેક તું કોણ? (નાકપર અંગુઠો મુકી ચીડવે છે.) ચીડઉ (બરજોરનો હાથ બગલમાં લઇને) માણેક હમે કેવાં શોભીએછ? (નવાજ હસેછ, માણેક શરમાય છે,) ચાઆલો એતો નકી થયું, કે (બરજોરને) હું તમારી બઇરી ને તમે મ્હારા ભાયડા (માણેકને) માણેક તું કોણ તયારે?

માણેક—ફુઇની દીકરી મીસ માણેક માણેકશાહ.

નવાજ—હું ધારૂંછ કે વાત ઠીક જમશે પણ સંભાળજે નકલ એવી કરજે કે કાકાજીને સેહેજબી શક જાય નહિ (માણેકને) માણેક તહારૂં કામ એજ કે ઢાંખરાજીને રાજી રાખવા, છાપરે ચઢાવવા.

માણેક—ને તું શું કરશે નવાજ?

નવાજ—જેમ બને તેમ કાકાને ચીડવસ બેજાર કરસ. એટલે કંટાળીને હાથ જોડશે, તોબા કરશે.

માણેક—ને પછી તક જોઇ ખરી વાત કહી, ઝટ પગે લાગશું, માફ માગશું.

નવાજ—વાહ! ઠીક? જાતે જાત મલિયાં ને ભવના દુખ ટલિયાં.

[માણેક બરજોરનો હાથ નવાજના હાથમાં સોંપે છે]

ગાયન ૨ જું.

માણેક—સુંદર સોહાગ મારો, તું સુધાર બાજી મારી,
ફસી કરમની, જીગરના વાલી, સંભાળ ફસીએ નહિ,
અહેસાન માનું ત્હારા—તું સુધાર—

નવાજ—(ચેસ્ટા કરીને) ધણીજી આવો મ્હારા, તન મન તમ પર
હરદમ, હરપલ, વારૂંજી.
ચંચલ ચાલની, રાહલું તાલની, ચાલોજી-તું સુધાર.

માણેક—લાભની આશા કરીતી, ધુળ તે બસ થઇ ગઇ,
આસ તુજની ચાલ પર, આખર હમારી રહી ગઈ.
પાર કર કિરતી હમારી, હાથ તારે જઇ રહી,
ફુટસે બાજી હમારી, તો ન મળસે કંઇ નહીં—તું સુધાર.

[રોઇનતન હસ્તે ચેહરે આવે છે, સર્વે આગલ જાય છે]

રોઇનતન—છોકરાંઓ, ત્હમે આયાં કે? મને ભચડીને એક કોટી કરો. (નવાજ તથા બરજોરને કોટી કરે છે) મ્હારાં બચ્ચાં ધણે દહાડે મલ્યાં.

બરજોર—કાકાજી, ત્હમારી મેહેરબાની. તમારાં કાગજની મતલબ નહિ સમજીને અમે સઘળાં વિચારમાં પડયાં હતાં, પણ તમુને સલામત જોઇ સંતોશ ઉપજ્યો છે (માણેકને બતાવી) કાકાજી, એવણને ઓળખ્યાં કે? (જીભ કરડીને) મીસ માણેકબાઇ માણેકશાહ.

નવાજ—કાકાજી, એવણ મ્હારાં ફૂઈની દીકરી છે.

રોઇનતન—ત્યારે તો (બગલમાં ચાંપી) એ આપણી પોતાનીજ છે. દોસ્ત માણેકશાહને હક થવાને આજે દસ વર્ષ થયાં હશે. તે વખતે મકકીને મેં બુચકલી જોઇતી, ને આજે તો (ગાલ પર આંગળી મારીને) મોહટી બૈરી થઇ છે. (હાથ સાથે હાથ મેળવે છે) બસ, હવે મનમાં કસી ઉમેદ રહી નથી. (બરજોર તથા નવાજને) તમો બન્ને માટી બૈયરને હસ્તાં રમતાં, સુખથી સંસાર ચલાવતાં જોઇ, આંખ વીચી, કે પેલી જહાનમાં આરામ ! આરામ !

નવાજ—ઓવારૂંરે તમારી પરથી ! (સ્વગત) ખરેખર, જલ્દી સધાવે તો સારૂ.

રોઇનતન—છોકરાંઓ, હમે મુસાફરીથી થાકી ગીયાં હોસો જરા ગરમ પાણીએ ન્હાવો, ને પછી નાસ્તાપર આવો. (બીજા નંબરનો ઓરડો બતાવી) જોવ, આ નંબર બે વાલો ઓરડો; તમો માટી બૈયર માટે છે, ને (માણેકની પીઠ પસવારીને) મીસ માણેક, તમારે માટે પાસેનો બીજો ઓરડો છે.

નવાજ—(કચવાઇને) કાકાજી, હું અને માણેક, આય બીજા ઓરડામાં સાથે રહિશું તો અમુને સોહવાસે

માણેક—સોહવાસે ને જીવની વેરાસે.

રોઇનતન—(નવાજને) એમ કંઇ બને દીકરી ? પણવાને ઝાજા દિવસ થયાં નથી, તેટલામાં જુવાન જોડાં વચ્ચે જુદાઇ હોય નહિ. (બરજોર, નવાજ અને માણેકનું મોહનું જોય છે) બરજોર, ઉખરાની માફક જોયચ શું ? ત્હારી બરીને અંદર લઇ જઇ ઓરડો તો બતલાવ. (બરજોર, એકલો જવા ચાહેછ રોઇનતન રોકેછ) અરે તું એકલો નહિ, ત્હારી બૈરી નાજાનેબી લેતો જા (નવાજ તથા બરજોર. એક મેકને ટીકે છે) અરે પણ શરમાવોછ સાના ? અંદર જઇ કપડાં બદલો, થાક ઉતારો; જાવો, ને નાસ્તાપર જલદી આવો.

બરજોર—(માણેકનો હાથ પકડી) માણેક, તુંબી સાથે આવ.

રોઇનતન—(માણેકને ખેંચી) માટીબૈયર વચ્ચે માણેકનું શું કામ ? (માણેકને) માણેક, તું આય નમ્બર વન ઓરડામાં જા.

માણેક—નવાજ, તું મ્હારી સાથે આવ.

નવાજ—કાકાજી ના કહેછ તે સાંભળની, પરણીને શું જુદાં પડિયે ?

માણેક—(શરમાઇને) ઓવાય મરેરે, આ શું કહેવાય ?

રોઇનતન—(માણેકને પસવારી) છોકરી, (બરજોર ને નવાજને બતલાવી) આય ધણી ધણીયાની શરમાતા નથી, ને તું શા માટે લજવાયછ ?

બરજોર— (નાચાર થઇ) આવ નવાજ, એમતો એમ. [કચવાઇને નવાજનો હાથ પકડે છે, શરમાય છે.]

રોઇનતન—અરે તું મરદ છે કે ઐારત ? બૈરી સાથે ઓરડામાં જતાં શરમાયછ ?

માણેક—બરજોર, ના શરમાવો, (માણેક, બરજોરનુ મોહનુ જોયછ, રોઇનતન ચિરડાય છે.)

રોઇનતન—બન્ને જાણે ઢીંગલી ગુડિયાંનો નાચ કરેછ (માણેકનો હાથ પકડી) આવ માણેક; તું મ્હારી સાથે આવ. બરજોર, જાવો ઓરડામાં જઇ બન્ને વિસામો લેવો. ને હું તેડું ત્યારે આવજો. (બરજોરને નવાજને નમ્બર બે વાળા ઓરડામાં મોકલી બારણું બંધ કરે છે, અપ્સોસ કરે છે.) આજ કાલના છોકરાઓ ફૂલકસુર બૈરી સાથે ખુલ્લાં ચોગાનમાં નાચ કરતાં શરમાતાં નથી, ને આય પોર્યો તો બૈરી સાથે ઓરડામાં એકલો જતાં શરમાયછ; (માણકને) જા માણેક, તું બી (નમ્બર એક વાળો ઓરડો બતાવી) નમ્બર એકવાળા ઓરડામાં જઇ કપડાં બદલી થાક ઉતાર.

માણેક—(શરમાતી ગુંચવાતી) જી હું તો જરા ફરૂંછ.

રોઇનતન— કાંય ? ઓરડામાં એકલી જતાં બીહેછ કે ?

માણેક— (ભૂલમાં) મારો વર તાંહ ને હું અહીં ? (ભૂલ થએલી જાણી સ્વગત) અરરર ! છબરડો ! ડોહરૂં !

રોઇનતન—(અજબ થઇને) ત્હારો વર ?

માણેક—(થાપ આપે છે) અરે નહિરેજી ! હું એમ કેહતી હતી, કે નવાજ સાથે તેનો વર છે, તેથી તેને સોહવાસે ને હું એકલી,-

રોઇનતન—એકલી નહિ, તુબી ડબલ થસે, તુંનેબી કોઇ લાલ મળી જશે. હત લુચ્ચી ! (ગાલપર આંગળી મારેછ) અદેખી થઇ કે? જા, અંદર જઇ આસાદ્દેશ લે, આરામ કર. (તેને નમ્બર એક વાલા ઓરડા તરફ લઈ જાય છે. માણેક, આનાકાની કરતી અંદર જાય છે, રોઇનતન બન્ને બારણાં બંધ કરે છે, પોતે થાક ચહડવાથી બેસે છે.) અરે ખુદા ! સેહેજ બોલુંછ ચાલુંછ કે થાકી જાઉંછ. (નાડ તપાસીને)

ઓ ત્હારી ! નાડ પાછી ધીમી ચાલેછ ! બંધ પડેછ કે શું ? બે ઘોટ બ્રાન્ડી પીઉં કે દિલમાં ગરમી આવે. (નોકરને તેડેછ) માકા ?

માકો—(અંદરથી) જી, આયો સાહેબ.

રોઇનતન—(પોકારીને) મ્હારે માટે જરા ચાર આંગલ જેટલો થોડો બ્રાન્ડી ચમચી પાણી નામીને લાવ. (માકો ખાલી હાથે આવે છે, રોઇનતન ચિરડાય છે) ખાલી હાથે આયો ? પેગ નહિ લાયો ?

માકો—લાઉં સાહેબ, [માકો જવા ચાહેછ, રોઇનતન તેને રોકેછ]

રોઇનતન—સાંભલ, મોહનું સમારવા ડજનએક થોડાં બાફેલાં ઇડાં લાવજે, પછી નાસ્તાની તૈયારી કરજે.

માકો વારૂં સાહેબ [માકો જાય છે.]

રોઇનતન—આજે થાક સાની ચહડીછ ? (વિચારીને) બ્રાન્ડી જરા ગરમ પાણીમાં લેઉં કે કટડીને ભૂખ લાગે ?

[રોઇનતન જાય છે, બરજોર ધીમેથી બારણું ખોલી રોઇનતનને ગયલો જોઇ, બહાર આવેછ]

બરજોર—હવે શું કરૂં ? આય તો ફાંસમાં ફસિયો ! હાથની ધરતીનો મીજાજ જશે તો કંકાસ થસે ! નવાજ સાથે એક ઓરડામાં સાથે કેમ રહી શકું ? એ તો બકરૂં કાહડતાં ઉંઠ પેસવા જેવું થયું ! હવે તો જે બને તે ખરૂં. હવે બરજોર માણેકને તું ત્હારાજ ઓરડામાં લઇ જા, નવાજ સાથે રાખ, પછી જે બને તે ખરી.

[બરજોર, નમ્બર પેહલાંનો દરવાજો ઠોકે છે, રોઇનતન, બાફેલું ઇડું ખાતો બીજા નમ્બરના દરવાજા સાથે ફાંફાં મારતો જોઇ, છુપાઇને તમાશો જોય છે, બરજોર પુકારે છે.]

બરજોર—માણેક ? (જરા થોભીને) માણેક ?

રોઇનતન—(ચોંકીને સ્વગત) ઓ ત્હારી ! આય છોકરો માણેકના બારણા પાસે શું ફાંફાં મારેછ ?

બરજોર—(દરવાજો ઠોકતાં) ડીયર માકી, (થોભીને) બારણું ઉઘાડ, એ તો હું બરજોર છેઉં.

રોઇનતન—(સ્વગત) અરે વાહ ! આય તો લયલી મજનુનો નાટક થાયછ ! એક સાથે પરણીને પરવારિયો નથી, ને બીજીપર જાલ નખાયછ !

બરજોર—(ટકોરા મારી) માકી ! (જવાબ ન મલવાથી કલમાં જોઇ) એ સુતીછ કે શું ?

રોઈનતન—(સ્વગત) ચચચચ ! તદન રદ બાતલ છોકરો છે ! એક લપડાક લગાઉં ? જરા થથરાઉં ?

[માણેક બારણું ઉઘાડી બાહેર આવે છે, રોઇનતન ચોંકે છે.

માણેક—કાંય બરજોર, બારણું કાંય ઠાકયું ? કાકાજી પત્યા કે ?.

બરજોર—આપણે અંદર જઇને વાત કરિએ, નહિ તો ત્હારી સાથે મ્હને જોશે તો વહેમાશે, ચીરડાશે.

રોઇનતન—(સ્વગત) ખાસી વાત ! આ ઢુકતો તો છોકરીને અંદર લઈ જઇ પસરાવવા માંગેછ ! ખરૂં છે કે જમાનો આયો પાપનો, ને દીકરો નહીં થાય બાપનો.

માણેક—(બરજોરને) ના બીહો હિમ્મત રાખો.

રોઇનતન—વાહ ! ઠીક બેહયાઇ ? ઠીક બેપરવાઇ ? નવાજને પાસેના ઓરડામાંથી લાવી આય તમાશો બતાઉં, કે ફરીથી એવી ધુસ ધુસ ને લવ કરતો એ અટકે, આજની નસીહત એના દિલમાં ખટકે ! [નવાજના બીજા નંબરના રૂમમાં જાય છે.]

બરજોર—ડિયર, હવે કેમ કરિયે ? દિવસ તો જેમ તેમ જશે પણ રાત કેમ પસાર થશે ? એતો આગમાંથી વનમાં ગીયાં, તો તયાં લાગી આગ, તે કેહવત ગુજરેછ ! [રોઈનતન, નવાજને બાહેર લાવે છે.]

રોઇનતન—નવાજ દીકરા, જરા તહારા વરનો ઢંગ જો, એનો રંગ જો, (બરજોરની નજર નવાજ તથા રોઈનતનપર પડે છે, તે હેબતી જાય છે, માણેક તેમને જોઇ અકરવકરમાં પડે છે.)

માણેક—ઓ ! કાકાજી ! (રોઇનતન, ચોરી પકડી હોય તેમ, ફુંકરાય છે.)

રોઇનતન—હત લુચ્ચા ! લગન કરીને પરવારયો નથી, તેટલામાં એવી ચાલ, ને બીજી પર જાલ ? શરમ છે ! લઆનત છે ! (નવાજને) છોકરી, તું જોયછ શું ? માર એક ખાસડું !

બરજોર—(ધભરાઇને) કાકાજી માફ કરો હું તો અમથી વાત કરતો તો.

નવાજ—વાત કરતાં જરા શરમાવો ! દુનિયાના ડરથી લજવાવો ! હું શું કરૂં ? મરૂં ? (રોઇનતન, નવાજપર ખફા થાય છે.)

રોઇનતન—(નવાજને) અરે તું તો કોઈ બઈરી છે કે બકરી ? કોઇ બીજી હોતે તો લટીયાંજ પીખી નાંખતે.

માણેક—(રોઇનતનને) શું કરૂં ? મ્હારૂં નસીબ ! નાચારીએ મુગે મોહને ખમવું પડેછે.

રોઇનતન— (અફસોસથી) આય છોકરી ઘણા ઠંડા મીજાજની છે; વખતસર હું આવી લાગો તેથી તું બચીછ માણેક, નહીં તો જરૂર તુને કંઇ અસ્તમપસ્તમ સમજાવતે, વાતોમાં ફસાવતે ! (માણેક શરમાઇને આંખોપર રૂમાલ દાબે છે, રોઇનિતન, તેને રડતી સમજી મનાવે છે) ના રડ, હું તને સાચવસ; સંભાળસ.

(પેટમાં ચાંપે છે, બરજોર અદેખો થઇ આગળ ધસે છે.)

બરજોર—પણ હું કંઇ મરી નથી ગીયો, કે તમે એને સાચવશો?

રોઇનતન—(તેને દૂર કરી) તેં સાચવી ! સાચવનારનું આય ડોલ ને રંગ કે ? (માણેકને) તું ના શરમા ! હું કાલે તુને ત્હારે ગામ મોકલશ.

બરજોર—(ભૂલમાં) ને હું રવડી મરૂં કે ?

[બરજોરની ભૂલને નવાજ સંભાળી લે છે]

નવાજ—પણ બાર હાથ ને બતરીસ દાંતની હું છેઉં કેની ?

માણેક—(ભૂલમાં અદેખી થઇ) પણ હું કંઇ મરી નથી ગઇની ?

બરજોર— (સ્વગત) અરરર ! આયતો બધો છબરડો થાયછ, ને મ્હારો જીવ જાયછ. [રોઇનતન, ઘોંટાળો જોઇ અકળાય છે]

રોઇનતન—અરરર ! આય બન્ને છોકરીઓ તદન ઉલ્લુ છે. (માણેકને) માણેક, તું મ્હારી સાથે આવ. (માણેકને ઘસડે છે) બરજોર, તું ત્હારી બૈરીને લઇને સધાવ.

[રોઇનતન, માણેકનો હાથ બગલમાં લઇ જવા ચાહેછ, માણેક, આગળ પાછળ જોતી, આનાકાની સાથે ઘસડાય છે, જાય છે, બરજોર અકળાય છે.]

બરજોર—હેં હેં (નવાજને) કાકાજીને ચડપણ આવ્યુંછ તે જોયું કે ? મ્હારી બૈરીને ઘસડી ગિયા ?

નવાજ—તેમાં શું લુટાયું ? કાકા બૈરીને ખેંચી ગિયા, ને તમો મને ખેંચી લાયા ! બન્ને એકનું એકજ છે.

બરજોર—જો કાલે કાકાજી માણેકને તારી ફુઇને ઘેર મોકલી દેશે તો મારો ઘોંટાળો વધી પડશે, તેથી હમણાજ બધું તરકટ કબુલ કરી, કાકાને સમઝાવી લઇએ તો ઠીક.

નવાજ—(વખાણના ચાળા કરી) વાહરે ધણીજી ! આય તહમારી ચતુરાઇ ને ચપલાઇ કે ? હજી આખો દિવસ આપણા હાથમાં છે. તેટલામાં કોઇ તદબીર સોધી કાહાડશું, હવડાં તો જરા થોભો. (બારી બાહેર નજર ફેંકતાંજ ચોંકે છે) ઓ માયરે ! બરજોર, જો, જો, એવણ અહીં આવેછ કે ?

બરજોર—કોણ ? (બરજોર બારી તરફ જઇ, જોઇને) એ તો કોઇ યંગ ઇંગલીશમેન જેવો લાગેછ પણ કાકા તો પારસી જણાયછ.

નવાજ—શું તહમે એવણને ઓળખતા નથી? એવણ રૂસ્તમ મોદીછે.

બરજોર—તહારી સાથે પરણવાનું નકકી થયું હતું તે કે? મને કંઇ એની સાથે પીછાન નથી. ને હું ધારૂંછ કે કાકાજીને પણ નહીં હશે, ત્યારે તે અહીં આવી આપણી વાતનો ભેદ ખોલે તેમ નથી જણાતું, તું એટલી ઘભરાયછ શાની ? માટીને મળવાને શરમાયછ શાની ?

નવાજ—મ્હારી સાથે એવણને પરણવાનું નક્કી થયુ હતું, તેટલામાં કોણ જાણે એવણને શું ભુત ભરાયો કે બે મહીના થયા, અમારી વચ્ચે કાગળ પત્રનો વેહેવાર વહીક નથી.

બરજોર—કદાચ કોઇએ કંઇ લડાવી મારયું હોશે. અથડાવ્યું હોશે.

નવાજ—મેં બે મહીના પર એક કાગળ લખ્યુંતું તે વાંચવા વગરજ પાછું મોકલ્યું, ત્યારથી મ્હને એવો તો કેહેર આવેછ, કે હવે હું એમના આવતાં કાગળો વાંચ્યા વગર એમના એમ પાછા મોકલુંછ. (નવાજ બારીની બહાર ઇન્તેજારીથી જોય છે.)

બરજોર— (સ્વગત) નવાજનું દિલ રૂસ્તમ પર પુરેપુરૂં લાગેલું જણાયછ, હવે એ બન્નેને એકઠાં કરવાની કોઇ તદબીર રચું, મ્હારીપર કીધેલાં હેસાનનો બદલો વાલું.

[પેદરૂ, એક હાથમાં વીઝીટીંગ કાર્ડ ને બીજા હાથમાં રૂપ્યા ખખડાવતો આવે છે]

પેદરૂ—બોડા અચ્છા પારસી ગુડ જન્ટલમેન (બરજોરને હસીને) બોરજોરજી શેઠ, આજ તુમારા મીસીસકા મુહ ફજરકો દેખા, હમકો ફાયદા હુવા, લૉટરી લગા.

બરજોર—કયા ફાયદા હુવા ? કયા લૉટરી લગા ?

પેદરૂ—હમકો એક બોડા એકસલન્ટ જેન્ટલમેન મિલ ગયા. (સામે બતાવે છે.) વ્હો દેખો, વ્હો જન્ટલમેનને એક રૂપ્યા દેકર

અમકો એ વીઝીટીંગ કાર્ડ દીયા, ઔર બોલા કે તુમારા ડાકટરકો બોલકર મેડ હાઉસ દેખનેકી રજા લાવ. મેડ હાઉસ દિખાકર દુસરા રૂપ્યા બોખશીશ લેજાવ.

નવાજ—(બરજોરને) થઇ ચુકું! હવે કેમ કરૂં? તેવણ અહીંજ આવશે, હવે કાંહા જાઉં?

બરજોર—ઘબરાના, આય કંઇ મેડહાઉસ નથી. તે વાર્ડ તો એલાહેદો છે. (વિચારીને, પેદરૂને) સીનોર, વ્હો જન્ટલમેનકો મયઁ જરા બેહેકાને બનાને ચાહતા હું. ઉસમે તુમ્હારી મદદ ચાહિયે તુમ દે સકોગે?

પેદરૂ—અચ્છા, બોલો, ક્યા હય?

બરજોર—મયઁ જો તુમકો પ્રાઇવેટ બાત કહું વ્હો કિસિસે નહિ કહેના. ચુપ રહેના.

પેદરૂ—અરી હાં! બોલો વ્હો કયા હય?

બરજોર—(નવાજને બતાવી) એ મીસ નવાજ મેરી જોરૂ નહીં હય, (માણેકવાલો ઓરડો બતાવીને) મગર વ્હો માણેકબાઇ મેરી વાઇફ હય.

પેદરૂ—(અચરતીથી કુદીને) અરે તીચે! નવાજબાઇ તુમારા મિસીસ નહીં?

બરજોર—નહીં. સુનો બાત અયસી હય, કે મયઁ નવાજ કે સાથ શાદી નહિ કરૂં, તો ડોકટર સાહેબ મિલકત કે વારસેમેંસે મુઝે દૂર ઔર રદ કરેગા. ઇસ લિયે ડાકટરકો બહેકાનેકે લિયે જુઠમુઠ (નવાજને બતાવી) વ્હે નવાજબાઇકો જોરૂ બનાયા હય, ઢોંગ મચાયા હય. નવાજબાઇકા લવ તો, (બારીની બાહેર ઇશારો બતાવી) ઉસ જન્ટલમેનપર હય, ઇસ લિયે ઇન દોનોકા મિલાપ કરાદેનેકા મેરા ઇરાદા હય! અબ તુમ ઇતના કામ કરો, કે ઉસકો યહાં લાકે, મુઝસે ઇન્ટ્રોડયૂસ કરતે વકત મુઝેહી ઇસ મેડહાઉસકા માલિક બનાના, ડાકટર જતાના, એકકા દો રૂપ્યા ઇન્આમ પાવ, મજે ઉડાવ.

પેદરૂ—સમઝા. મેડ હાઉસકા ડોકટર રોઇનતન તુમ બનેગા, ઔર ઘરકે સબ આદમીયોંકો મેડ મેન બનાયગા.

બરજોર—હાં તુમ સમઝ ગયે? અબ જલ્દ જાવ, કામ બજાવ, ઇન્આમ પાવ.

પેદરૂ—કામ ઝટ કરતા હું, શફા ચટ કરતા હું

[પેદરૂ જાય છે, નવાજ ગભરાય છે.]

નવાજ—ઓ માયરે બરજોર! તું શું મને મેડ માણસના જેવા ઢોંગ કરવા કહેછે કે? ઘેલી ગાંડીના જેવા ઢોંગ કરતાં ખરેખરી ઘેલી થવશ તો?

[રોઇનતન માણેક સાથે આવે છે અને બરજોર તથા નવાજને વાત કરતાં જોઈ છુપાઇને સાંભળે છે, માણેક અકળાય છે, બરજોર દિલાસો દે છે.]

બરજોર—જો તું એમ નાહિમ્મત થશે તો પછી બધી ગોઠવણ રદ થશે. જેની ઉપર ત્હારી મોહબ્બત છે, ને તું ફીદા છે, તેને ત્હારા પગ પાસે નાક ઘસતો લાવવાની હું કોશેસ કરૂંછ ને તું એમ નાહિમ્મત થાયછ? [નવાજ અંદેશામાં પડે છે, બરજોર તેને ટીકતો ઉભો રહે છે]

રોઇનતન—(માણેકને અલગ) એની બૈરીનો પ્યાર બીજા પર છે, ને તે આય છોકરી ખુલ્લું જાહેર કરેછ, તે છતાં એ બાયલો તેને મદદ કરવા કહેછ? અરર! એ તો 'જેને જોઇએ સીંગડાંને પુંછ, તેને આપીછ દાહઢીને મુછ!' [માણેક, છબરડો થતો જોઈ અકર વકરમાં પડેછ.]

માણેક—મામાજી, એમાં હું શું કરૂં? અહીંથી ચાલો, કે દેખુંબી નહિ, ને દાઝુબી નહિં.

નવાજ—(બરજોરને વિચારીને) બરજોર, ત્હારી કાલજી દિલસોજી માટે તાહરો આભાર માનુંછ. જવાદે, એ વાત તકદીર પર રહેવા દે. નાચારીએ જો એ મ્હને નહિ મળશે, તો બીજો મન માનતો શોધી લેવશ, બીજાને દિલ દેવશ.

રોઇનતન—(માણેકને અલગ) છોકરીબી આય નફટના જેવીજ બે શરમ જણાયછ! એક નહિ તો બીજો સોધવા તેયાર થઇછ!

માણેક—ત્હમે ત્હમારા જીવને નાહક ના કુહરાવો, કરશે તે ભરશે.

[બરજોરની નજર રોઇનતન પર પડે છે, ચોંકે છે]

બરજોર—(નવાજને) ઢાંખરાજી અહીં છુપાયાછ હં?

[નવાજ, જોઇને ચોંકે છે.]

નવાજ—ઓ માયરે! (ઘભરાઈને) હવે તો જરૂર ઘેલી થવશ.

[માણેક અદેખાઇથી નવાજને ખેંચે છે, નવાજ ઘભરાય છે.]

માણેક—શરમ નથી આવતી ? હું પાસે છેઉં ને ઘરાં પરાં ?

રોઈનતન—(માણેકને ખેંચીને) માણેક તું આવ, એ બેઉના ભેજાં ઘસી ગિયાંછ, કાતરયાં ખસી ગિયાંછ. તું (રૂમ બતાવી) આય રૂમમાં જઇને બેસ હું આઉંછ, તુને સમજાઉંછ.

નવાજ—(કંટાળીને) મરેરે મુવો ઘોંટાલો !

[રોઇનતન માણેકને બગલમાં લઈ જાય છે, તે અકરવકર કરતી રવાના થાય છે. નવાજને બરજોર નાચાર થાય છે]

બરજોર—(નવાજને) એ તો મ્હારૂં કીધું મનેજ ભોગવવું પડે છે. (બન્ને જાએ છે.)

અંક પહેલો—પ્રવેશ ચોથો.

કૉટેજ બાહેરનો દેખાવ.

[બારણા આગલ સ્ટુલ છે. આલાં પોલકાની ઘડી કરતી જણાય છે, વખત ગાળવા ગાય છે]

ગાયન ૩ જું.

આલાં--વિના દિલ શાંત, મન ઘભરાએ, ખુદા દે નિરાંત,
જીવન મારૂંરે તારે હાથ- વિના.
ઉમેદ જીગરની તું પર મુજની! દાતા તું મ્હારો,
મુજ જંજાલ, તું કર નિહાલ, હમને સંભાલ,
તું કર કરૂણા દાતા.— જીવન મારૂંરે.—વીનાં.

[સુનાબાઇ કોરનું બંડલ વાળતાં આવે છે.]

સુનાબાઈ—વેક દીકરી આલાં, કોર તો પુરી થઇ હવે તેં પોલકો તઇયાર કીધોછ તે જલદી જઇને આપી આવ ને રૂપ્યા લાવ કે ખરચવા કામ લાગે.

આલાં—માયજી, ટાંકા ભરતાં ભરતાં મ્હારાં આંગલાં અકડી ગીઆંછ, (કટકા ફોડે છે) શુકરાના કે આખી રાત સીવીને પોલકો પુરો કીધો.

સુનાબાઇ—સારૂં કીધું દીકરી, નહીતો પોલકો ને કોર માથે પડતે તો તે કહાં જઇને વેચતે ? ને પઇસા કાંહાંથી ભરતે ?

આલાં—હા માયજી, બાઇમાય માસ્તર એટલાં પંકચ્યુઅલ છે, કે ઠેરવેલા વખત કરતાં લગાર મોડું થાય તો તામોશ નથી કરી શકતાં.

સુનાબાઈ—જા માય, જલદી સધાવ, વર્ક કલાસમાં આપી આવ, કે આજે પાછલા પોહોર સુધીમાં તેવણ પોતાના ઘરાકને ત્યાં પોલકા પોહોંચતો કરે.

[પોસ્ટવાળો, પરબીડું વાંચતો આવે છે.]

પોસ્ટમેન—બાઇ આલીબાઇ જમશેદજી.

આલાં—લાવ બા. (સિપાઇ કાગજ આપીને જાય છે, આલાં સરનામું વાંચીને) માયજી, આય કાગલ બાઇમાય માસ્તર તરફથી આયુંછ.

સુનાબાઇ—શું લખેછ દીકરી?

આલાં—(ઉખેડતાં) હું વાંચુંછ. (વાંચેછ)

મીસ આલાં,

તમો માય દીકરીને એક પોલકો સીવવા આપવાને આજે દશ દાહડા થયા, અને કોર ભરવા માટે પંદર દહાડાની મુદત આપી હતી, પણ બન્નેમાંથી આજ સુધીમાં એકબી ચીજ મળી નથી. આજે બહાદુર ખાનના મેહેરબાઇને (બહાદુરખાનનું નામ સાંભળી સુના ચોંકે છે) એ બન્ને ચીજ પોંહચાડવાનું મેં પ્રોમીસ આપ્યું છે, માટે તાકીદે તમો પોતે જઈ તેવણને એ ચીજો પોંહચાડી આવજો. તેમના બંગલાનું એડ્રેસ નીચે મુજબ છે.

રતનશાહ બહાદુરખાન.

મલબાર પૉઇન્ટ.

[સુનામાય ઉપલું નામ ઠેકાણું વાંચી ચોંકે છે.]

સુનાબાઇ—(સ્વગત) રતનશાહ બહાદુરખાન મુંબઇમાં?

આલાં—(શંકાશિલ થઇને) શું છે માયજી? ચોંકયાં કાંય? એવણને તમે ઓળખોછો કે?

સુનાબાઇ—(અનમન્યા દિલે) દીકરી, તું એ રતનશાહને બંગલે નહિ જાય તો ઠીક થાય.

આલાં—કાંય માયજી? બાઇમાય માસ્તરના લખવા મુજબ જો પોલકો ને કોર બપોર સુધીમાં નહિ પોંહચાડવામાં આવે તો બન્ને ચીજ માથે પડશે ને આપણા ગરીબ ઘરમાં નુકસાન થશે.

સુનાબાઇ—(વિચાર કરીને) હા માય. જજે, પણ તે મને આપણી કશી ઓળખાન નહિ આપવાની સંભાળ રાખજે.

આલાં—(સુનાબાઇનાં ગળાંમાં હાથો ઓળવી) માયજી, તમે મ્હારાથી ઘણું છુપાવોછ મ્હને જણાવો, શું તહમે એ રતનશાહ બહાદુરખાનને ઓળખોછ ?

સુનાબાઇ—હા દીકરી. જયારે તું ન્હાની વયની હતી, તે વખતે એવણ સાથે મ્હને સેહેજ ઓળખાણ પડીતી પણ તે ઓળખાણને આજે આસરે પંદર વર્ષ વહી ગયાંછ.

આલાં—એ મ્હોટાં લોક હવે આપણને શા માટે ઓળખે ?

સુનાબાઇ—વાજબી છે. પણ દીકરી તું જલ્દી સધાવ, સાહુચેત રેહજે ને જલ્દી પાછી આવ. નહિતો હું ફિકર કરીશ, ચિન્તામાં રહીશ.

આલાં—ફિકર શાની ? તાલેવંતના બંગલામાં જવામાં બીહીક શાની ?

સુનાબાઇ—સધાવ દીકરી, વેહલી આવજે, વધાઇના સમાચાર લાવજે, [સુનાબાઇ આલાંને ગળે લગાડે છે, આલાંને શક પડવાથી માતાને પુછે છે]

આલાં—માયજી, મ્હને ખુલાસો કરો, મ્હારો વેહેમ દુર કરો. તમે બહાદુરખાનના નામથી ચોંકયાં કાંય ?

સુનાબાઇ—(દિલગીર દિલે) શું કહું દીકરી ? હું કરમ ફુટી બચપણથીજ દુખી છેઉં. તુને પ્રસંગ પડતાં સઘળું જણાવશ, હમણા તો બજારમાં જાઉંછ, કંઇ સોદો લાઉંછ, સધાવી આવ.

[સુનાબાઈ જાય છે, આલાં વિચાર કરે છે.]

આલાં—જયારેબી હું માયજીને બાવા માટે પુછુંછ, યા કંઇ આગલી વાત જાણવા માગુંછ, તયારે એવણ એમજ ઉડાવયા કરેછ, કંઇ સમજ પડતી નથી. (વિચાર કરીને) પણ તેને માટે તું અધીરી કાંય થાયછ ? તું તહારી કેટલીક કઢંગી વાતો માવતરથી છુપાવી શું દુખી નથી થતી? (થોભીને) હા ! આય જીગરપર ખીલતી જુવાનીના બહારમાં દુખના અંગાર વરસી ચુકાંછ, ખુદા જાણે અદી હવે દનપર દન એટલો બેદિલ કાંય થાયછ ? રખેને છુપા કીધેલાં લગન, બેવફાઇની બદગોઇમાં બદલાઇ જાય ?

ગાયન ૪ થું.

કહાં વફાઇ કહાં ભલાઈ જગે જહાં કયાં સમાઈ?
ઉમેદો મારી દરેક ગુમાઇ, ધૂલ થઇ ધૂલ થઇ જાય.—કહાં
કર કર કર, આશ તું મ્હારી, દાતા ઓ જગધારી,
ચરણે તહારા, આશ મ્હારી,
હર પલ ઈશ તુજ ધ્યાનરે,
મુજપર, દુખ બહુ, આજ કાલ, રાત દિન શાંન્ત કર—કહાં

[મીનોચેહેર આલાંને ઠગી પોતાનું નામ પ્રથમથીજ બદલી, અદીના નામથી પારસી પોશાકમાં આવી આલાંને ભેટે છે.]

મીનોચેહેર—ડીયર આલાં, તું કાહાં જવા તઈયાર થઇછ?

આલાં—સીવવાનું કામ પુરૂં થવાથી તે સ્વાધીન કરવા જતીતી પણ અદી, કેટલે દહાડે તમે મોહોનું બતાવ્યું? મ્હારાથી તમે એમ દુરના દૂર કાંય રેહવોછ? તમારૂં દીદાર જોવાની મોજ મને કાંય નથી આપતાં?

[પ્યારથી પોતાનું સર મીનોનાં પાસામાં મુકે છે.]

મીનોચેહેર—ડિયર આલાં, શું કેહું? બે અઠવાડિયાં થયાં હું ઘણાજ કામમાં રોકાયલો હતો. સાંભળ ડિયર, હું મ્હારા દોસ્ત ખુશરો સાથે ગયાં અઠવાડિયાંમાં ધારાપોરી તરફ શેકારે ગીયોતો, તયાંથી એક એવું અજાયબ જેવું પક્ષી પકડી લાયોછ, કે તેને ઘરમાં ઠરીઠામ કરતાં, માય બાવાને સમજાવતાં દિવસો વહી ગિયા.

આલાં—(અચરત થઇ) મરેરે! એવુ તે શું પક્ષી લાયાછ?

મીનોચેહેર—પક્ષી નથી. કોઈ ખૂબસૂરત નાજનીન છે.

આલાં—(ચોંકીને) ઓ માયરે! કોઇની ભુલી પડેલી છોકરી તો નથી ઉઠાવી લાયા?

મીનોચેહેર—તે એક ત્હારા જેવી સોહામણી ને હમજાત છે. કોઇ બદમાશે આ બિચારીને એક ગુફામાં કેદ રાખીતી, તાંહાંથી અમે તેની રાજી ખુશીથી સાથે લાયાછ.

આલાં-કોઈ પારકી છોકરીને લાવેલી જોઈ બાવા ગુસ્સે થયા હોશેની?

મીનોચેહેર—બિલકુલ નહિ, બલકે માય બાવાને છોકરી જોતાં કંઇ એવી ગમી કે તેવણુતો હવે એ છોકરીનાં માય બાપની શોધ કરવાને બદલે તેણીને ઘરમાંજ રાખવા માગેછ.

આલાં—બિચારી કોણુની છોકરી હોશે? પણુ હવે મ્હારો કયારે છુટકો કરોછ? મ્હને શું જવાબ આપોછ?

મીનોચેહેર—ડિયર, આજે ફુરસદ નથી. આજે હમારે ત્યાં મેલાવડો છે, તેમાં મ્હને વખતસર જવું જોઇએ. બીજી વખતે મળીશ ત્યારે ખુલાસાથી વાત કરશ.

આલાં—હવડાં આયા ને ઉતાવળા પાછા જાવોછ? વાહલા અદી, હવે ત્હમારામાં તે આગલું દિલ કે નજર રહી નથી. હવે તો ત્હમે મ્હારી સોહબત સંગતથી કંટાળી, મ્હને તરછોડી તજી મુકીછ.

મીનોચેહેર—ડિયર, નાસબર ના થા. હવે જે વખત જાયછ તેમાં આપણા છુપા સંબંધની વાત માય બાવાને કહી, મુરાદની કિસ્તી પાર ઉતારસ.

આલાં—(ધભરાટમાં) પણુ તે આગમચ હું મ્હારી નાજુક ને છુપી હાલત હવે મ્હારાં માયજીથી છુપાવી શકવાની નથી. મેં ખુદાને ઠગીયોછ, પણુ આલમ હવે મ્હારી લાજથી ઠગાવાની નથી.

મીનોચેહેર-(અચરતીથી) આલાં, ભરમમાં કેહેવાનું છોડી ખુલાસો કર.

[ગળે વળગી આલાં રડે છે.]

આલાં—અદી, મહારી બે જીવની હાલતનો ખિયાલ કરી મ્હને દગો ના દેતો, મ્હારી ઇજ્જત ના લેતો! મેં ત્હારીપર ઇતબાર રાખી છુપાં લગન કીધાં, માવતરને ઠગી, જગતને છેતરી, પણુ હવે તે મ્હારી ઠગાઇ કંઈ સદા છુપી રેહવાની નથી.

[મીનો અકળાય છે.]

મીનોચેહેર—એવી ત્હારી હાલતનો મ્હને આજ સુધી લગાર પણુ ખિયાલ આવ્યો નહતો.

આલાં—ખિયાલ નહિ આવે, કારણુ ત્હમે ત્હમારી આગલી મોહબત આગલા વચન, સઘળું ભુલી ગીયાછ.

મીનોચેહેર—ડિયર, એવા ખોટા ખિયાલોથી નાહક વેહમાઇ તહારા જીવને ના સંતાપ, ત્હારા ગાલ્લારના ગોલાબ કરમાવાથી ત્હારો ચહેરો કેવો ફીકકો દેખાયછે.

આલાં—કારણ, તેને ઉમેદનું ઠંડુ પાણી મળવાને બદલે, આંખોમાંથી ગમનું ગરમ પાણી મળવાથી તે ગુલાબ કરમાઇ ગીયાંછ.

મીનોચેહેર—આલાં, નાસબર ના થા, ધીરજ ધર; હું તુને જેમ ચાહતો હતો તેમજ ચાહુંછ. તું ભરવા સીવવાનું છોડી ત્હારી તનદરોસ્તી સુધાર, જલતા જીવને ઉગાર; પઇસાની મદદ મ્હારી પાસેથી લે, કંગાલ્હયતપણું છોડી દે. [પોકીટમાંથી પૈસા કાઢવા જાય છે, આલાં રોકે છે.]

આલાં—અદી, મેં તમુને મ્હારૂં દિલ વેચ્યુંછ, પણ હજી મ્હારો ટેક વેચ્યો નથી. જ્યાં સુધી તમે મ્હને જાહેરમાં તમારી ધણીઆણી તરીકે રજુ કરશો નહિ, ત્યાં સુધી હું તમારી એક પાઇ પણ લેવાની નથી. [જાલ ઇંગલીશ પોશાકમાં દાખલ થાય છે. અને મીનોને આલાં સાથે પ્યાર કરતો જોઇ, છુપાઇને તમાસો જોય છે, સાંભળે છે.]

મીનોચેહેર—આલાં, વળી તું ઉસ્કેરાઇ? હું કહી ચુકોછ કે હવે હું તને મ્હારી ધણીઆની તરીકે જલદી જાહેર કરસ.

આલાં—તેમ કરવુંજ પડશે, નહિ તો મ્હારી હુરમતને ખાતર હું આપઘાત કરીશ, જેથી તમારી ને મ્હારી આબરૂની ખરાબી થશે! [આલાં રડે છે, મીનો મનાવે છે.]

જાલ—(સ્વગત) વાહ! મીનોચેહેર તો ઠીક મોહબતનો પાઠ ભજવી બતાવેછ! હવે છુપી રીતે જરૂર એમનો દુંબાલો પકડી મ્હારી મતલબ સાચવસ.

મીનોચેહેર—આલાં, તું ઉસ્કેરાઇને નાહક તહારા જીવને બાળેછ. હું તુને વચન આપુંછ કે આજેજ મારા બાવાને સમજાવી આપણાં લગન જાહેર કરશ.

જાલ—(સ્વગત) તે આગમચ હું ત્હારૂં ભેજું ભમાવી તુંને ઇનસાનમાંથી હયવાન બનાવસ, મારી મતલબ કાઢશ.

આલાં—અદી, આવાં સુખનો ને વચનો તમે હમેશ સંભળાવો છો, પણ તે પાલતા નથી. ખરૂં છે કે પાપની ખાઇના ઉંડાણમાં ઉતારવા પેહેલાં, શેતાન આપણુને ભમાવે છે, ભરમાવે છે, પણ એક વાર ઉતરવા પછી ત્યાં આપણુને લાઇલાજ અને બેજાન બનાવી તજી જાય છે.

મીનોચેહેર—મીઠી આલાં, તેં સાચું કહ્યું. માનવી હવસને વશ થાયછે, ત્યારે તેને સુખ ને સંતોષ મળેછે, પણ તે સ્વપના સમાન સુખ ભોગવ્યા પછી તો તેને તેમાં ખરૂં દુઃખ માલમ પડેછે.

આલાં—[શકમંદ થઈને ઘભરાય છે.] શું ત્હમે એમ કેહવા ચાહોછો, કે મ્હારાથી હવે ત્હમે દુઃખી થયાછો?

મીનોચેહેર—(ગલે લગાડી) નહિ લવ, તુ ના બીહી. હું તુંને ચાહતો આયોછ, તેમજ ચાહવસ.

[આલાં રડે છે, અને રૂમાલથી આંખ લુછે છે.

જાલ—(સ્વગત) આહા! મ્હારી ધારણાને અચાનક ઠીક રસ્તો મળતો જણાયછે. સાહેબ તો કેથા અદીના નામથી એક ભોલી છોકરીને ફુસલાવી ચુકાછ, ને માય બાપથી છુપાતા ફરેછે. હવે મ્હારા કીનાનું એ મીનાને હથિયાર કરૂં, ને મુદ્દઇ રતનશાહ, તુને બતાઉં, કે જાલિમ જાલના જીનુનમાં કેવું કાતિલ જેહેર છે? કપટને કીનામાં કેવો કેહેર છે?

[જાલ, અજાણ થઇ, ખંખાર મારી જાહેર થાય છે, મીનો, તેને જોઇ ઘભરાય છે]

મીનોચેહેર—મીસ્ટર જાલ, તમે કયાંથી આવી લાગા?

જાલ—મીસ્ટર અદી, ના ઘભરાવો; (આંખ મારી પોતે જાણીતો હોવાનું ડોલ બતાવે છે.) ના ઓસકાવો, હું ત્હમો બન્નેની હાલત ચેતી ચુકોછ. મ્હને ત્હમારો દિલસોજ દોસ્ત, રાહબર ને ત્હમારાં ભલામાં ભલું ઇછનાર જાણજો.

મીનોચેહેર—(જાલને અલગ) તમોએ મ્હને ઓળખ્યો તેથી ચોંકયો હતો પણ મને ઓળખી, અદીનું નામ પોકારી સંભાળી લીધોછ, બચાવ્યોછ, તેથી તમારો આભારી છેઉં. ખુદા ખાતર મ્હારો ભેદ ખોલતા ના, એકબી શબ્દ બોલતા ના.

જાલ—મી૦ અદી, તમુને જેવી જોઇએ તેવી મદદ કરવા હું તૈયાર છું.

[મીનો, આલાં સાથે જાલની ઓળખ કરાવે છે.]

મીનોચેહેર—ડીયર આલાં, એવણ મીસ્ટર જાલેજર, મ્હારા દોસ્ત છે.

આલાં—(શેકહેંડ કરી) જી હું તમુને જોઈ ખુશી છેઉં.

મીનોચેહેર—ડીયર આલાં, હમે જઈયેછ, તુને નકામું ખોટી થવું પડેછ.

આલાં—સધાવો, કાલે જરૂર મલજો.

જાલ—બેન, સધાવો, હું અદીને ત્હમારી તરફ ખેંચાયલા રાખવાને મ્હારાથી બનતું કરસ.

આલાં—થેંકયુ. સાહેબજી.

[આલાં બન્નેને સેકહેંન્ડ કરે છે, પેરેસોલ તથા પોલકા કોરનું બંડલ લઇ જાય છે. જાલ મીનાની મસ્ખરી કરે છે.]

જાલ—કેમ મીનો, કંઇ ઘણાં ઉંડાં પાણીમાં ગોતું મારેછ? હું ચતુર ચકોર કેવો ઝટ સઘળું ચેતી ગીયો?

મીનોચેહેર યાર તેં કેમ જાણ્યું કે મ્હારૂં નામ બદલી મેં અદી રાખ્યુંછ?

જાલ—પોંહચેલ નજર અને ચંચલ બુદ્ધીથી એક વાર સાંભલતાંજ ચેતી ગીયો પણ દોસ્ત, જરાબી ઓસકાતો ના, જેબી મદદ જોઇસે તે હું દિલોજાનથી આપશ.

મીનોચેહેર—ત્યારે તો દોસ્ત, મ્હને સલાહ આપ. ત્હારા જેવા દિલસોજ દોસ્તની સલાહની મ્હને જરૂર છે. (આલાં ગઇ તે તરફ ઇસારો કરી) આય તોકને હું મ્હારી જુવાનીના ઉછાછલા પણામાં ગળે ઓળવી પસ્તાયોછ, કંટાળ્યોછ. જો મા બાપ જાણસે તો મ્હને સદનતર નીવારી મુકશે.

જાલ—(વિચારીને) ત્હમે લગન કહાં કીધાતાં?

મીનોચેહેર—નવસારીમાં

જાલ—(વિચારીને) ત્હમારા સાહેદી કોણ હતા? મોબેદ કેટલા હતા?

મીનોચેહેર—સાહેદી બે તથા મોબેદ બે મળી ચાર શખ્સ હતા. તે માહેલો એક સાહેદી ને એક મોબેદ મરણ પામ્યોછ ને બે હયાત છે.

જાલ—હં! (વિચારીને) ત્યારે તો કામ આસાન છે.

મીનોચેહેર—કામ મુસ્કેલ છે. કારણ, એક સાહેદી મ્હારો દોસ્ત ખુશરોછે તે હયાતછે.

જાલ—(વિચારીને) હયાત છે. મગર હિકમતપર મોહોટો આધાર છે. જ્યાંસુધી ત્હારી પાસે હું ખડો છેઉં તાહાંસુધી એ કાયદાના બંધનને

હું એવી રીતે તોડી નાખીશ કે કોઈબી અફલાતુન આપણી મરજીની આડે આવી શકશે નહીં.

મીનોચેહેર—મેહેરબાની દોસ્ત. હું એ હેસાન કદી નહિ ભુલસ

જાલ—આવ બિરાદર, આપણે મસલત કરિયે. બાજી રચિયે.

[બન્ને જાય છે.]

અંક પેહેલો—પ્રવેશ પાંચમો.

લાયબ્રેરી-હૉલ.

[ટીપાઇ પાસે ચાર જન પાના રમે છે. રતનશાહ માથાપર રૂમાલ નાખી તસ્બીર ફેરવતા ભણે છે. રમનારાઓમાંથી એક પાર્ટી પાના ચોરીને બીજી પાર્ટીને આપે છે, રતનશાહ ચોરીમાં મદદ કરે છે. બીજી તરફ એક જોડું હસી હસીને આસ્તેથી વાતો કરતું જણાય છે. એક જવાન, એક તરફ લખતો જણાય છે. મેહેરાં હાથમાં ટેનીસ બૅટ લઇ સહીઓ સાથે દાખલ થાય છે, સર્વે રમત ગમત બંધ કરે છે. મેહેરાં આવતાંજ રતનશાહને છેડે છે.]

મેહરાં—(હસ્તી હસ્તી) કેમ, ધણીજી? હજી ત્હમારૂં ભણતર પુરૂં નથી થયું કે?

નરીમાન—એવણ બીચારા ભણતાબી જાયછ, ને પાના તફરમચીમ કરતાબી જાયછ, પણ ઘણાં ધ્યાનથી ભણનારા છે.

[રતનશાહ, ફજેત થવાથી પગે પડીને ભણવાનું બંધ કરે છે.]

મેહેરાં—કેમ ભગતજી, જવાબ આપોની? ભણી રહ્યા કે? ખુદાયજીને ઠગી રહ્યા કે?

રતનશાહ—(મિજાજ ખોઇને) બસ મેહેરાં, છેક ઠીકી ઠાઠા ઠીક નથી લાગતા, જાવો, ખાણું તૈયાર કરાવો.

મેહેરાં—ત્હમેજ જાવો, ત્હમેજ તૈયાર કરાવો. હુ થાકી ગઈછ, રમતાં દોડતાં હાંપી ગઇછ.

રતનશાહ—મ્હને હુકમ કરીને તું શું ઠીઠી ઠાઠા કરિયા કરશે કે ?

મેહેરાં—મ્હારો હસવાનો વખત છે, ને ત્હમે તો બચરવાલ થઈ ડોબાં થયાં, એટલે રડવાનો વખત આયોછ, તેથી તમુને જોઇએ તો ત્હમે રડો, હું તો હસ્તી છેઉં, ને હસિયાજ કરસ.

રતનશાહ—(કચવાઇને સ્વગત) ઘરડે ઘડપણ ઉતાવલે પરણી, ધીરજથી પસતાવાની મેં ઠીક જખ મારીછ! (મેહરાંને) મેહરાં, હવે તું હદ કુદાવી જાયછ, ને ન્હાનાં મોહટાં સામે જરા શરમ રાખતી નથી! (સઘળાંઓ તરફ ઇશારો કરી) આય ઉસ્સા મુસ્સા જેવા જવાન્યાઓ સાથે બાજુમાં નાચતાં હસ્તાં જરા ડરતી નથી?

મેહેરાં—(મિજાજ ખોહીને) નાચતી હોસે હમણાં ત્હમારી કેહું તે! હું નાચનારી ને ત્હમે તબલચી કે ?

રતનશાહ—(સ્વગત) તું ગમે એટલી કુદી લે, મોહ ભાવ્યું બોલી લે, પણ યાદ રાખજે, તુને મ્હારીજ સાથે કામ લેવું છ!

નોકર—(અંદરથી પુકારેછ) ખાનું તૈયાર છે સાહેબ.

રતનશાહ—(સર્વેને) ચાલો મેહેરબાનો, ખાનું તૈયાર છે.

[મેહરાં સિવાય રતનશાહ, બાનુઓ તથા દોસ્તો સાથે જાય છે, મેહરાં, મનમાં બળાપો કરે છે]

મેહેરા—રતનશા! રતનશા!! મ્હને ઘરડે ઘડપણ મ્હારાં માય બાપ પાસેથી વેચાતી લઇ, મ્હારા જુવાન જાનને કચડી, મિજાજ કરીને વધુ કચડવા માંગોછ ? પણ તેવી હું કાચી પોચી ઔરત નથી, સમજિયાં ?

[જાલ, બહારથી આવે છે, મેહરાંને એખલી જોઇ, અદબથી ઉભો રહે છે, મેહરાં શરમાય છે]

જાલ—ઓહ્હો! બાઇજી, ત્હમે હજી ખાણાંપર નથી બીરાજ્યા ?

મેહેરાં—ને ત્હમે આખો દિવસ કયાં ભટકિયા કરોછ ? જેમી ?

જાલ—બાઇજી, ભૂલ્યાં. મ્હારૂં નામ જેમી નહિ; પણ જાલ છે.

મેહેરાં—જાલ, જેમી, જસી, જે હોય તે નામ સાથે શું કામ છે ? મ્હને કામ સાથે કામ છે.

જાલ—એમ વિચારો તો વાજબી છે.

મહેરાં—મેં તો ચોકકસ વિચારથી વિચારીને તમુને ઓલ્લાવ્યાતા, પણ મ્હને ઠગાવામાં ભૂલ્યાછ, તે હજી ત્હમે સમજ્યા નથી.

જાલ—(અચરતીથી) એટલે? બાઈજી ત્હમે શું કેહવા માગોછ, તે હું સમજી શકતો નથી.

મેહેરાં—તહમે નામ છુપાવી, વેશ ધારણ કરી જગને ઠગી શકશો પણ ઓરતની ચકોર આંખને કેમ ચોરી શકશો, જમશેદ?

જાલ—(ચોંકીને અજાયબીથી) મેહરાં, શું તું મ્હને ઓળખેછ?

મેહેરાં—જમશેદ, તું મ્હારા વરની ઘરડી આંખોને ઠગી શકયોછ, પણ અમારે ત્યાં તું નોકરીની ઉમેદવારી કરતો આયોતો, તેજ વખતે મેં તુંને ઓળખ્યો ને નોકરીપર રાખવાને રતનશાહને સમજાવ્યા.

જાલ—(મેહરાંના બેઉ હાથ પકડી) મેહરાં, મ્હારીપર મેહર કર, મ્હને ખુલ્લો ના પાડતી!

મેહેરાં—જેમી, તું વરસો થયાં કાંહ હતો? અમે તો તુંને દુશમનને ડુબી મુવેલો ધારતા હતાં.

જાલ—દુનિયાના મનથી હું મુવેલો હતો, પણ મ્હારા કીનાને માટે દુનિયાથી બાતલ થઈ જીવતો હતો.

મેહેરાં—(અચરત થઇ) કીનો! કોણ પર?

જાલ—જેને મહારાં જિગરમાં જખમ કરી, મ્હને સંસાર સુખથી બાતલ કીધોછ, તેની ઉપર.

મેહેરાં—તુને કોણે દુઃખી કીધો? તું વર્શો થયાં કહાં જઈ રહયોતો.

જાલ—તે ગઇ ગુજરી સાથે તુંને નીસબત નથી.

મેહેરાં—મ્હને ત્હારી સાથે દરાજ મુદ્દતથી નિસબત છે.

જાલ--બાઇ સાહેબ તે આગલી વાત ભુલી જાઓ. ઘણાં વર્શોપર તહારી ને મ્હારી વચ્ચે કંઈ ઉમેદ બરપા થઇ હતી, પણ કિસમતમાં સરજત જુદી હોવાથી હું બીજીનો થયોછ, તેને ચાહનાર એક બીજો શખ્સ હતો, તેણે મારા સંસાર સુખમાં આડો અંતર કીધો, જેથી હું કરાંચી તજી મુંબઇ આવતી સ્ટીમર ડુબતાં તેમાં ડુબી ગીયો હતો, દુનિયાની નજરથી ગુમ થયો હતો, પણ ખુદાની મેહરબાનીથી એક લાકડાંના તખ્તાને આધારે બચીને મહારો કીનો લેવા જીવતો રહયો છું.

મેહેરાં—(અફસોસથી હાયનો દમ ખેંચી) જેમી મહારૂં જીગર તોડી મહારાથી બેવફા થઇ, તું બીજીનો થયો, પણ તે દિવસથી સુખનો દિવસ વહી ગયો. વારૂં પછી?

જાલ—પછી વેહેમના ભુગ ફનવાઓથી મહારાં દુશમનનું હથિયાર બની, મનમોહન મોહરદાર અને એક પુત્રી બેટીને તજી બેઠો પણ હવે જે જીવુંછ, તે ઔર ઉમેદમાં, અહીં જે નોકરી કરૂંછ તે ઔર ખિયાલમાં.

[દીના આવી બનેને વાત કરતાં જોઇ અજાણી થઈ ટેબલ પાસેની ખુરસીપર બેસી નયુશપેપર વાંચતાં નજર ચોરાવી બંનેને જોય છે. જાલની નજર દીનાપર પડત્રા છતાં, જાણી જોઇને અજાણ્યો થાય છે, અંદરથી મેહરાંને બોલાવવાનો અવાજ આવે છે.]

રતનશાહ—(અંદરથી) મેહેરાં? (થોભીને) મેહરાં? લાયબ્રરીમાં હજી શું કરોછ? ઉપર આવો, બધાં ત્હમારી વાટ જોયછ,

મેહરાં—(પુકારીને) હું હમણાં આઉંછ—(જાલને) જેમી, તુને અહીં છુપાઇને રહેવું હોય તો મ્હારા હુકમને તાબે થવું પડસે, તુને ત્હારી ગમે એવી મતલબ બર લાવવી હોય તો મ્હારી મરજીને આધીન થવું પડસે! યાદ રાખજે! સંભાલજે! મ્હને જમવા બોલાવેછ, હું જરા જઇ આઉંછ.

[મેહેરા જાય છે, જાલ તેણી તરફ જોઈતે મનમાં વમાશે છે.]

જાલ—બદ ખિયાલી, મિઠાસવાલી, ભમાયલી ઔરત: હજી તેં મ્હને પિછાન્યો નથી, કે કોઇએ પણ ઓળખ્યો નથી. (મન સાથે) અય જિગર, સબર ત્હારો રહબર થઈ આઇન્દા તુને સંતોષ આપશે. બંદા જાલ, તેં જે જાલ બિછાવીછ, તેમાં અંતે ફાવશે, શિકાર દામમાં આવશે. (દીના પાસે જઇ) વેલ દીના તું અહીં ગુપચુપ બેસીને હમારી વાતો સાંભળતી હતી કે?

દીના—(ડરતી ધ્રુજતી) નહિ જાલ, હું મ્હારા ધ્યાનમાં હતી.

જાલ—મેં તુને ચેતાવ્યુંછ તેમજ વરતજે. દીના, તું જાણેછ તો ખરી કે મેં તુને બાપીકા પ્યારથી ઉધારીછ, સુધારીછ, ભણાવીછ, ગણાવીછ; જો કે તું પહાડી ગુફામાં ઉછરીછ, પળીછ, તોપણ શેહેરીઓની બરોબરી કરી શકે તેવી તુને કેળવીછ, શીખવીછ, પણ અંતે તુ નાસબર ને બેઈમાન બની ઉપકાર ભુલી, મીનોચેહેર સાથે અહીં નહાસી આવી, જેથી મ્હારો વેશ બદલી ત્હારી પાછળ શોધમાં આવવાની મ્હને ફરજ પડીછ.

દીના—(ગભરાઇને) મ્હને માફ કરો, દિલસાફ કરો, હું કિસમતને આધિન થઇ, ભાન ખોહી, મીનોચેહેર તથા ખુશરોની સોહબહત સાંધી અહીં નવી દુનિયા જોવાની લાલચે આવીછ, મ્હને મ્હારી સ્ટ્ર્જત લાવીછ.

જાલ—બેશક ત્હારી સ્ટ્ર્જત તુને અહીં વાજબી લાવીછ. જે ઉમેદને મેં મ્હારાં જિગરમાં વર્સો સુધી ઉછેરીને મ્હારી મુરાદમાં ફાવવા ચકરાયો હતો તે મ્હારી મુરાદ બર આવી છે, તુને એકાએક અહીં લાવી નાખી છે, જ્યાં તું વધુ સલામત અને સુખી છે.

દીના—(શંકાશીલ થઇ) જાલેજર, ત્હમે ભરમ ભેદમાં શું બોલોછ? હું કંઇ સમઝતી નથી. મ્હને ઠેકાણે પાડો. ના તરસાવો.

જાલ—ત્હારી સરજત તુને ઠેકાણે પાડશે. મ્હારાં હેસાનના બદલામાં મ્હને તું ફકત એક વચન આપ, કે હું ફરમાઉં તેમ તું વરતે.

દીના—મ્હને ત્હમારી ઉપર પુરતો ઈતબાર છે. મ્હારા લાયક વાજબી ફરમાન હોસે તો હું ખુદાના કસમથી બજાવસ, હુકમ ઉઠાવસ.

જાલ—લાયક નાલાયકનો અહીં સવાલ નથી, મ્હારીપર ઇતબાર હોય તો વચન આપ, નાહક વખત ના કાપ,

દીના—(વિચાર કરી,) હું તહમારીપર આંધળો વિશ્વાસ રાખી વચન આપુંછ કે જે કામમાં પાપ જેવું કંઇ નહિ હશે, તે કામ તથા હુકમ હું ખુશીથી બજાવિસ.

[દિના વચન આપે છે. જાલ, જાલ બીછાવે છે.]

જાલ—રતનશાહનો મીનોચહેર તુને હદ બાહેર ચાહેછ, તેની સાથે લગન કર, શાદીના સગન કર.

દીના—(ચોંકીને) એ શું બોલોછ ? મહારાં માય બાપની હસ્તીની નિશાન નથી, હું આય મકાનમાં તરતની ઓશિયાલી આવી વસીછ, તે ઘરધણીનાજ બેટા સાથે શાદી કરૂં ? તેની ધણીયાની થઇ તેની ને મહારી બરબાદી કરૂં ?

જાલ—હા, તેમ કરવું પડશે, તેની સાથે તુંને જોડાવું પડસે.

દીના—કારણ ?

જાલ—કારણ એ કે મહારા કેહવા મુજબ ચાલવાથી તુને ફાયદો થશે. મીનો તુંને જાનો જિગરથી ચાહેછ, એ વાતથી તું અજાણી નથી, તે આજ કાલમાં તહારા હાથની માગણી કરસે, તે સવાલ તું કબુલ કરજે.

એના માવબાપને સમજાવવાનું કામ મ્હારૂં છે, ને તે હું ફરજથી બજાવીશ.

દીના—(વિચારીને નારાજ થઇ) મ્હારૂં અંતકરણ મ્હને કહેછે, કે જે છાંપરાં તળે આસરો લઇ વસી, જેઓએ મ્હને આવી માયા મોહોબતથી રાખી, સંભાળી, તે ઘરના બેટાને ભાઇ જેવો ગણવાન બદલે ધણી ગણું ? નહિ. મ્હને એવી નાલાયક ફરજ ના પાડો.

જાલ—તેમ કરવું પડસે, તેં વચન આપ્યુંછ, કસમ લીધાછ.

દીના—એકાદ પાપ માટે કસમ લેવા એ મહા પાપ છે અને જેમાં પાપ છે, એવા કસમ પાળવામાં તેથી જિયાદા પાપ છે.

જાલ—(દીનાનું ખભું ગુસ્સાથી હીલવી) સવાબ યા પાપનો ખીયાલ મેં કીધાછ, તેથાજ આ જુમ્મો માથે લીધાછ, મ્હારા હુકમને તાબે થવુંજ પડશે, યાતો ત્હારો યા મ્હારો જાન જશે.

[જાલ, ગુસામાં જાય છે, દીના, દીગમુઢ બની ગમ ખાય છે.]

દીના—(સ્વગત) ચોગમ ઘેરાયલા વરસાદને તુફાની પવન ઝટ વિખેરી નાખે છે, પણ પવન જયારે શાંત થાય છે, તયારે ઝટ વર્સાદ વરસે છે. દુખથી ઘેરાયલી જિન્દગીમાં દીના, જયારે તું પોતાને અસુખી ગણુતી હતી, તે છતાં તે વખત તહારા જિગરને શાંતિ હતી પણ હમણા આ દરેક મળેલી રાહત પછી ખુદા જાણે શું આફત વરસવાની આગાહી થાયછ ? મન જરા શાંત થા.

ગાયન ૫ મું.

મારા દાતા તું કરતા, જગતના સદા શું દુ:ખ પામું ?
ચાહું કરૂણા, છું પાપી, દે મારી સુખ પામું.—મારા.
ગર ભુલું ખુદા તુને તો, તોડ તું મુજ હર મદાર,
ફલ્ક ને જગ જહાનપર તુજનો છે કાબુ સર અપાર.
જલ પવન આકાશમાં મોજુદ દાતા જહાનપર,
જોઉં જ્યાં ત્યાં તુંહી તુંહી જગ જીવે તુજ ખ્યાલપર.
કર કર તું કર, કદર, ફીકર, નજર, જીગર, હમપર પરવર.—મારા.

[દીના ગાયન ગાઇ વિચારમાં બેઠી છે, મીના આવીને તેણીને એકલી જોઇ બાજુથી ટીકતો વિચારમાં પડે છે.]

મીનો—(સ્વગત) જે પ્રમાણે એક વરાળ બીજી વરાળને બહાર ક્હાડે છે, તે પ્રમાણે આય દીનાના દર્શન, આલાં પરની આગલી મહોબતની યાદગારીઓને મ્હારાં અંતકરણમાંથી દૂર કરે છે. (વિચારીને) આય મ્હારી આંખોની ખામી છે, યા દીનાની બેહદ ખુબસૂરતીનું મ્હારી પર થયલી અસરનું પરિણામ છે ? શાથી હું એવો ચિતભ્રમ બન્યો હોઇશ ? (વિચારીને) એ જેવી સુંદર સૂરત છે, તેવી મ્હારી આલાંની પણ મોહીની મુરત છે. મીના, આલાંપર તહારી બેહદ મોહબત હતી, પણ તે હવે આતશ પાસે ધરેલું મીણનું પુતળું પિગળીને જેમ અસલ સ્વરૂપ તજી દે છે, તે પ્રમાણે મ્હારી મોહબત હવે પિગળવા માંડી છે. (પાસે જઇ દીનાને મનાવે છે.) વ્હાલી દીના ?

દીના—(ચોંકીને) ભઇ મીનોચેહેર !

મીનોચેહેર—મ્હને ભઇ ના કેહે, મ્હારૂં નામ લે.

દીના—શું નામ કરતાં ભાઇનો અલકાબ ઓછો છે ?

મીનોચેહેર—પ્યારી હું તહારો ભાઇ નથી, હું બીજા અલકાબની ખાઇશ રાખુંછ.

દીના—(મનમાં સમજીને) જ્યારે તમે ભાઈના નામને લાયક નથી ત્યારે તો કોઇ એલકાબને લાયક નથી.

મીનોચેહેર—તું ભુલેછ ! હું તુને ચાહુંછ, તે શું તું વિસરી જાયછ ?

દીના—હું જેમ ખુદાને ભુલી નથી, તેમ મ્હારી હુરમતને પણ નહીં ભુલીસ.

મીનોચેહેર—દીના, તહારી હુરમત ને ઇજતનો હું પાસબાન નહિ થઇ શકસ ?

દીના—ભાઈની સગાઇથી તેમ કરી શકસો.

મીનોચેહેર—દીના, શું મ્હારૂં હેસાન તું ભુલી જશે ?

દીના—નહીં, તહમે મ્હને મ્હારી એકાંત ઝુરપંજર હાલતમાંથી ત્હમારાં ભલાં માયબાપના આશ્રા તળે લાવી રાખીછ, તે અહેસાન હું કદી નહિ ભુલીશ.

મીનોચેહેર— ડિયર, મેં તેમ કરીને મ્હારી ફરજ બજાવીછ, ને તેના બદલામાં મ્હારો (હાથ આગળ ધરી) હાથ કબુલ કર, ઇનકાર ના કર.

દીના—હાથ કબુલ કરવા કરતાં હું મ્હારી અસલ હાલતમાં ગુફામાં એકાંત વસું તો બહેતર.

મીનોચેહેર—એકાંત ગુફામાં આવી મોજીલી જિન્દગી અને આવું બાદશાહી સુખ તુને કદી મળશે નહિં.

દીના—નાપાયદાર સુખને ખાતર શું હું મ્હારી અસ્મત લુટાઉં? હુરમત ગુમાઉં?

મીનોચેહેર—ત્હારી નાલાયક જીદથી તું હયરાન થશે! પશેમાન થશે!

દીના—ખુદા ચાહશે તો સઘળું આસાન થશે.

મીનોચેહેર—ત્હારી શીરીં જબાનમાં આવો તિરસ્કાર? ત્હારાં પરવાળાં જેવા હોઠોમાં તુચ્છકાર? મને એનું મધ ચાખવા દે!

[મીનો, દીના ને ચૂમવા ચાહે છે, તે બચાવ કરી હટી જાય છે.]

દીના—એ હોઠો સરજેલા છે, તે પાક પરવરની બંદગી માટે, નહિ કે હવસી જિન્દગી માટે.

મીનોચેહેર—ત્હારૂં ઉશકેરાયલું જિગર જો મ્હને માફ કરી શકતું નથી, તો મ્હારી બદનસીબી.

દીના—ખુદાઇ રાહેચાલી; નિતી રિતીથી નેક નજર રાખશો તો ખુશ નસીબી પામશો, નહિતો બદબખ્તીથી બરબાદ થશો!

[ગુસ્સામાં જવા ચાહે છે, મીનો તેણીને રોકે છે.]

ગાયન ૬ હું.

મીનોચેહેર—માન માન મારી અરજ ગરજ દિલ, સમજ અરજ દિલ,
જાન પ્રાણુ ચિત મુજ તુજમાં, રહેશે સુખમાં.
મુજવીન તુજ સુખ નહિ રહે જાણુ,
તનમાં મનમાં ચિત્તમાં ન છુપાવ.

દીના— જાવો જાવો ભમાવો બનાવો નહિ!
બુરા ખ્યાલો જીગરમાં સમાવો નહિ!

મીનોચેહેર—માન તું પ્યારી, માન તું પ્યારી, સાચી પ્રિત રીત મુજ સત માન—માન

[દીના એકદમ ગુસ્સે થઇ ચાલી જાય છે. મીનો દીઢમુઢ બની તેણી પાછળ જોતો થંભ થાય છે.]

મીનોચેહેર—ઓરત! ઓરત! ત્હારી ખુબસુરતી! ત્હારી મોહીની એવી છે કે ડાહયા માણસને તું ઘેલો બનાવેછ. આવી જાદુભરી આંખો પથ્થર જેવી છાતીના મરદોને વશ કરવા બસ છે. (આલાં, કોર અને પોલકો હાથમાં લઇ આવે છે, મીનો તેણીને જોઇ ચોંકે છે,) આલાં તું અહીં કેમ આવી? તુને કોણ લાયું?

આલાં—(અજાયબીથી) મ્હારૂં તકદીર લાયું.

મીનોચેહેર—પણ અહીં શું કામ આવીછ? હાથમાં શું લાવીછ?

[મીનોને ઘભરાતો જોઇ હાથમાંનું બંડલ મુકી, આલાં સવાલ કરે છે.]

આલાં—મ્હારા વર્ક કલાસનું સોંપેલુ કામ બાઇ મેહેરબાનુંને આપવા આવીછ. (આસપાસ જોઇ) રતનશાહ બાહાદુરખાનનો બંગલો એજ છેની?

મીનોચેહેર—હા, એજ. તું જેબી લાવી હોય તે મુકીને ઝટ રવાના થા, હું તેવણુને આપશ.

આલાં—(શંકાશીલ થઇને) ત્હમારા ઘભરાટ ઉપરથી મ્હને શક આવેછ! તમે મ્હારેથી ડરોછ કાંય? મ્હને ધિક્કારોછ કાંય?

મીનોચેહેર—(ઘભરાટમાં) ડીયર, તું હમણાં તો જા, હું ઘેરમાં આવીને સઘળો ખુલાસો કરશ.

આલાં—ને અહીં કોઇ તમુને મ્હારી સાથે વાત કરતાં જોશે તો શું તમુને હીણું લાગશે? જો તેમ હોય તો હું ત્હમારી સાથે વાત નહિ કરશ જાણી જોઇને અજાણી થવશ.

મીનોચેહેર—(કંટાળીને) આલાં, મ્હારૂં માન ડિયર! તું જા, ખોટી ના થા-હું તુને તુરત આવીને મલશ.

આલાં—(શકમાંપડી) જ્યારે ત્હમે મ્હને જવાનીજ ફરજ પાડોછ ત્યારે તો હુ શકમાં પડવાથી જવાની નથી, અહીંથી હટવાની નથી.

[મેહેરબાનું તોરમાં આવી આલાંને સવાલ કરે છે, મીનો અકળાય છે.]

મેહેરાં—છોકરી, તું કોણુને પુછેછ?

આલાં—જી મેહેરબાનુંનેજી, હું બાઇમાયના વર્ક કલાસમાંથી આવીચજી.

મેહેરાં—ખબર કરવા વગર અંદર કેમ આવી? વરંડાના સિપાહી પાસે કેમ નહિ ખબર કેહવડાવી?

આલાં—(ઘભરાટમાં મગર ટેકમાં) માફ કરો, ભૂલ થઈ, પણ નજીવી ભૂલ માટે એટલું ઇન્સલ્ટ શા માટે કરોછ!

મેહેરાં—(છણુકો કરી સ્વગત) આ લેરે! વળી મુઇ સામી તરાતર જવાબ આપેછ. (આલાંને) અંદર આવીને પારકા માટીડા સાથે ઘુસ ઘુસ કરતાં શરમાતી નથી?

આલાં—જી એવણ મ્હને ઓળખેછ તેથી હું પુછતીતી કે?

મેહેરાં—કાંહની ઓળખ? મ્હારા દીકરાને શું પુછતીતી?

આલાં—(ચેતીને તાજુબીથી) જી એવણ એવણ ત્હમારા દીકરા છે?

[આલાં શકથી મીનોને જોય છે, મીનો, વાતને ટાળે છે.]

મીનોચેહેર—હવે ત્હમે ત્હમારાં કામની વાત કરોની!

મેહેરાં—દીકરો થાય કે ડોકરો થાય, તેની તુને શું પંચાત? મુવાં કપડાં સીવવા લઇ જાય ત્યારે કેહે કે વાએદા પ્રમાણે લાવશ, પણ વાયદો પાળવાનુ જાણે નહિ! હવે પોલકો કોર લાવી તે શું કામના?

આલાં—બાઇજી, મ્હને ખબર નહિ હતી કે, પોલકા, કોર માટે ત્હમે એટલાં ઇન્તેજાર છેવ

મેહેરાં—(દમમાં) ત્હારી બાઇમાય મારતરનીને કેહેજે, કે ટાઇમ પ્રમાણે પોલકો તથા કોર મળી નહિ, તેથી એ બન્ને ચીજ અમુને નકામી છે.

આલાં—(ઘભરાઇને) બાઇજી, એ બન્ને ચીજ અમારે માથે પડશે, અમો ગરીબને નુકસાન થશે.

મીનોચેહેર—(સ્વગત) મમા નકામાં ગુસ્સે થઇ બીચારીને ના ઘભરાવો, પૈસા આપી પતાવો.

મેહેરાં—(મિજાજ ખોહી) ચુપ રેહે મીનોચેહેર! બઇરાંની વાતમાં માથું ના માર!

[મીનોનું ખરૂં નામ સાંભળી આલાં વધુ શકમાં પડે છે, મેહેરાંને પુછે છે.

આલાં—શું એવણનું નામ મીનોચેહેર છેજી?

મેહેરાં—(અજબ થઇ) શું તું મીનુને ઓળખે છે?

[મીનો ઘભરાય છે.]

મીનોચેહેર—(સ્વગત ધભરાઇને) અરરર! મમાતો છબરડો કરેછે !

આલાં—મી૦ અદી, તહમે ના ધભરાવો, મ્હને શક ઉપજેછે તેથી પુછુંછ.

મેહેરાં—(વેહમમાં પડી) મીનો, એ છોકરી તુને ઓળખતી હોય તેમ જણાયછે.

મીનોચેહેર—મ્હને ? ન ન ન નહીં રે ! મેં તો આજેજ જોઇ.

મેહેરાં—(શક કરેછે) હં ? સમજી મુઇ ભરવા સીવવાના કામને બહાને કોઇના ઘેરમાં પેસી, જુવાન છોકરાઓને ફુસલાવવા ભમાવવાનો ધંધો કરેછે કે ?

આલાં—(ઉસ્કેરાય છે.) બાઇજી, બોલો તો બે વાર વિચાર કરીને બોલો ! અમે ગરીબ છઇયે, તેથી કંઇ તવંગરોના તાણા સાંભળવા સરજાયાં નથી. (મીનો તરફ ઇશારો કરી) એવણને હું આજ સુધી અરદેશરના નામે ઓળખતી હતી, પણ એવણ તો મીનોચેહેર નામ ધરાવેછે.

મીનોચેહેર—(ભીજાજ પોહી) માયજી, તમે નકામી પંચાતી કરોછ ! (આલાંની નજર ચુકાવી સ્વગતમાં આલાં ઘેલી છે, એમ ઇશારાથી મેહેરાંને જણાવે છે) એવનને જવા દેવો, કપડાં લઇ લેવો.

મેહેરાં—(શકમાં પડેછ) તહમે બન્નેની વાતચીતથી કશી સમજ પડતી નથી (મીનોને) મીનો, ખરૂં કેહ, એ શું બીના છે ?

આલાં—(હિમ્મતથી) અદી ખરૂં કહો, તહમે ને હું કોણ છિયે !

[મીનોની સામે ઉભી રેહ છે, મેહેરાં બન્નેની વચમાં જઇ આલાંને સવાલ કરે છે.]

મેહેરાં—અદી કોણ ! એ તો મ્હારો દીકરો મીનો છે.

[આલાં, મીનોપર શક લાવે છે.]

આલાં—અદી, આખર તહમે મ્હને ઠગી ! ગરીબને ભોળવી ભમાવી.

મીનોચેહેર—(સ્વગત) હવે શું કરૂં ? ભરમ ફુટી, બાજી ધુળમાં મલેછ !

મેહેરાં—મીનો, એ ઘેલી શું બકેછ ?

આલાં—હું ઘેલી નથી ! પણ કદાચ થવશ (મીનોને) કહો અદી, શું તહમે મ્હને ઓળખતા નથી ?

મીનોચેહેર—નહીં ! હું રતનશાહ બહાદુરખાનનો બેટો, ને (મેહેરાંને બતાવી) એવણુનો સાવકો દીકરો છેઉં.

આલાં—(હિમતથી) ને હું તહમારી ધણીયાની, ને તહમે મ્હારા ધણી અરદેસર છેવો.

મેહેરાં—(અજબ થઇ) આ તું ધરાની લેતી મરેરે ! મુઇ તો ખરી ભેજાંની ગીયેલી જણાયછ !

[મીનો હા માં હા મેળવી, વાત ટાળે છે.]

મીનોચેહેર—મ્હનેબી તેમજ લાગેછ.

[આલાં મીનોની નફટાઈ જોઇ ચિરડાય છે.]

આલાં—(મીનોને) ઔરત જાતની મ્હોટી ને ખરી બદબખ્તી તેણીની લુટાયલી હુરમતમાં સમાઇ છે ! ને તે પવિત્ર હુરમત લુટી તહમે નામુકર જાવોછ, તો તેનો ઘટતો બદલો હું ખચીત લઈશ, તયારેજ શાંત થઇશ.

મેહેરાં—મીનો, રામોસીને તેડ, કે તે આય ઘેલીને બહાર કહાડે.

આલાં—(હીમ્મતથી) મ્હને કોઈબી જબરદસ્તીનો હાથ ખસાડી શકનાર નથી ! તહમારો એ હકદાર બેટો છે, તેમ મ્હારો હકદાર ધણી છે.

મેહેરાં—(આલાંને દીવાની સમજી મન સાથે) અરરરર ! બીચારીનું કાતરીયું ખરેખર ઘસી ગીયુંછ ! મ્હારા કુમારા દીકરાને ગળે પડી ધણી બનાવે છે.

આલાં—(નાચાર થઇ, મીનોને) અદી, તહમ આઈસ જેવા ઠંડા કેમ છેવો ? અરે તહમે મ્હને હંમેશ કેહતાતા, કે "હું ત્હને વફાદાર નીવડસ, તે આયજ (મોહનું બતાવી) જબાન કે ? હું તુંને નહિ ભુલીશ, એમ કહેનાર તમેજ જવાન કે !

મેહેરાં—(છંડાઈને આલાંને) છોકરી, તહારૂં ભેજું ઠેકાણે નથી, તું કોઈ ગલપડુ જણાયછ ! આબરૂદાર શખ્સો સાથે કેમ વર્તવું, તે સભ્યતાથી તું અજાણુ છે

આલાં—(નાગાર થઇ) બાઈજી, મ્હારૂ સત્યાનાશ વાળી, મ્હને ઠગનારને જયારે હું તેના ખરા આકારમાં ઠગારા તરીકે જોઉં તયારે મારૂં ભેજુ ઠેકાણે કેમ રહું ?

[મીનો પોતાનો બચાવ કરવા માટે ફરેબ કરે છે.]

મીનોચેહેર—ખરેખર, એ બિચારીના ભેજામાંજ કંઇ કસર છે.

[મીનોની બેહયાઇ લાપરવાઇથી આલાં ગુસે થાય છે.]

આલાં—ગૃહસ્થનાં સાહયામાં ફરતા મંડળીના કાળા કાગડાઓ, સચ્ચાઈની મધુર સુગંધની ખુબી શું જાણે? તેઓ તો ફકત ગંધીલાં માસનીજ દુરગંધી વખાણે! પાકીજગી તેઓની નજરથી દુર રહેછે, કે જેથી તેની હસ્તીની પણ તેમને ખબર હોતી નથી. (મેહેરાં તથા મીનો તરફ ઇશારો કરી) તેવાં તહમે બંને માય દીકરાં એકદર છેવ.

મેહેરાં—(ચીરડાઈને હાંક મારેછે,) રતનશાહ? (જવાબ ન મળવાથી) કોઈ છેવકે? અહીં જલદી આવો.

રતનશાહ—(અંદરથી) કાં વમેહેરાં?

[જાલ તથા રતનશાહ આવે છે. જાલ, આલાંને જોઇ મામલાથી ચેતીને મીનોને ઇશારતથી હિમ્મત આપે છે, પાછળથી દીના ઇન્તેજાર થઇ આવે છે.]

રતનશાહ—શું છે મેહેરાં?

[જાલ, મીનોને હિમ્મત રાખવા આસ્તેથી કહે છે.)

જાલ—બચ્ચા હિમ્મત રાખજે, પોરી ચબરાક છે.!

મીનોચેહેર—(જાલને આસ્તેથી) આપણે તેનાં ઉસ્તાદ છિયે.

મેહેરાં—આય કોઇ મેડ છોકરી, મુઈ ઘેરમાં આવીને આપણા મીનોને ગલે પડેછ, કે "તું મ્હારો ધણી છે."

જાલ—(વાત કાપવાના ઇરાદાથી) બાઈજી જવા દેવો, બિચારી મગજની ચસ્કેલી હોસે.

આલાં—મી૦ જાલ થોડાક કલાકપર તમોએ મ્હને મદદ કરવાનું વચન આપ્યું હતું, તે શું ભુલી ગીયા?

જાલ—(અજાણ થઇ મેહેરાં તથા મીનોને) જોયું? હવે મ્હને ગલે પડેછ! ખરેખર, ભેજાંના વાંધાછે. મેં તો એ બાઇને આજેજ જોઇ.

રતનશાહ—કદાચ એ બીચારીનો ધણી આપણા મીનોના ચેહેરાને મળતો હશે, તેથી ગોતું ખાયછ ને તેથીજ ભોલવાયછ.

મીનોચેહેર—બરે ગોતું ખાય, તેવી કોઇ કાચી નથી જણાતી.

જાલ—છોકરી, તુંને કંઇ મદદ જોઈતી હોય તો અમે તુંને ખુશીથી આપશું પણ ગળે પડી, કોઇ ગૃહસ્થના બેટાને ધભરાવી, દબરાવી, કંઇ પચાવી પાડવા ચાહતી હશે, તો તેમાં તહારી ભુલ છે.

આલાં—(નિરાશ થઈ) મહારાં જિગરમાં દુખોની જવાળાના ભડકા ઉઠી રહયાચ, પણ તેની વેદનાનું રૂદન હું તહમો જેવા સંગ દિલો પાસે કરૂં, એ ઘેલાપણું છે, કેમકે મહારે માટે ખરી દિલસોજ લાગણી ધરાવનાર હઇડાનું અહીં એકબી માણસ નજરે આવતું નથી.

[આલાં રડે છે, દયા આવવાથી દીના તેની પાસે જઇ તેણીને દિલાસો દે છે.]

દીના—બેહેન, ના ધભરા, ના ઉસ્કેરા, ધીરી થા, ને શું બીના છે તેનો ખુલાસો કર.

મીનોચેહેર—મીસ દીના, એને ના પુછો એ ઠગારી છે.

મેહેરાં—દીના, આવી ખાસેલી ને હલકટની સોડમાં ઉભી ના રેહે, દુર રેહે માય.

જાલ—(મીનોને અલગ) મીનો (આલાંને દેખાડી) આય ઠગારાં આંસુંઓથી તહારાં અંતકરણને નરમ ના થવા દેતો. એને આપણે દુર કરશું, નહી ડરશું.

મીનોચેહેર—(જાલને) જો ત્હારી હિમ્મત ને મદદ હશે તો કદાચ તેમ બનશે.

જાલ—(મીનાને અલગ) મ્હારી ફરજ બજાવશ, તું ચુપ રેહજે (દીનાને) મીસ દીના, તહમે અંદર જઇ પગેણાઓ પાસે બેસો, અહીંની ગડબડની વાત બહાર જવી જોઈતી નથી.

દીના—એ બીચારીને તહમે ધભરાવી નાખીછ, એને થોડો વખત આસાઇશ લેવા દેવો પછી જે જોઇએ તે કેહવો.

આલાં—(દીનાને) બેહેન, તહમારી દિલસોજી માટે આભારી છેઉં. આય તમામ સંગ દિલો વચ્ચે તમોજ એક ગોહર છેવો.

મેહેરાં—(ચિરડાઇને) રતનશાહ, ઉસ્સા જેવા ઉભા રહી તમાશો જોવોછ, ને મુઇ ગલેપડુ ઘેલીને બાહાર કાહડતા નથી!

રતનશાહ—(દયા બતાવી) બાહેર કારવાને બદલે મહને તો એ છોકરીપર દયા ઉપજેછ. (આલાં તરફ જોઇ) બીચારી કદાચ મગજની

ખીસેલી હશે, પણ તેથી હમજાત નિરાધારને એમ હરકાટવી ઠીક નથી. (આલાંને) બેહેન ત્હમે હવે ત્હમારે ઘેર જાવો તો સારૂં. (રતનશાહ આલાંને મનાવેછ, જાલ, મીનોને બેહકાવેછ.)

(આલાં તરફ જોઇ) બીચારી કદાચ મગજની ખીસેલી હસે, પણ તેથી હમજાત નિરાધારને એમ હરકાટવી ઠીક નથી (આલાંને) બેહેન, ત્હમે હવે ત્હમારે ઘેર જાવો તો સારૂં.

[રતનશાહ આલાંને મનાવેછ, જાલ, મીનોને બેહકાવે છે.]

જાલ—(મીનોને અલગ) આય બુઢ્ઢું ડોબું તરાપો ડુબાડશે. બાજી બગાડશે!

મીનો—પપા, મમા, ત્હમે બધાં અંદર આવો, એ પોતાની મેળે જશે.

જાલ—હા, ત્હમેં બધાં અંદર જાવો, હું એને સમઝાવીને બહાર મુકી આઉંછ.

આલાં—(જાલને) ત્હમે મ્હને બહાર કાઢવાની તકલીફ ના લેવો, હું પોતે જાઉંછ. આય બેવફા ધણીની ચાલ જોઇ દુનિયાથી હાથ ધોઇ બેઠીછ, હોશ ખોઇ બેઠીછ! બેવફા મરદોની ઠગારી આંખોમાં દયાનું બેહેસ્ત જણાયછ, પણ તેમના જિગરમાં દોજખનું ધામ છે, મરદોની શમા સીફ્ત સુરતપર, પતંગિયાં માફક પછાડા મારનારી બેવકુફ છોકરીઓ, કેવી રીતે ખુવાર થાયછ, તેના દાખલા મારે મહારી આજની આય હાલત પુરતી છે. દગાખોર દગલબાજોની ચાલચલણ, ગોળ દડા જેવી કેવી અસ્થીર છે? તેમના કસમ ધૂમસ માફક રાત્રે દેખાઈ દિવસે સુરજ ઉગતાં કેવા પીગળીને નાબુદ થાય છે? તે હું મરસ તાહાં સુધી યાદ રાખી, ફરી ફરી બોલીશ, ને પુરવાર કરીશ.

[આલાં ગુસ્સામાં જવા ચાહેછ, દીનાને આલાંની દુખભરી હાલતપર ઇતબાર આવવાથી તેણીને રોકી, મીનોપર શક લાવે છે.]

દીના—બેહેન થોભ (મીનોને) મીનોબેહેર. એના બોલવાપરથી સાફ જણાયછ કે આ બાઇ દીવાની નથી, શિયાની છે, ને તહમે જુઠા છેવ.

જાલ—(સર્વેની નજર ચુકાવી, દીનાને અલગ) દીના, તહમે વચે ના આવો જુઠી દયા ના ખાવો.

મેહેરાં—દીના, મુઇ ગમેપડુને જવાદે, મરવા દે, ભમતી ભટકતી એબલગામણીપર દયા શાની આયછ ?

આલાં—(આજીઝીથી) મ્હને ના તુછકારો ! ના ધિકારો ! જે તુછકારથી તહમે મુજ નિર્દોશને દીધોછ તેથી વધુ લાખ તુછકારથી ખુદા કદાચ તહમો સરવેને ધિકારશે ને શરમિંદા બનાવશે.

દીના—મ્હને આ બાઇના બોલવા પરથી સંદેહ પેદા થાય છે, કે બાઇના બોલવામાં કંઇ વજુદ છે, કંઈ ભેદ છે.

મીનોચેહેર—(ઉસ્કેરાઈને) મારૂં દિલ સાફ છે, તેથી મ્હને સંદેહ યા ભેદની કશી જરૂર નથી.

આલાં—(મીનોની દામન પકડી) મીનો, તહારાં ભીતરમાં જિગર છે કે, પથ્થર ? લગનનો પાક કોલ તોડી બેવફા થાયછ ? મ્હને ભુલી જાયછ ?

મીનોચેહેર—(મનમાં અકળાય છે) અરરર ! હવે શું કરૂં ? કહાં જઇ મરૂં ?

રતનશાહ—(મીનોને) છોકરા, એમાં કંઇ ભેદ છે, ખરેખરો ખેદ છે ! બધું કહે કોણ જુઠું ને કોણ સાચું છે ?

મીનોચેહેર—બાવાજી ખરૂં કહુંછ કે આય છોકરીના ભેજાંમાં કંઇ હરકત છે, યાતો કંઇબી તરકટ છે.

જાલ—(ચિરડાઇને) કેમ બાઈ ? હવે અહીંથી જવુંછ કે બેહુરમત થવુંછ ?

આલાં—(ઉસકેરાઇને) ઓ ખુદા ! મ્હને કવી રીતે એઓ સઘળાં તરછોડેછ ? કેવી રીતે મ્હારી ઇજ્જતની ધૂળ કરેછ ? જેવી રીતે (જાલ તથા મીનાની તરફ ઇશારો કરી) આ દગાખોર, દગલબાજે મ્હારી હુરમત લીધીછ, મ્હને બરબાદ કીધીછ, તેવીજ રીતે એને બરબાદ ને પાયમાલ—

[ગમ અને ગુસ્સાથી આલાં બેભાન થાયછે, દીના, તેણીને હાથોપર સંભાલી લે છે, સર્વે ઘભરાય છે.]

દીના—અરે કોઇ બચાવો, એને ના સતાવો ! તુટેલાં જિગરથી બીચારી મરી જશે, નાહક ખુના થશે.


જાલ—(સખત દિલથી) મોત હશે તો મરશે, તેમાં કોઇ પારકાં શું કરસે ?

દીના—(જાલપર આંખો કહાડી) બેરહમ કંઇ રહમ કર, ખુદાની શરમ કર.

[આલાંને બેહોશ થયલી જોઇ મીનો અકળાય છે, ઘભરાય છે. જાલ આંખો કાહડી દીનાને જોય છે, ને મીનોને હાથ પકડી ઇશારતથી હિમ્મત રાખવા કહેછે, રતનશા ઘભરાય છે, મહેરાં તુમાખીથી બેદરકાર જણાય છે. સર્વે સ્તબ્ધ થઇ જાય છે.]

ટેબલો.

અંક પહેલો સમાપ્ત.



જ્ઞાન ચક્ર.


આ ગ્રંથના લખનારને રૂ. ૫૧૦૦ ઇનામ તરીકે જ્ઞાન પ્રસારક મંડળી તરફથી મળેલા છે.

૪૦૦૦ પાનાનાં ૮ દફતરોમાં
૨૫,૦૦૦ હજાર વિષયો છે.
પુસ્તક ૮ નો સેટ રૂ૦ ૨૪ માં.

જરૂરના પ્રસંગે જોઇતી ખબરો મેળવવા માટે અત્યાર સુધી ગુજરાતી ભાષામાં એક પણ "રેફરંસ" પુસ્તક બાહેર પડયું નહોતું! પણ હાલમાં "જ્ઞાન ચક્ર" ના નામ તળે સાહિત્યનાં "રેફરંસ" પુસ્તકના દફતરો પ્રગટ થયાં છે. આ સાઇકલોપીડિયા "બ્રીટૅનિકા" નાં ધોરણ ઉપરજ રચવામાં આવી છે, અને તેમાં ફરક એટલોજ છે કે આ નવા ગ્રંથમાળાંમાં વધુ ખબરોનો સમાવેશ સમજ પડતી ગુજરાતી ભાષામાં ટુંક આકારમાં આપવામાં આવ્યો છે. મુખ્ય કરી સ્વદેશીય (એશિયાટિક) વિષયો કોઇ પણ બીજા ગ્રંથો કરતાં એમાં વધારે દાખલ કીધાં છે.

આ **જ્ઞાન ચક્રની** ગ્રંથમાળામાં સાહિત્ય, તવારીખ, જન્મચરિત્ર, ભૂગોળ, પેદાયશ, વેપાર, દવાદારૂ, રાજદ્વારી બાબતો, લશ્કરી વિષયો જુદા જુદા હુનરો, ધર્મ સંબંધી લખાણો કેળવણી, મ્યુઝીક, કસરત વગેરે જાણુવાજોગ ખબરોનો એટલો તો કિંમતી સંગ્રહ આ પુસ્તકોમાં સમાવવામાં આવ્યો છે કે તે વગર કોઇ પણ એક ભણેલા આસામીનું મકાન ખાલી રહેવું જોઈતું નથી જરૂરને વખતે આપણા મગજનો ગુંચવાડો ટાળવા માટે વખત સોહવવા માટે અથવા મુસાફરીમાં "જ્ઞાનચક્ર" એક મિત્ર તરીકે કામ લાગે એવો સંગ્રહ છે. અભ્યાસીઓ માટે તે એક કિંમતી ભોમિયો થઇ પડશે. મધ્યમ સ્થિતિના આસામીઓને તેઓની એક પુસ્તકખાનું રાખવાની હોંશ છતાં પાળવી શકાતુ નથી; પણ આ ગ્રંથમળા નજીવી કિંમતમાં એક પુસ્તકખાનાની દરેક ગર્જ સારી શકનાર છે. જયાં અને જયારે ચાહો ત્યારે કિંમતી ખબરો પુરૂં પાડનારૂં પુસ્તકખાનું તમો એક નાહની બેગ'માં મેલી જઇ શકો. જાણીતા સરકારી કેળવણી ખાતાંઓએ આ ગ્રંથમાળાને શાળા લાઇબ્રેરી તથા ઇનામ માટે મંજુર કરી તેની કદર પીછાની છે.

પોશાકની ફેશીન અને તેનું શાસ્ત્ર કિ. રૂ. ૧.



રચનાર—રતનજી ફરામજી શેઠના.

માનવીની જંગલી હાલતમાંથી દરજ્જે બ દરજ્જે ફેરવાતી સુધરતી ગએલી હાલત દરમિયાન માનવીએ પોતાનાં શરીરપર તરેહવાર બનાવટી રીતે છુંદણા, ચુંથણાં, રંગના લેપડા ચોપડતાં ચોપડતાં તર્હેવાર વસ્ત્રોના પેહેરવેશ પછી આજના સુધરેલા ઊચા દરજ્જાનાં પોશાકો, જુદા જુદા દેશમાં ત્યાંની ઋતુમાનને માફકસર થઇ પડવાનું અજાયબ વર્ણન, ઇતિહાસ સાથે એમાં સમાવ્યા ઉપરાંત; પોશાકનું શાસ્ત્ર યાને આપણે પહેરીએ છીએ તે પોશાકની ખુબી ખામી અને ફાયદા ગેરફાયદા એમાં વર્ણવેલા છે.

નગ્ન હાલતની રસમો.
રંગથી સાણગારવાનો ચાલ.
છુંદણાથી દોપાવવાનો ચાલ.
શરીરપર ચિત્રામણની રસમો

જુદા જુદા દેશની રસમો.
અકરમ દેશની અકરમ રસમો. હિંદની વિચિત્ર રસમો તરેહવાર પોશાકો.
શરીર શાસ્ત્ર.

ચામડાનાં પોશાકો.
રેશમના લેબાસો.
સુતરના પેહેરવેસ.
સ્ત્રી લાયકની ફેશીનો.
માથા લાયકનો પોશાક

જુદા જુદા અવ્યવના પોશાકો.
બરચાંનાં શણગાર

અંક બીજો-પ્રવેશ પહેલો.

કોટેજની બાહેરનો તથા અંદરનો દેખાવ.

[બાહેરથી આવવા જવાનો રસ્તો. ડાબી તરફ એક બાજુ ટેબલ, ટેબલપર ગ્લોબની બળતી બત્તી, સાઇફન બોટલ તથા કોલન વૉટરની શીશી છે. નજદીક એક કોચ પર આલાં બેચેન પડેલી છે. સામી તરફ રેકીંગ ચેર, નેતરની કુરસી, બારી પર કર્ટન છે, બારીના ચોકઠાં બહાર ઉઘડતાં છે. સુના આલાં પાસે બેઠી છે અને જરા જરા વારે બારી બાહેર ડોકાવી જુવે છે તથા આલાંને પસવારે છે.

સુનાં—દીકરી, મેં ડાકટરને બોલાવી મંગાવ્યાછ, તેટલાં બકબકારો ના કર ને પોઢી જા.

[આલાં, સુનાના હાથો આંખમાં દાબે છે.]

આલાં—મમા, તહમેં ના ધભરાવો હું અભાગણી દીકરી માટે તમે તમારા જીવને ના જલાવો, મ્હને મરવા દેવો.

સુના—(આલાંના હાથોને આંખમાં ચાંપી) દીકરી, મ્હારી જિન્દગીની તુંજ એક બળતી જોત છે. તુને દુખી જોવા કરતાં ભ લે મ્હારૂં મોત આવે પણ તું મ્હારા ઉવા લઇને જીવજે મરૂં.

આલાં—(ઉસ્કેરાઇને) ઓ નહિ! નહિ! હું કમનસીબ માટે એવી દુવા ના માંગો!

સુના—(ધભરાઇને) દીકરી, એમ કાંય બોલેછ મરૂં? મ્હારાં કલેજાં, તું કયે નેહેસ્ત ચોઘડિયે એ મુવા રતનશાને ઘેર ગઇ, જે તાંહાંથી હાવી દુખી હાલતમાં ઘેરમાં આવી? ધીરજ ધર દીકરી, ડાકટર હમણાં આવતા હોસે.

આલાં—(ધભરાઇને) ડાકટર આવીને શું કરશે? (કોર બદલેછ) હું મ્હારી મેળે સારી થવશ.

સુના—ત્હારી દુઆ ફળે ને ત્હારૂં દુખ દફે થઇ તુંને શાંતી મળે,)સુના બન્ને હાથ જોડી દુવા માગે છે) ઓ ખુદા! મ્હારાં નિર્દોષ

બચ્ચાંપર આ શું આફત! શું મુશીબત! પરવર, તુંજ, તુંજ એને બચાવી આય દુખી માયના જીગરને હસ્તું કરજે મરૂં.

[ખુદાને આવરણા લે છે.]

આલાં—(ઉઠી બેસે છે) માયજી મને પાણી પાવો. મ્હારી જીભ તરસે સોસાયછે.

સુના—હારે મરૂં, હું લાઉંછ (સાઇફન બોટલમાંથી સોડા નામી લાવી આપે છે.) દીકરી, ધીરેથી પીજે મરૂં.

[સોડા પીઇને લેટીને પુછે છે.]

આલાં—માયજી, મ્હને રતનશાને તાંહાંથી કોણ લાયું?

સુના—એ મુવાનાં માણસોજ તુને ગાડીમાં લઇ આયાતા. સારૂં થયું કે તેવામાં બીચારો ખુશરો આવી લાગો ને તુરત તેજ ડાકટરને તેડવા દોડી ગીયોછ.

આલાં—મમા, ડાકટરથી મ્હારૂં દુખ કદી સારૂં થવાનું નથી, મ્હને તો—

[આંખો ફેરવી, ધ્રુજતી ઢલી પડે છે, સુના ધભરાય છે.]

સુના—દીકરી, શું છે માય? (થોભીને) માય, બોલની તો? (આલાંને બેસુધ જોઇ રડે છે) દીકરી, તું ચુપ કેમ થઇછ? (આસપાસ જોઇ) કોઇ આસે પાસે મળે નહીં, હવે શું કરૂં? ઓ ખુદા! (મોહનુ હલાવી) આલાં દીકરી, જવાબ આપની?

[રડે છે, ટેબલ પરથી કોલનવોટરની શીશી લાવીને સુંધાડે છે, આલાં હોંશમાં આવે છે.]

આલાં—મમા, તહમે ના ધભરાવો, હું હોશિયાર છેઉં, માયજી મ્હારે લીધે તહમે હેબતી ના જાવો; હું સાજી થવશ, તહમારા ખાતર જીવશ (વિચાર આવતાં) ઓ નહિ હવે નહિ જીવાશે.

સુના—દીકરી, તું એમ શું બોલેછ? મ્હારા ઉવા લઇને જીવજે મરૂં, (બારીમાંથી જોઇ નાચાર થઇને સ્વગત) હજી ખુશરો ડાકટરને નહિ લાયો, હવે શું કરૂં!

[સુના, આલાં પાસે આવી બેસે છે.]

આલાં—મ્હારો જીવ ઘભરાયછ, મ્હને બેચેની થાયછ.

[સુના, કોલનવાટર સુંઘાડે છે, ખુશરો ડાક્ટર રોઈનતન સાથે વાત કરતો આવે છે.]

ખુશરો—ડોક્ટર, હાલત જોતાં બાઇ કંઇ ઉશ્કેરણીથી પટકાઇ પડેલાં જણાયછ, કોઇ ગમથી ગુંગળાયછ.

રોઈનતન—હાલત અને નાડ જોવાથી જે હોશે તે જણાશે.

[બન્ને અંદર દાખલ થાય છે, સુના ઘભરાઈને ડાકટરને ખુરસી આપે છે.]

સુના—ડાકટર, મ્હારી દીકરીને બચાવો, એ મ્હારૂં એકજ ફરજંદ છે. મ્હારી તમામ આશા એની ઉપરજ છે.

રોઇનતન—ના ઘભરાઓ, મ્હને તપાસવા દેવો, (ઘડીયાળ કહાડી નાડ તપાસી, સ્થેટસકોપ મુકી બેદરકારી બતાવે છે.) મગજપર કંઇ અસાધારણ ઉશ્કેરણીનું દબાણ થવાથી તાપ ચઢીછ, ઘભરાવા જેવું કંઇ નથી. મગજપરનો બોજ ઉતરવાથી છાતી હલકી પડશે તો હવડાં હોશીયાર થશે. એવણનું નામ શું ?

ખુશરો—આલીબાઇ.

[આલાં હોશીયાર થાય છે, ડાકટર તથા સુના આલાંને જોય છે, આલાં ડાકટરને જોઇ હિમ્મત પકડે છે.]

આલાં—ડાકટર, મ્હને કંઈ નથી, મમા અમથાં ઘભરાયછ.

રોઇનતન—શરટન્લી (રોઇનતન દિલ તપાસવા ચાહે છે, આલાં બચાવ કરે છે) મ્હને જરા એકઝામીન કરવા દેવો.

આલાં—મ્હને કંઇ નથીજી. માયજી, ડાકટરને નકામી તસ્દી ના આપો, એમને જવા દેવો.

સુના—દીકરી હુજ્જત ના કર, ડાકટર અને માયબાપ એક સમાન છે મરૂં; એવણ તુંને તપાસશે તો કંઇ ઇલાજ કરશે, તુંને રાહત મળશે.

રોઇનતન—હા બેહેન (રોઇનતન દિલ તપાસી શકમાં પડે છે.) એવણના ધણી કાંહાં છે ?

સુના—બાવા, મ્હારી દીકરી કુમારી છે.

રોઇનતન—(શક લાવી) કુમારાં છે ? હું (ઉઠીને બાજુ પર જઇ ખુશરોને) મી० ખુશરો, તમે એવણના કોઇ ખેશી થાવોછ કે ?

ખુશરો—નહિ જી, હું એવણુનો એક દિલસોજ મિત્ર છેઉં, મ્હને ખરો ખુલાસો જણાવવામાં કશી હરકત નથી.

[ડાકટરને અલગ વાત કરતાં જોઇ સુના મનમાં શક લાવે છે.]

સુના—ડાકટર, મ્હને કેહેવો, ખરૂં બોલો! મ્હારી દીકરીને કંઇ કશું થયું તો હું મરી જવશ, જીવતી નહિ રહેવશ.

[આલાં, સર્વેને અલગ વાત કરતાં જોઇ, શરમ ને બીહીકથી તાસવીસ કરે છે.]

રોઇનતન—(સુનાને) માય, ત્હમે જરાબી ના ઘભરાવો (ખુશરોને અલગ) છોકરીના માય કેહેછ, કે છોકરી કુમારી છે, ને છોકરીની હાલત તો દિલગીરી ભરી, ન કહેવાય તેવી છે.

ખુશરો—(ડાકટરને અલગ) ડાકટર સાહેબ, એ ભેદી બીના છે, જે ત્હમારાથી કે કોઇથી છુપી રેહે તેવી નથી (સુના, પાછળ આવી વાત સાંભળે છે) એવણુ એક જવાન સાથે છુપાં પરણેલાં છે, એના માયથી એ બીના છુપી છે.

રોઇનતન—(ખુશરોને અલગ) પણ હવે છુપાવવી ઠીક નથી.

સુના—(જાહેર થઇ) ડાકટર, કેહોની મરૂં, શું છે?

રોઇનતન—બાઇના મગજને કાંઇ ખલલ પોંહચીછ, એવણુ કદાચ થોડી મુદતમાં એક બચ્ચાંનાં માય થસે.

સુના—(ચોંકીને હેબત ખાઇ) એક બચ્ચાંની માય? એ શું નામોશી ભર્યું બોલોછ ડાકટર? ત્હમે ભુલોછ ડોકટર! એતો હજી પરણી નથી.

આલાં—(ઘભરાઇને ચીસ પાડી) માયજી, હું મુઇ! કમબખ્ત!

[આલાંની મતલબ પામી સુના ઉસકેરાય છે.]

સુના—આલાં, ખરૂં બોલ, શું એ વાત ખરી છે? (થોભીને) જો ખરી હોય તો તું જીવતાં જીવત મુવેલી ભલી, પણ એવી નામો-શીમાં જીવેલી ખોટી!

ખુશરો—સુના માય, ત્હમે એમ ગોધીયારૂં મચાવી એવણુને ઘભરાવી ના મારો (સુનાને) માય, ત્હમારી દીકરીની હાલત કઢંગી છે.

[આલાં રડેછ, સુના ઉસકેરાય છે.]

સુના—આલાં, હું એ, શું સાંભળુંછ! અરે તેના કરતાં, ત્હારા મરવાની ખબર સાંભળતે તો હું દુઃખી નહિ થતે!

[સુના ક્રોધમાં માથાં પર તરાપ મારેછે, રોઇનતન ધીરજ આપેછે.]

રોઇનતન—બાઇ, ધીરાં પડો, આકળાં ના થાવો, ને એવણુને ખુલાસાથી રડવા દેવો મનમાં સમાવેલું દુઃખ સહન કરવું ઘણું કઠણ છે. જ્યારે દર્દીને પોતાનું દુઃખ; રડીને ખાલી કરવાનો રસ્તો મળેછ, ત્યારે થોડી રાહત મળવા જેટલો સંતોશ મળેછ.

સુના—(માથું કુટી) ઓ ખુદા! આવ કેવી નામોશી? આલાં, તું જનમતાંજ મુઇ હતે તો આજે મ્હારૂં મ્હોનું કાળું નહિં થતે!

આલાં—મમા, મ્હને માફ કરો, મેં તમુને ઠગીયાંછ, ને ત્હમારાથી છુપા છુપ લગન કીધાંછ પણ હરામકારી કરી ખુદાને ઠગીયો નથી.

સુના—(ચોંકીને) શું તું પરણીછ? કોણ સાથે? મ્હને ઠગીને નામોશીમાં ગોતું ખાઇ મ્હનેબી દુબાડી?

ખુશરો—સુના માય, ડાકટર સાહેબનું કહ્યું માની ના ઉસકેરાવો ને ના ઉસકેરો, ત્હમારી દીકરી છુપાછુપ પરણીછ, તે હું સહુથી પેહેલાં જાણુંછ, એટલુંજ નહીં, પણ તે વખતનો હું એક સાહેદી છેઉં. ત્હમે આલાંની નેક નિતીપર સેહેજબી શક ના લાવો, એવણુ તદન કલંક વગરના પાક ને સાફ છે.

સુના—(ખુશરોને) કીયા મુવા ભૂંડાએ ફસાવી, ને કોણ સાથે છુપાછુપ પરણી?

ખુશરો—રતનશા બહાદુરખાનના બેટા મીનોચેહેર સાથે એવણુના લગન દીનની રાહ રસમ મુજબ થયલાં છે.

સુના—(ચોંકે છે) રતનશાના દીકરા સાથે પરણી? (છાતી પર તરાપ મારી) ઓ ખુદા, તું શા માટે મુઝપર રૂઠીયોછ? એજ મુજી રતનશાએ મારૂં ધાન ભાંજયું, ને તેના દીકરાએ મ્હારી દીકરીને નામોશી લગાડી!

આલાં—મમાં, મ્હને માફ કરો ગુનાહગાર કોઇ નથી, માત્ર હુંજ કમનસીબ છેઉં.

સુના—(તુચ્છકારથી) મુઈ તું માફની માંગતી ને દીકરીની થતી!

રોઇનતન—બાઇમાય, ભૂલ દરેક ઈન્સાન કરેછ ને ફરેબથી ભલા ફરેસ્તાબી ફરેછ, બનવાનું હતું તે બન્યું, હવે ધીરજથી વિચાર કરી તેનો ઉપાય કરો, ઉશકેરાઇને બચ્ચાંને હેબતાવી ના મારો.

સુના—(બાવળી બની) મ્હને કશું સુજતું નથી, હું શું કરૂં ? હું કેમ કરૂ ?

ખુરશેદ—ડાકટર, ત્હમે મુરબ્બી છેઓ, એઓને સલાહ આપો, દુખીનું દુઃખ કાપો, એઓ પર આ એક મ્હોટી આફત વર્સીછ, જે ત્હમારા જેવા નેક રાહબર સિવાયે કોઈ બીજું ટાળી શકવાનું નથી

રોઇનતન—જેમ બીમારને આરામ ખાતર દવા આપવાની ડાકટરની ફરજ છે, તેમજ દુખી તથા નાચાર દર્દીને મદદ કરી, દિલાસો આપવામાંબી ડાકટરની ફરજ છે.

સુના—(ઓવરણા લઇને) એ હું મરૂં રે ડાકટર, ત્હમારી પરથી.

આલાં—ડાકટર, મમા, મ્હારે માટે ત્હમે બુરો ખિયાલ ના લાવો, ને મ્હારી હકીકત સાંભળો. માયજી, બે વર્ષપર આપણે જયારે નોસારીમાં રેહેતાંતાં, તાંહાં મ્હને મીનોચેહેર સાથે દોસ્તી થઇ હતી. એ દોસ્તી પછી અમો છુપાંછુપ પરણ્યાં હતાં, પણ આખરે મીનોચેહેર બેવફા થયો, ને મ્હને દગી ગીયોછ.

[આલાં રડે છે, સુનાને રહેમ આવવાથી દીકરીને દીલાસો દે છે.]

સુના—દીકરી, ધીરજ ધર, ને છાતી ખાલી કર. એ મુવા રતનશાએ મ્હને બાર વર્ષ થયાં ધણીથી વિછુટી પાડી વીધવા બનાવીછ, ને હવે તેના દીકરાએ તુનેબી તેવીજ હાલતે પોંહચાડીછ.

રોઇનતન—સુનામાય, ત્હમે આગલી પાછલી વાતોથી બીમારને વધુ બીમાર કરોછ ! આફત ટાલતાં નથી, પણ વધારોછ !

સુના—આફત હવે વધુ શું આફત લાવશે ? (આસમાન તરફ નજર કરી) ચોગમ ઘેરાયલાં મુસીબતના વાદળો ! તમો અમોપર એકદમ કાંય નથી તુટી પડતાં ? રીબાવીને મારવા કરતાં કાંય અમુને એક દમ કચડી નથી નાખતાં ?

રોઇનતન—સુનાબાઇ, જેઓને કશાંપર વિશ્વાસ હોતો નથી, તે નાહકની આફતોમાં ગિરફતાર થઇ નાશ પામે છે, પણ જેઓ ખુદાપર ઇતબાર રાખી નેકી નિતીથી વરતે છે, તેઓ સુખ સાથે આરામ હાંસલ કરી, તમામ દુખમાંથી છુટકો પામે છે.

ખુશરો- સુનામાય, હું જોકે આય બાબદમાં કેટલીક રીતે તક-સીરવાર છેઉં, પણ તમારી બેટીનાં ભલાં માટે કદાચ મ્હારો જાન આપવો પડશે, તો તેબી આપી મ્હારી ફરજ બજાવશ. એ મીનાચેહેરની મકદુર નથી કે ત્હમારી બેટીને બેવફા થઇ શકે, હું તેને સંસારનું સુખ ભોગવવાની ફરજ પાડશ, નહિતો આઇન્દા તેને જાહેરમાં ખુલ્લો પાડશ.

સુના—(છેડાઇને) ખુશરો, એ ચંડાલનું પગલું મારા મકાનમાં જોઇતું નથી, એ રતનશાહના એક એક બેશીઓના ઓળા વટીક મ્હારા ઉંબર ઉપર પડવા નહિ દેવશ (ડાકટરને) ડાકટર માફ કરજો, મ્હારી સુધ ઠેકાણે નથી, હું સુધ ખોહી બાવળી બનીછ !

આલાં—માયજી, ત્હમારા જીવને ના સંતાપો, શાંત થઇ મ્હને દિલાસો આપો.

સુના—આલાં, તે નહિ માફ થાય તેવું ભુલ ભર્યું પગલું ભર્યુંછ, પણ તેના માઠાં ફળ આપણુ બન્નેને ચાખવા પડશે, હવે એ મુઇઓને ઓળો વટીક તુંને ઉભી રહેવા દેવાની નથી.

રોઇનતન—મી૦ ખુશરો, ત્હમે મહારી સાથે દવાખાનામાં આવો ને જે દવા આપું તે વખતસર પાયા કરજો, માથાંપર આઇસ બેગ ફેરવજો. દવાથી તાપ ઉતરશે, ને મનબી શાંત થશે, સાહેબજી.

સુના—આવજો મરૂં.

[ખુશરો તથા ડાકટર બહાર આવે છે.]

ખુશરો—ડાકટર, મહને ત્હારી પાસે આ બાબદસર ઘણાક ખુલાસા કરવાછ, જે હું આપને રસ્તામાં જણાવશ પણ આ બાબતમાં ત્હમારી મદદની હમને ઘણી જરૂર પડશે.

[બન્ને જવા ચાહેછ, તેવામાં આયા ચિઠી તથા બંડલ લઈ આવે છે, ખુશરોને પુછે છે.

આયા—શેઠજી, (ચીઠી આપી) આય ચીઠીમાં લખેલા ગેર કાં આયાછ ?

ખુશરો—(આયાને ઓળખી) તુને મીનાચેહેરે મોકલીછ કે ?

આયા—નેઇજી, મેને તો બાઇ સાહેબ મેહેરબાનુએ (બંડલ બતાવી) આય પોલકો કાર ને પઇસા આપવા મોકલીછ.

ખુશરો—(મકાન બતાવી) આય કોટેજમાં બાઇ રેહછ, અંદર જઇને આપી આવ, (ખુશરો ચીઠી પાછી આપે છે, આયા લઇને

મકાનમાં જાય છે.) ડાક્ટર, લગાર ઉભા રહી આય નવી ચીઠ્ઠીની અસર બાઇપર શું થાય છે, તે તપાસીએ.

રોઇનતન—મહને એમની ઘણી દયા આવેછ, હું એમનો મિત્ર થઇ એમને મદદ કરવા ઇચ્છુંછ; તેથી તમામ હીલચાલપર નજર રાખવી જરૂરની છે.

[બન્ને, બારી પાછળ ઉભા રેહે છે, આયા અંદર દાખલ થાય છે.]

આયા—(સુનાને) બાઇ, સુનાબાય તમે છે કે ?

સુના—કેમ ? કાંહાંથી આવી ?

આયા—બાઈ સાહેબ મેરબાનુને તાંથી આવીચજી, આય ચિઠી ને પેકેટ લાવીચજી.

આલાં—(ઉઠીને) માયજી જોઉં માંનાચેહેરની ચિઠી છે કે ?

સુના—લાવ જોઉં, (આયા ચીઠી નોટ તથા પેકેટ આપે છે, સુના સરનામું વાંચીને) એ તો દીકરી તહારે નામની છે.

[ફાડીને વાંચે છે.]

છોકરી,—

વર્ક કલાસના બાઇમાયને તમો લોકો મારફતે જણાવવા થકી આય ચિઠી લખીછ, તે વાંચી વાકેફ થજે. તું જે કાર ને પોલકો લાવી હતી તે બન્ને ચીજ હવે મહને કામની નથી પણ તમો કંગાલ માય દીકરીને તે માથે પડે નહિ તે થકી આય ચીઠી સાથે પકડન કરેલા રૂપ્યા મોકલીયાછ, તે બાઈમાઇને પોંહોંચાડજે, તહારૂં ભરી સીવી લાવેલું કામ પાછું મોકલ્યુંછ, તે તહમારા ઉપયોગમાં લેજે ને હવે પછી ગૃહસ્થોના ઘેરમાં ઘુસી, કોઇની ઇજતની ખરાબી કરતાં સંભાળજે.

લા૦ મેહેરબાનું રતનશા બહાદુરખાન.

[સુના વિચારતી ઉભીછ, આલાં ચિરડાયછ]

આલાં—માયજી, ઘણું ઈન્સલટીંગ કાગજ છે ?

સુના—(ચિરડાઇને) બાઇને મોહડેથીજ જવાબ કેહજે, કે ચીઠી મળી, ને (પેકેટ તથા નોટ પાછી આપી) આય પેકેટ તથા નોટ પાછી લઇજા.

આયા—બાઈએ તમોને આપવા કેયું, તે હું પાછી મ લઈ જાઉં ? બાઇ મહારાપર ગુસ્સે થશે.

આલાં—ગુસ્સે થાય તો કેહજે, કે તમો મોટાં તાલેવંત છેવો, પણ ખુદાની દરબારમાં હમો ગરીબ કરતાં વધારે વાહલાં તો નહિજ હશો ?

સુના—દીકરી, તું ઉશ્કેરાઇને ત્હારા દુખમાં વધારો ના કર, (આયાને) આયા, ત્હારાં બાઇના ને શેઠના અમે કોઇબી રીતે મોહતાજ નથી, કે તેમના આવાં તુંદઇ ભરિયાં તાના અમે ખમી જઇએ. (કાગળ ફાડી પગ તળે રોળે છે,) ત્હારાં બાઇને કેહજે, કે મ્હારૂં ને મ્હારાં એકજ ફરજંદના સંસારનું સત્યાનાસ વાળનાર ત્હારો ધણી ને ત્હારો બેટો છે. બેઉ ગ્રહસ્થના સાજ્ઞામાં આય દુનિયામાં પેદા પડેલા શયતાન છે, પણ શયતાનનું મોહનું સદા કાળું છે, રાસ્તીની બોલ બાલા છે.

[આયા જાય છે, રોઇનતન, ખુશરો પાસે સુનાની વખાણ કરે છે.]

રોઇનતન—(ખુશરોને) એનું નામ તે સ્વમાન ! એઓ દેખાવમાં તો મધ્યમ સ્થીતિના જણાયછ, પણ પોતાની ઇજ્જત ને ટેક કેમ જાળવવો, તે તાલેવંત કરતાં સારી રીતે જાણેછ.

[બન્ને જાય છે.]

અંક બીજો—પ્રવેશ બીજો.

બાગ માહેલો એક ભાગ.

[દસ્તુર દિનીયાર, જાલ, મીનોચેહેર મસલહત કરતા દાખલ થાયછે. મીનો અને જાલ ભોલા ભલા! દસ્તુરને બગલા ભગત થઇ ઠગે છે.]

મીનોચેહેર—દીનીયારજી, ત્હમે મ્હારી પર ઇતબાર રાખો, મ્હારી અને દીના વચ્ચે ઘણી મજબુત દોસ્તી બંધાઇ ચુકીછ. તે દોસ્તીને મ્હારાં માય બાવાની ના મરજી કબી તોડી શકવાની નથી, પણ ખુલ્લેપણે તેમને નાફરમાન થઇ, ઉપરવારી બની પરણવાથી ઘરમાં કંકાસ બરાપા થશે, તેથી હાલ તુરત છુપા છુપ લગન કરવાનો ઘાટ ઘડયોછ.

જાલ—દસ્તુર સાહેબ, મીનો જોકે નાદાન છે, ઉછાછલો છે, પણ ઇંચે ઇંચ સુધધો ને સાચો ગ્રહસ્થ છે. મેં જયારે એનું દિલ દિનબાનું-

પર ફીદા થયલું જોયું, ત્યારેજ છુપાછુપ ખાનગી લગન કરવાની સલાહ આપીછ. તમુને એ બાબતમાં અંદેશો કરવાની કશી જરૂર નથી.

[પાછળથી ખુશરો આવે છે, અને ત્રણેને મસલહત કરતાં જોઇ, શકમંદ બની, ઝાડને ઓથે છુપાઇને સાંભળે છે.]

દીનીયાર—ભલાં અને નેક કામમાં સારી સલાહ આપી સારે રસ્તે દોરવી લોકોનું ભલું કરવું એજ અમારી ફર્જ છે. તેથી મીનોચેહેર તમુને ચેતવવાની મ્હારી ફરજ છે, કે, ત્હમે ત્હમારી નેક મતલબ સાચવવા, છુપાછુપ લગન કરવા માગોછ, પણ આથી ત્હમારાં માય બાવા નારાજ થશે, દુવાને બદલે બદ દુવા દેશે, તેથી ત્હમારો સંસાર સુખી નિવડશે નહિ.

મીનોચેહેર—હું મહારાં બાવાને થોડા વખતમાં સમજાવી લેવશ. મેહેરાં માય મહારી ઝાઝી દરકાર કરતાં નથી, અને બાવાજી સમજશે તો હું મહારાં છુપાછુપ કીધેલાં લગન તુરત જાહેર કરશ.

જાલ—મોબેદ સાહેબ ત્હમે ત્હમારી નેક ફરજ કસાબી શક વગર બજાવો, ત્હમારી મેહેનતનું દામ તમોને પુરતું ને મન માનતું મળશે.

દીનયાર—હું જે તમો સાહેઓને મદદ કરવા ચાહુંછ, તે પઇસાને માટે નહિ, પણ ફરજ સમજીને કરશ. ધર્મગુરૂની મુખ્ય ફરજ, દુનિયા વહેવારપર નજર દોડાવી જીંદગીના ફેરફારોથી પેદા થતા સુખદુખના ચિતારોપર ખિયાલ કરી, ઇન્સાનની મુખ્ય ફરજો શું છે, તે અભણ લોકોને સમજાવી, તેમના મનપર સારો છાપ મારવાની છે, ફકત પેટ ભરવા થકી ભોલાં માનવીઓને ખોટી વાતો જણાવી, વખતની બરબાદી કરવા માટે નથી.

મીનોચેહેર—ત્હમે કેવા ભલા, ભોલા અને નેક છેવો ?

જાલ—(સ્વગત) ભોલો છે, તેથીજ ચટ ને પટ શીશામાં ઉતારયોછ ને ફંદ ફરેબની જાલ બિછાવવામા મદદગાર થઇ પડયોછ.

[ત્રણે મસલત કરે છે, ખુશરો વિચારમાં છે.]

ખુશરો—(સ્વગત) અય પાપી કરતુકીઓ! તહમે આય ભલા ને ભોલા ધરમગુરૂને ઠગવાની કેવી બાજી રચોછ? તહમારા આય ગંભીર દેખાવના ચેહેરાપરથી આય મોબેદ કેવો ભોળવાઈ ગીયોછ?

દીનીયાર—(જાલને) તયારે બપોરે હું તમને જરૂર મળી જવશ? હું બધી ગોઠવણ કરી રાખુંછ.

જાલ—હું તહમુને થોડા વખતમાં અગિયારીમાં આવી મલશ પછી કયાં ને કયારે લગન કરવાંછ, તે જણાવશ, સાહેબજી.

મીનોચેહેર—તરદી માફ કરજો, સાહેબ.

[મીનો ને જાલ નમીને સલામ કરતા અંદર જાય છે, દસ્તુર બહાર જવા ચાહે છે, ખુશરો સામેથી આવે છે.]

ખુશરો—દસ્તુરજી, આય બે નેક નામો, જે હવડાં ગયાં તેમને તહમે બરાબર ઓળખોછ? એઓ બહારથી દેખાતા ભોલા, પણ બાતેનમાં કાલાં કરતુકના કરનારા મેલા મનના, પ્રપંચની જાલ બીછાવનારા કળાબાજ, કાવતરાંખોર શયતાનો છે.

દીનીયાર—(અજાયબીથી) ખુશરો, તહમે એ શું બોલોછ?

ખુશરો—તહમુને આય મીનોચેહેર પોતાના લગન છુપાછુપ કરી આપવા કેહછ, પણ એ અતયાર આગમચનો બીજી સાથે છુપા છુપ પરણી ચુંકાછ.

દીનીયાર—એ શું બોલોછ? જો એ મહારી સાથે એવી રીતે ઠગબાજી રમતો હોશે, તો હું મહારી ફરજ મુજબ એને જાહેરમાં લાવી ફેજે પોંહચાડીશ.

ખુશરો—તેમ ના કરો. તહમે ભોલાઇમાં વસવસા સાથે તેમને મદદ કરવા તઇયાર થયાછ, પણ હવે તો દિલોજાનથી તેમને મદદ કરો, લગનની ગોઠવણ કરો.

દીનીયાર—મહારા સાહેબ એ શું બોલોછ? તેમની પાપી દગાઇ જાણ્યા પછી, પાપી ધારણામાં તેમને હું કદીબી મદદ નહીં કરૂં, હવે તો તેમને એવા ફજેત કરૂંછ, કે આવાં શયતાની કામ કરી બીજાને પાપમાં બોળે નહીં.

ખુશરો—દસ્તુરજી, તહમારી મદદની મહને ઘણી જરૂર છે, મહને મદદ કરશો? એ મીનોચેહેરની બૈરી આલાં માંદગીને બીછાને પડીછ, અને એને લગન કરવાની ફીકર પડીછ, એ બેહયાઇને કોઇ તદબીરથી ટાળશો?

દીનીયાર—હું તો એને આયજ ઘડીએ એના માય બાપના દેખતાં ખુલ્લો પાડી; ફજેત કરવા ધારૂંછ.

ખુશરો—એથી કંઈ જાલીમ મીનો ને તેના જેવાજ કસરેવજ જાલની સુધ્ધ ઠેકાણે આવવાની નથી. તેમને અચાનક એવો ધોકો આપવો જોઈએ; કે તેમના બદ કર્તુકો છેક છેલી ઘડીએ ખુલ્લાં પડે, ને તેઓ પોતાની શયતાની ચાલથી પસતાઇ, જીન્દગી સુધી પશેમાન થાય.

દીનીયાર—તે કેવી રીતે ?

ખુશરો—મ્હારી પર ઇતબાર રાખો ને મ્હને મદદ કરો, હું તમુને એવો સીધો રસ્તો બતલાવશ કે જેથી તેઓ પાપની જાલમાં એવા જકડાશે કે પોતાનાં કાળાં કર્તુકો માટે તોબા કરશે, ખુદાના કેહેરથી આઇન્દા ડરશે.

દીનીયાર—મ્હને ખુલાસાથી જણાવો તો હું ત્હમુને દરેક બનતી મદદ કરશ, બદકારોની બદી દૂર કરશ.

ખુશરો—ત્યારે તો મ્હારી સાથે બહાર પડો, આપણે આય લગનની ગોઠવણ એવી રીતે પાર ઉતારશું, કે તેમનું કીધું તેમનેજ ભારી પડશે.

[બન્ને જાય છે, બીજી તરફથી દીના ઝડપમાં કાગળ સાથે દાખલ થાય છે, સામી તરફથી જાલ આવી મળે છે.]

દીના—જાલેજર, ત્હમે મળયા તો સારૂં થયું (કાગજ બતાવી) જુઓની, આય આલાં તરફનું એક કાગજ આયુંછ.

[કાગજ દીના આપે છે.]

જાલ—(ચેતી જાય છે) જોઉં એ વળી ત્હારીપર શું ધુળ મુકવા લખેછ (સ્વગત) હં ! હવે બાજી રાહ પર આવેછ ખરી (વાંચવાના ઢોંગ કરી) દીના, તું એને જરૂર મળવા જજે ને જાણી લેજે, કે મીનાચેહેર એની સાથે ખરેખર પરણેયોછ કે બધી જુઠી અફવા છે ?

દીના—તહમે મ્હારી સાથે આવો તો બેહેતર; હું મુંબઇ તથા બેન્ડોરાના રસ્તાથી તદન અજાણી છેઉં.

જાલ—(અકર વકર કરતો) હું સાથે આવતે, પણ સાંજે મ્હને ઘણું અગતનું એપોઈન્ટમેન્ટ છે. (વિચારીને) પણ ફિકર નહિ, હું તુંને કોઈ જાણીતા માણસ સાથે મોકલવાની ગોઠવણ કરૂંછ.

દીના—ઘણી મેહેરબાની.

જાલ—તું તેની સાથે જરૂર જજે, તે તુંને એમાં લખેલા એડ્રેસ પ્રમાણે ઠેકાણે પોંહચાડશે (સ્વગત) આબાદ ફસાવશે (દીનાને) પણ

દીના, એક વાત હું ત્હારા મન પર ઠસાવવા માગુંછ, તે એ છે કે આય આલાં છોકરી કોઈ ઠગારી લાગેછ. મીનોચેહેર જેવો બહારથી સાફ ને દેખાવલો છે, તેવોજ અંતરનો પણ સાફ જણાયછ, એ આલાં સાથે પરણ્યો હોય એમ હું માનતો નથી, ને તુંબી એમજ માની તેને ચાહથી ચાહતી રેહજે.

દીના—તેની ખાતરી તો આય નહિં ધારેલા મલેલાં કાગજ પછી આજે સાંજ સુધીમાં થઇ રેહશે, હમણા તો હું જવાની તયારી કરૂંછ, પછી રાતે તમુને બનેલી સઘળી વાત જણાવશ.

જાલ—જા દીકરી સધાવ. (દીના જાય છે, જાલ મનમાં હરખાય છે) આખર ફસી! પારધીની બિછાવેલી જાલમાં જેમ ઉડતું પક્ષી કેદ થઇ તરફડિયાં મારે છે, તેમ દીના તું આય કીનાખોરના કીનાના ભોગ તરિકે તહારાજ હાથે આજ સાંજ સુધીમાં ફસશે અને રતનશા તુંને મ્હારા રોપેલા ઝેરી બીજના ફળ આજે રાતેજ ચખાડી મ્હારા કીનાનો ભોગ મેં કેવો લીધો છે, તે બતાવી તુને બાળસ ત્યારેજ (હૃદયપર હાથ મુકીને) મ્હારા જિગર, તુને કરાર થશે,રાહત મલશે. (જનુનમાં ગાય છે.)

ગાયન ૭ મું.

કરૂં તાબાહ મૂજ મુદઇ, જેણે કીધા ફના,
તુફાનથી અધીક તેજ, થઇ કરૂં ફના.—
મુજ બખ્તને કીધું સિયા, છોડું તેને નહિ,
રંગથી મુઝ શકલને બદલી કરૂં ફના.
તન મન ધન તજી કરૂં મુજ કામ,
નહિ સોચું શું થાયે અંજામ?
જાન રહે, યા થાય મુઝનું નામ.
કરૂં હું મુઝનું પુરૂં કામ,
મુદઈ મારો થાએ જો તમામ,
ત્યાં વેર ખાતું મુઝને હરામ.
તન મન અરપણ કીધું કાજ, તો શું પરવા
જાન જાય જાય જાય.—કરૂં.

[જનુનમાં જાય છે]

અંક બીજો—પ્રવેશ ત્રીજો.

બાગ.

[ઝાડની ડાંખલી પર પોપટનું પીંજરૂં ટાંગેલું છે, નવાજ, બરજોર સાથે મોહબતના ઇન્કારનું ગાયન ગાતી જણાય છે,

નવાજ— ગાયન ૮ મું.

મન મેલાં હૈયા મર્દજાત લલચાવે,
નાચાર નારી પડી કબસ ગમ ખાવે.—મન
સહે કર્મ લખેલા લેખ, તરૂણી ભવના,
કરે અસર લગારે નહિં, નીર ભરી નયના.—મન
ખરી નાર નેક જે ટેક, રખાવે, જનમાં,
રહી પાકનિતીમંદ નેક ભજે રબ મનમાં.—મન

બરજોર—ગાયનમાં જણાવેલા ઇન્કાર પ્રમાણે શું તું ઇન્કારને આધીન થઇછ?

નવાજ—હા એક વખત મ્હારૂં ઉઠેલું દિલ કદી ઠરી ઠામ થવાનુ નથી.

બરજોર—(સ્વગત) તેમ થાય તેમાં શક શું? (નવાજને) તેતો હવે પછી જોઇશું પણ મ્હારો વિચાર, રૂસ્તમને ત્હારી સામે નાક ઘસતો તોબા કરતો લાવી, પોતાનો પ્યાર જાહેર કરવાની ફરજ પાડવાનો છે. પછી તુને ગમે તો તેને બેલાશક દૂર કરજે.

નવાજ—તેમાં મ્હને કહેવું પડે તેમ નથી. ત્યારે હવે હું દીવાનપણનાં ઢોંગ શરૂ કરૂં કે?

બરજોર—ત્હારી સાડીની સોડ હેઠે નાખ, માથાબાનુ છોડી બાલ છુટા કર, ને હું ટચાકડી ફોડું, કે પેલું "પીયુના વિના સુનુ જાન ને જીરે"નુ ગાયન ગાવાનું શરૂ કરજે.

નવાજ—(લજવાઇને) મરેરે હું ઢોંગની કરતી! તે કરતાં હું સામેજ નહીં થાઉં તે સારૂં

બરજોર—હવે એક વખત ઠરાવ પ્રમાણે નક્કી કરવા પછી તહારાથી ફરાશે નહિ, યાદ રાખજે ને ટચાકડીપર ધ્યાન આપજે.

નવાજ—પણ એવણુ રૂસ્તમ મોદી છે, એવી ખાતરી કીધીછ કે? નહિતો બન્નેનો રકાસ થશે, ઇજ્જત જશે!

બરજોર—એ તેજ રૂસ્તમ છે, એમ તેના કાર્ડ પરથી નક્કી જણાયુંછ, એના જેવો કોઇ બીજો જનમયોગ નથી, એવી મ્હારી પકકી ખાતરી છે.

નવાજ—(વહાલથી) હાજતો! મ્હારા રૂસ્તમ જેવા ખુબસુરત મરદો જહાનમાં થોડાજ જનમયા હોશે.

બરજોર—ત્યારે જલ્દી કર, રંગભૂમી પર રંગ જમાવ, ના ડર.

નવાજ—(હિમ્મત અને રમુજ સાથે) આય બંદી ચાઆઆઆલી, રંગભૂમી પર રંગ જમાવી, બહેરૂપ બની, મ્હારો પાર્ટ હું કેવો ભજવુંછ, તે જોજે, અજબ થજે.

[નવાજ જાય છે, બરજોર ખુશ થાય છે.]

બરજોર—ચાઆઆઆલો હવે બચ્ચા બરજોર, મેડહાઉસના વડા ડાકટરનું કામ બજાવ, તહારો ભાગ ભજવી બતાવ.

[પેદરૂ સાથે રૂસ્તમ આવે છે, બરજોરને જોઇ ને પેદરૂસ રૂસ્તમને કહે છે]

પેદરૂ—જન્ટલમેન, (બરજોરને બતાવી) દેખો, એએએ અમારા બોડા ડોકટર ઓર એ મોકાનકા માસ્તર.

રૂસ્તમ—(બરજોરને) સાહેબ મેહેરબાન, ડાકટર સાહેબ (સ્વગત) કાકા જુવાન અને ગબરૂ દેખાયછ.

બરજોર—સાહેબજી, શેઠ (બરજોર, પેદરૂને દુર કરવા માટે તજવીજ રચેછ) પેદરૂ, તુમ જાવ, જરા ઠહેરકર આવ.

રૂસ્તમ—એ અહીં રેહે તો મ્હને હરકત નથી. એ સાહેબની તારીફ શું છે?

બરજોર—પેદરૂ, કારભારી, કમ્પાઉન્ડર, વૉર્ડ બોય, કલાર્ક ઇત્યાદી ઇત્યાદી તમામ કામ એખલે હાથે બજાવે છે, ખરો ઇમાનદાર છે. ને યાદદાસ્તમાં એકકો છે.

પેદરૂ—(બરજોરને કાનમાં) દસ રૂપયકા ઇન્આમ દો, બોચન પુરા કરો.

[રૂસ્તમની નજર બચાવી, બરજોર, પેદરૂને ગજવામાંથી નોટ કાહડી આપે છે.]

બરજોર—લો ચ્હે નોટ, ઔર યહાંસે સટક જાવ, ફિર મત આવ (પેદરૂ જાય છે) મી૦ રૂસ્તમજી, તહમારી મુલાકાતનું માન મળયું; તે માટે દેવાનાઓ તરફથી તહમારો આભાર માનવો જોઇએ. કેમકે આજ કાલ આવી હોસ્પીટલની ઘણી અગત છે. તહમારી મુલાકાત તેમને ઉત્તેજન આપનારી છે, અને આથી તહમારૂં દયાળુ જિગર અને સ્વદેશ ભક્તિ પણ જાહેર થાયછે. (સ્વગત) ૯૯ ટકા બાદ.

રૂસ્તમ—તહમે ઘણું વાજબી બોલ્યા. હાલમાં તમામ દેશમાં "સ્વદેશીઝમ ને બોયકોટ"નો જોશ એકદમ ઉભરી નિકલવાથી બડબડ કરનારા ભાપણુ કરતાઓના વહાણુ ફુટી નિકળયાંછે, તેમને, આખરે કંઇ રાહત મળે તે થકી આવાં મૅડહાઉસને મદદ કરી, દેશનું ભલું કરવાનો મ્હારો વિચાર છે.

બરજોર—તહમે બગીચામાં ફરી આસપાસના વાર્ડો જુઓ, તેથી તમુને ઘણું જાણવા જોવાનું મલશે.

રૂસ્તમ—અત્રે દીવાનાઓને છુટથી ફરવા હરવા દેવામાં આવેછે કે?

બરજોર—કેટલાકને બાગમાં ફરી હવા ખાવાની રજા મળેછે, ને કેટલાકને મના છે. અહીંનો રાહઘાટ જોવો હોય તો મ્હારી સાથે આવો, અનુભવ મેળવો (સ્વગત) કે ત્હારોબી ઘાટ ઘડાય.

રૂસ્તમ—ઓ યસ, હું પણ તેવુંજ ઇચ્છુંછે.

[બન્ને જાય છે, બીજી તરફથી પેદરૂ વિચાર કરતો આવે છે, પાછળથી રોજમરી છુપાતી મલકાતી આવે છે.]

પેદરૂ—સોબ છોકરા લોગ ને અચ્છા ઘોટાલા કિયા. એ ઘોટાલા રોજમરીકો ખબર પડેગા તો દૂસરા બોડા ઘોટાલા હોગા. ગોરા ગોરા જવાન છોકરાકો મીસીસ દેખેગી તો બચ્ચા પેદરૂ, તુમારા ભાવ કમતી હો જાયગા.

[રોજમરી, પેદરૂને પાછળથી છાપટ મારે, છે, પેદરૂ ચોંકે છે.]

રોજરી—પેદરૂ, કયા બીચાર કારતા હયરે?

પેદરૂ— રોજમરી, આઇ. ઓ! માઇ લવ [ગળે લગાડેછે]

રોજમરી—પેદરૂ, વો દોનો ફારસી, કોન?

પેદરૂ—માઇ લવ, અમ ઉસકો નહિ પીછાનતા.

રોજમરી—(ગુસ્સામાં) અરે પેદરૂ, તુમ મેરેકુ જુઠ બોલતા હય? બાત ઉડાતા હય?

પેદરૂ—(મનાવેછ) માઇ લવ, ગુસ્સા મત કરો, વ્હો ઇંગ્રેજી ડ્રેસમે ફારસી ડાકટરકા ભતીજા બરજોરજી.

રોજમરી—ઔર વ્હો દૂસરા કોન?

પેદરૂ—વ્હોતો કોઇ ચાનજી ચકરમ હય.

રોજમરી—ચાનજી ચકરમ કૌન?

પેદરૂ—કોઇ મેડ હાઉસમે હવા ખાંનેકો આયા હય, મેડ હુવા હય.

રોજમરી—પેદરૂ, સુનો; કોઇ દીન તુમ એ મેડ લોકકા માર ખાયગા, મોર જાયગા!

[રોજમરી, પેદરૂના ગાલ પસવારી ગલે લગાડે છે, પેદરૂ બગલગીરી કરી, પ્યાર બતાવે છે.]

પેદરૂ—માઇ ડારલીંગ! તુમ મોત ડરો. (મનસાથે) મીસીસ કીતના પ્યાર કોરતા હયરે? ઓ માઇ લવ! ઓ માઇ ડારલીંગ!

ગાયન ૯ મું.

રોજમરી—જુઠા હોકે ઢોંગ મચાના બુરા,
પેદરૂ— યુ લવ્હલી જાન, તું પ્યારી માન.
રોજમરી—("મોત મોરસ્તક ફોડો ખાલી-"૨)—જુઠા.
પેદરૂ— હું મયતો રંગત વાલાજી, ડાલીંકો હમ રીઝાયે.
રોજમરી—મયતો હારી ભોલીજી, છોડો ટાહી ખાલીજી.
પેદરૂ— કયસે મેડમકો હમ સમજાયે?
રોજમરી—છોડો છોડો મોહે, દેખી કદરીયાં, ખાલી ઠાલી સમઝાય.
જાની જાની, જાઓ દેખી નજરીઆં, બાતેં જુઠી ન મનાય.
પેદરૂ— ચલ ચલ જાન, ચટ પટ માન.
યંગ લવ્હર નહિ મયેં કયા?
રોજમરી—છોડો છોડો બાતેં જુઠી, જાવ જાવ, જાવ.—જુઠા.

[બન્ને જાય છે, બીજી તરફથી બરજોર ને રૂસ્તમ વાત કરતા આવે છે.]

બરજોર—ત્યારે ત્હમે તેને લીધે એટલા જિન્દગીથી દુખી થયાછ?

રૂસ્તમ—હા હાલમાં મ્હારી હાલત કઢંગી હોવાથી હું દુઃખી છું ! દીવાના થયલાં મગજને શાંતિ યાને જીવ બહેલાવવા કોઇ અમુક ઇલાજ તહમારા ખિયાલમાં હોય તો જણાવો ને અજમાવો.

બરજોર--(વિચારીને) હું ધારૂં છું કે મધુર ગાયનની અસરથી એ બીમારીની કસર દુર થઇ શકસે.

રૂસ્તમ—ગાયનનો તો મહને ઘણોજ શોખ છે.

બરજોર—હાલમાં આસ્પીટાલમાં એક જવાન છોકરી છે, તેને રાત દિવસ ગાવાનું ઘેલું લાગુછે. તેના સરોદની હું શું તારીફ કરૂં ? શું તેનો સુરીલો અવાજ છે ? તહમેં સાંભળીને દંગ થશો. (નવાજનો ગાવાનો અવાજ આવવાથી બરજોર, ચોંકીને આવાજ તરફ કાન ધરે છે.) સાંભળો, તેજ ગાય છે.

[રૂસ્તમ ગાયન સાંભળીને મનમાં વિચારે છે. બરજોર, રૂસ્તમપર થયલી અસરથી મનમાં ખુશ થાય છે.

રૂસ્તમ—(સ્વગત) નવાજે મ્હારી પર આગળ એક ગાયન લખી મોકલ્યુંતું, તે એવાજ અર્થનું હતું (બરજોરને) ડાકટર, તહમે આવો જરા સાંભળિયે. ખરેખર કોઇ મધુર સરોદ ધરાવનારી સ્ત્રી છે, ને તહમેં તેને ઘેલી કહોછ ?

બરજોર—તદન ઘેલી, મગજની ખીસેલી. એને જોતાં આપણેઓ દીવાના થઇએ, તેમાં નવાઇ નથી.

રૂસ્તમ—બાઇનું નામ શું છે ?

બરજોર—નવાજ.

રૂસ્તમ—(તાજુબ થઇને સ્વગત) હું શું સાંભલુંછ ? મ્હારી નવાજ તો નહિ હોય ? મ્હારી દુખી લાગણી ડાકટરની નજરે નહિ પડવી જોઇએ. (બરજોરને) એના ઘેલાપણાનું કારણ શું છે તે જણાવશો ?

બરજોર—કારણ માત્ર મોહબત. જે. જવાનપર નવાજની મોહબત જામી હતી, તે છોકરાએ એ બીચારીને ધિક્કારી, પોતે બેવફા થયો, તેથી એ બીચારી દીવાની થઇછે.

રૂસ્તમ– (હાય મારી સ્વગત) અને તે બેવફા હું પોતે. આવી ખુબી-વંતી, ખીલતી કલીને ખીલતાંજ કચડનાર હું મુજી છું-(બરજોરને)

ડાકટર સાહેબ, નવાજબાનું સાથે એહેજ વાત કરવાની મ્હને રજા આપશો? (બરજોર ગરદન હીલવી ના પાડે છે, રૂસ્તમ નાચાર થઇ બીજી અરજ કરે છે) વારૂ, વાત કરવાની રજા નહિ તો માત્ર જોવાની રજા મળશે?

બરજોર—મ્હને ત્હમારી દયાજનક હાલત પર દયા આવેછ, તેથી ફક્ત જોવાની રજા આપુંછ, વાત કરવાંની નહિ—એ છોકરી હવડાં અત્રે આવીને બેસશે, ત્યારે ત્હમુને જોવાની બરાબર તક મલશે, અને જ્યારે ત્હમેં તેણીની દયામણી હાલત જોશો, ત્યારે જે બદમાશે, તેની જીન્દગી બરબાદ કીધીછે, તેને ગાળો આપ્યા વગર રેહેશો નહિ.

રૂસ્તમ—જરૂર તે ઉપર ધિક્કાર વર્સાવશ, લીઆનત નાખશ.

રોઇનતન—(અંદરથી પુકારે છે) પેદરૂ? (થોભીને) માકા? (થોભીને) બધાં કહાં દટાયા? કહાં ગિયા?

[બરજોર, રોઇનતનનો અવાજ સાંભળી ચોંકેછ]

રૂસ્તમ—(રોઈનતનને આવતાં જોઇ) સામેથી કોણ ગ્રહસ્થ આવેછ?

બરજોર—(સ્વગત) આત તારી! કાકાજી કાંહાંથી ફુટી નીકળીયા? બચ્ચા બરજોર, હવે તો જે બને તે ખરી, છબરડાનો ગબરડો એવો ચલાવ કે બધા અથડાઇ મરે (રૂસ્તમને) એ આય હોસ્પીટાલનો એક ચકરમ છે, (હસતો હસતો) એ બીચારાના મગજમાં એવો ધકારો છે કે એ પોતે આય તમામ મિલકતનો માલેક છે, અને હોસ્પીટાલનો વડો ડોકટર છે. એના ઘેલાપણાની હદ એટલામાંજ અટકી નથી, એ નામવરને શીકારનો પણ ઘણો શોખ છે, તેથી છાતીપર હમેશ ચાંદો લટકાવી, હાથમાં પીસ્તોલ લઇ ફરેછ! ને મન મનાવેછ. એઓ નામદાર હવે શેકાર કરવા નિકળ્યાછ. જેમ ઘેલાંઓ ચેડાં કાઢે, તેમ અમુને પણ ઘણી વખતે તેઓની ઈચ્છા પ્રમાણે વરતવું પડેછ; એ ચકરમને એક 'એર ગન' આપી રાખીછ, કે બીચારો હવામાં અધર અધર શેકાર કરે ને મન સાથે મોજ મેળવે,

રૂસ્તમ—એ ચકરમને જવા દેવા ને મ્હને પેલી દીવાની છોકરી સાથે મેળવી આપો, મ્હારૂં તેણી તરફ કંઇ કુદરતી ખેંચાણ થાયછ.

બરજોર—ધીરજ ધરો, હું હવડાં તેણીને મોકલી આપુંછ (સ્વગત) ડાંખરાની નજર ચોરાવી બચ્ચા બરજોર, અહીંથી પત! (રોઇનતનને બતાવી રૂસ્તમને) ત્હમે આય બુઢા ડોઆંથી બીહીતાના હં! તેનું મ્હોનું ઘણું ચાલેછ, પણ માણસ નેક ને અશરાફ છે.

[બરજોર જાય છે, રૂસ્તમનું દિલ નવાજ તરફ ખેંચાય છે.]

રૂસ્તમ—(સ્વગત) વ્હાલી નવાજ, શું તું દિવાની બની? મ્હારી મોહબતને વશ થઇ, ભાનને ભૂલી બેઠી? આહા: સાચ્ચી અને પાક હેત ધરાવનારી પાક દામન ઔરત ત્હારા ખરા પ્યારની ચીવટાઈ આગળ, મરદોનું ખોટું હેત નાકેસ અને નિરજીવ છે.

[ખાંધપર બે બારની પીસ્તોલ ટેકાવી, લેહેરમાં ગાતો રોઇનતન આવે છે.]

ગાયન ૧૮ મું.

રોઇનતન—કરૂં ફરતાં હરતાં મોજોમાં, મુજ બાજી શેકારી,
ગારૂં ઉડતાં ફરતાં, ચરતાં પક્ષી, બંદૂકથી મારી.
જીવવું ખાવા પીવા માટે, તે વીન જીંદગી ભારી,
રહું સહુનાં દુખમાં સંગી સાથી, છે ફરજ મારી.

કોરસ.

ખાઉં, પીઉં, વાહ, વાહ, વાહ, તજી ખટ પટ સટ પટ ફરૂં હરદીન,
કરૂં મોજ શોખ વાહ વાહ વાહ! કીધું તન મન અરપન,
મુજ મન લીન.—

(રૂસ્તમપર નજર પડેછે.) એ આય કાકા કોણ? (જોઇ જોઇને) કોઇ ભલું માણસ જણાયછે (રૂસ્તમને) શેઠ સાહેબ.

રૂસ્તમ—(રોઇતનતને ઘેલો સમજી) શાના પારમાં?

રોઇનતન—(અજાયબીથી સ્વગત) કોઇ ઘેલો છે શું? (રૂસ્તમને) ત્હમે કોણને પુછોછો શેઠ? આય ગાર્ડન પ્રાઈવેટ છે.

રૂસ્તમ—એઅદબી માફ (સ્વગત) જાણે એના બાપ દાદાનો બગીચો! બીચારો ઘેલો! એની સમજને મળતો થઇ બચ્ચા રૂસ્તમ, તું બી ટાહેલાં કર. (રોઇનતનને) ત્હમારો બગીચો ખચીત જોવા તથા ફરવા લાયક છે, તેથી હું લગાર ફરવા ને હવા ખાવા આયોછ.

રોઇનતન—મગજ શાંત હોય તો બેલાશક ફરો, ને લાભ લેવો.

રૂસ્તમ—(અજાયબીથી મન સાથે) મગજ શાંત નહિ તો મ્હને ખીસેલો સમજેછે શું? (રોઇનતનને) મોહટા બાવા, ત્હમારા આદરભાવના મળેલા લાભ માટે ઉપકાર માનુંછ.

[રૂસ્તમ, રોઇનતનના ખાંધપર પીસ્તોલ જોઇ અચરત થાય છે.]

રોઈનતન—પીસ્તોલ પસંદ પડેછે ?

[રોઇનતન આપેછે, રૂસ્તમ હાથમાં લેયછે.]

રૂસ્તમ—વાહ ! કેવી રમકડાં જેવી છે ?

રોઇનતન—ગમે તો અજમાવી જુવો. ઉડતાં પંખેરાંને બોલ બોલતાં હેઠે પાડશે.

રૂસ્તમ—(સ્વગત) બીચારાના ભેજાંને શાંત રાખવા આય ઠીક રમકડું હાથમાં આવ્યુંછે. પિસ્તોલ ખાલી હોસે, માટે (ટાંગેલું પીંજરૂં જોઇ) નેમ આય પીંજરાંપરજ તાંકું કે ઢાખરાનું મન રાજી થાય. (રોઇનતનને) બાવાજી, એક નેમ તાકવાનો હુકમ છે ?

રોઇનતન—લગાર આસપાસ સંભાળીને તાંકજો.

રૂસ્તમ—(સ્વગત) અંદર છે શું, કે વળી સંભાળવા કહેછે ? (એકાએક પોપટપર નેમ તાંકેછે, પોપટ પીંજરાંમાં પડી મરેછે, રૂસ્તમ ગભરાય છે.) અરે ! એતો ભરેલી હતી !

રોઇનતન—ભરેલી નહિ તો શું ખાલી હતી ? (સ્વગત) ચકરમે નાહકનો પોપટનો જાન લીધો !

રૂસ્તમ—(સ્વગત) આવા ચકડોલ ચકરમના હાથમાં, ભરેલી પીસ્તોલ આપવાની કોણે મુર્ખાઇ કીધી હોશે ?

[રોઇનતન પીસ્તોલ પાછી માંગે છે.]

રોઇનતન—લાવો કાકા, પીસ્તોલ પાછી આપો, ત્હમારા કામની નથી. (સ્વગત) નહિ તો પોપટના જેવો બીજી ગોળીથી કદાચ મ્હારો હાલ થશે. (રૂસ્તમ ધ્યાનમાં પીસ્તોલ જોયા કરે છે, રોઇનતન મનમાં વેહેમ લાવે છે.) રખેને દીવાનશાળામાંથી કોઇ નવો ઘેલો છુટીને આયો હોય ?

રૂસ્તમ—(પીસ્તોલ તપાસતાં અંદર ગોળી જોઈ, મન સાથે) અરે! એમાં તો હજી બીજી ગોળી છે ! પીસ્તોલ પાછી આપવામાં જોખમ છે.

રોઇનતન—બાવાજી, સાંભળોછ કે ? પીસ્તોલ પાછી આપો. (જવાબ ન મળવાથી રોઇનતન ઘભરાય છે) રખે બીજી ગોળી મ્હારીપર અજમાવે ?

રૂસ્તમ—બપાવા, હવે એ બંદૂક તમોને પાછી મળશે નહિં.

રોઇનતન—(મીજાજ ખોહીને) કોચીનના સાહુકાર ! પીસ્તોલ આપ, નહિ તો કોથડીમાં પુરાશો !

રૂસ્તમ—કાકા. દૂરજ રેહેજો, નહિ તો રખેવાલને તેડસ તો નાહક જેરકડીથી જકડાશો, કોથડીમાં પુરાશો.

રોઇનતન—(સ્વગત) ખચીત કોઈ નવું પેસંટ જણાયછ, તેથી મ્હને ઓળખતો નથી, નહિ તો મ્હને જોતાંજ નહાસતે ! (રૂસ્તમને) કાકા ચાંદ, રખેવાળને તેડોની ?

[રૂસ્તમ, ભૈયાને પુકારતો પાછળ હટે છે.]

રૂસ્તમ—(દમમાં) અરે ઉધર કૌન હય ? (થોભીને) ભૈયા ? (થોભીને) કહાં મરી ગીયો !

[રૂસ્તમ, પુકારતો પુકારતો ન્હાસેછ, રોઇનતન તેને જતો જોઈ સાવચ બની પુકારેછ]

રોઈનતન—અરે એ તો બંદૂક લઇને ન્હાસે છે ! (પુકારેછ) બરજોર? પેદરૂ ? (મન સાથે) કાંહાં મરી ગયાં ?

બરજોર—(અંદરથી) શું છે કાકાજી ? (આવીને) શું છે ?

રોઈનતન—(સાંમે બતાવી) અરે પેલો ચકરમ મ્હારી બંદૂક લઇને ન્હાસેછ ! રખે ભૂલમાં કોઇપર ભરેલી બંદૂક ખાલી કરે !

બરજોર—(સામે જોઇને હસીને) પેલો ઇંગ્લીશ શુટ પેહેરીને જાયછ, તે કે !

રોઇનતન—હા, તેજ.

બરજોર—પણ ન્હાસવાનું કાંઇ કારણ ?

રોઈનતન—બંદૂક હજમ કરવા ન્હાઠો. (અંદર જોઇ પુકારે છે) એઇ પેદરૂ ઉસ્કો પકડો, બંદુક લેલો.

[પેદરૂ, બંદુક લઇને આવે છે.]

પેદરૂ—ડાકટર સાબ, લો બદુંક લાયા, વ્હો ઇડિયટકો બહુત દમ દિયા. (બરજોરને એક તરફ) બરજોર શેઠ અબ દેખના, ગરબર ઘોટાલા કયસા હોતા હય, મોજા કયસા આતા હય. (બરજોરને જાહેર) ખોરજરજી શેઠ, ઉસકો હમ એસા દોમ દિયા, કે બંદુક છોડકર ભાગા !

બરજોર—કમબખ્ત ! ઉસકો પકડા કયુ નહીં ? બડા ભૂલકિયા. (સ્વગત) શોધી કાઢવાના બહાનાથી વાત ઠંડી પાડવી જોઇયે.

રોઇનતન—(બજોરને) જો હાથમાં આવેતો પકડીને ડી વાર્ડમાં મોકલજે

બરજોર—વારૂં કાકાજી હું સંભાળીને કામ લેવશ.

રોઇનતન—પણ ત્હારી બૈરી કહાં છે ?

બરજોર— (ભોલાઇમાં) તેને તો ત્હમેં ત્હમારી સાથે ઓરડામાં ઘસડી ગીયાતા ને મ્હને શાનું પુછોછ?

રોઇનતન—(સ્વગત) એ મેડ તો નથી થયો? (તાજુબીથી) હું ત્હારી બાઇડીને કયારે લઇ ગીયો? કેમ લુચ્ચા, પેલી માણેક હજી ત્હારા ભેજામાં રમેછ કે?

બરજોર—(ટચાકરી ફોડી) હું ભુલ્યો કાકાજી! હું એમ કેહતો હતો કે મેં–મેં–મેં–

રોઇનતન—(ચીડઇને) મેં–મેં–એં–એં શું કરેછ? માથું ઠેકાણે છે કે? (સ્વગત) આયતો મ્હને ઘેલું લગાડશે!

પેદરૂ—સાબ, આપણા મેડહાઉસકા હવા પાણી અયસાજ હય. જો કોઈ આતા હય, પાગલ હો જાતા હય.

રોઇનતન—(ચીડાઇને બરજોરને) જા ત્હારૂં કાળું કર, બેવકુફ બુબક? (પેદરૂ ને બરજોર મુગાં મુંગા જાય છે.) તદન બેવકુફ છોકરો છે. જરાબી શરમ કે હયા કરતો નથી. એકતો બેવકુફોની સારવાર કરતાં ભેજું ખોખરૂં થાયછ, ને વળી આય બેવકુફ વધુ ખોખરૂં કરશે!

[રોઇનતન માથું દાબતો જાયછે, રૂસ્તમ આવે છે.]

રૂસ્તમ—આખરે પીડા પતી ખરી. રખેને પેલો ચકરમ અહીં કંઈ ભમતો હોય! હવે નીરાંતે મ્હારી નવાજને સોધું! જાંહા સુધી સામસામા મલશું નહિ, તાંહાંવેર ખુલાસો થશે નહીં

[બરજોર બીજી તરફ જોતો આવી સામેથી આવતી નવાજને બતાવે છે.]

બરજોર—મી૦ રૂસ્તમ, જુઓ, પેલી ઝાડીમાંથી નવાજ આવેછ.

રૂસ્તમ—(જોઈને મન સાથે) એજ. નક્કી એજ, જીગર જરા શાંત થા.

બરજોર—ત્હમે દુરથી જોઇને સંતોષ પામજો, ગડબડ કરીને તેના વિચારમાં ખલલ ના કરતા.

[નવાજ, છુટા બાલે નભરવશાપણામાં આવી, ઝાડના થડપર બેશે છે.]

નવાજ—(સ્વગત) રૂસ્તમ! રૂસ્તમ!

બરજોર—(રૂસ્તમને) સાંભળ્યું? બસ એને એજ નામનો ધખારો છે.

રૂસ્તમ—હા, હું સાંભળુંછ. (મન સાથે) વાહલી, આય તાહરો કેવો હાલ ?

બરજોર—મનમાં કંઈ બબડેછ, બળાપો કરેછ.

રૂસ્તમ—(સ્વગત) હા ! એની સાથે બે બોલ બોલવાની તક મળે તો કેવું સારૂં ! (બરજોરને જોઇને) પણ આય ધરણ છુટે તો તક મલેની ?

[પેદરૂ આવીને બરજોરને એક તરફ કહે છે].

પેદરૂ—શેઠ, તુમકો બોડા શેઠ બુલાતા હય.

[રૂસ્તમપર નજર પડવાથી ચોંકીને ચુપ થાય છે.]

રૂસ્તમ—(આસ્તેથી પેદરૂને) સુનો માસ્ટર, એ તુમ્હારે સાબકો ઇધરસે દુર લે જાવ, ઇનામમે દો રૂપ્યા લો.

[ગજવાંમાંથી બે રૂપ્યા કહાડી આપે છે, પેદરૂ, સલામ કરે છે.]

પેદરૂ--તુમ બોડા એકસલંટ જન્ટલમેન! (બરજોરને) ડાકટર સાબ, જરા ઇધર આવ, કુછ પ્રાઇવેટ બાત કહેનેકી હય (પેદરૂ બરજોરને બે રૂપ્યા બતાવે છે) અબ તુમ સોટક જાવ, ઇધર મત આવ.

બરજોર—(જાણી જોઇને) શું કરૂં મી૦ રૂસ્તમ, તમુને અત્રે એકલા મુકીને જવાનું ગમતું નથી, પણ ફરજ આગળ નાઇલાજ ! જ્યાં જુવો ત્યાં મતલબ સઉની દાસી, મતલબના કાકા મામી.

રૂસ્તમ—(બરજોરને) તહેમ સધાવી આવો બા, હું તહમારી રાહ જોઇશ.

બરજોર--જવા વગર છુટકો નથી. (સ્વગત) ત્યારેજ છટકામાં આવશો.

[પેદરૂ ને બરજોર જાયછે, જતાં નવાજને ઇશારો કરે છે, ગાયનના બોલના ઉચ્ચાર કરે છે. રૂસ્તમ, નવાજની પાછળ જઇ બલાપો કરે છે.]

રૂસ્તમ—(સ્વગત) ચેહેરો કેવો દિલગીર જણાયછ ! તે છતાં ખૂબસૂરતી કંઇ કમ નથી જણાતી.

નવાજ—(રૂસ્તમ સાંભલે તેમ મન સાથે) રૂસ્તમ ! રૂસ્તમ !

રૂસ્તમ—(સ્વગત) ફરી મ્હારૂજ નામ પુકારિયું ?

નવાજ—(રૂસ્તમ સાંભલે તેમ મન સાથે) તહમારી તરફ આવું કુરબાન દિલ ધરાવવા છતાં તેનો એવો ફેજ ? ખરેખર, મરદો સદા બેવફા હોયછ એમ કેહવાયછ તે ખરી વાત છે.

રૂસ્તમ—(સ્વગત) હા! ખરેખર હું બેવફા થયો, તે રાસ્ત વાત છે (પાસે જઇ નવાજને) વ્હાલી નવાજ!

નવાજ—(બીજી તરફ જોઇને) નવાજને કોણ તેડેછ?

[નવાજ, રૂસ્તમને એક ટગરે જોય છે, પણ ઓળખવાના અખાડા કરે છે.]

રૂસ્તમ—વાહલી તું શું જોયછ? જેને તેં દીવાનો બનાવ્યોછ, તેને તું શું ભૂલી ગઇછ?

નવાજ—(બેદરકારીથી) ભૂલી જાઉં? નહિ, કદી નહિ, તેણે મ્હારી તરફ ધીક્કાર બતાવ્યોછ, પણ હું તેને ભૂલી નથી. તેવણ મ્હારીપર ખફા થયાછ, તોપણ હું તો હજી બોલુંછ.

ગાયન ૧૧ મું.

પીયુના વિના સુનું જાન ને જીરે.
સુની ચાંદની વિનાની રાત,
આજ, ભૂલીરે વચન,
પીયુ પ્યારા, મારી જાય.—
જાનો જીગરમાં, હૈયા મંદીરમાં, યાદ છે તુજની,
ધ્યાનમાં, ધ્યાનમાં, જાનમાં શાનમાં-રે.-હૈયા—જાનો.-જાનો.

દોહો.

ક્યાં શોધું મુજ પ્રેમને, તારા વિણ ક્યાં ચાંદ?
મછલી જળ વિણ તરફડે, તેવી પીયુની યાદ.

[રૂસ્તમ, પગપર પડે છે.]

રૂસ્તમ—વાહલી નવાજ, જો ખરી નવાજનું દિલ તેના રૂસ્તમપર છે, તો શું તેને એક વખત મોહબતની નજરે નહિ જોશે?

નવાજ—ત્યારે તે શું ગુસ્સાથી જોયછ?

રૂસ્તમ—(હાથ પકડી) નવાજના મખમલી હાથોને તેનો રૂસ્તમ શું ચુમી નહિ શકશે?

નવાજ—તે ના કેમ પાડી શકે?

[લેહકાથી હાથ ઉંચા કરેછ, રૂસ્તમ, તેના બન્ને હાથ પકડી ચુમેછ, ને નવાજ, તેના હાથમાં જાણી જોઇને બેહોશ થાય છે.]

રૂસ્તમ—(તાજુબ થઇ સ્વગત) અરે! એતો બેહોશ થઇછે (માથુ ઝાલી) નવાજ? વાહલી નવાજ?

[રોઇનતન એકાએક આવીને નવાજને બેહોશ જોઇ તાજુબ થાય છે.]

રોઇનતન—(સ્વગત) અરે વાહ! એ અહીં આય શું નાટક થાયછે? (રૂસ્તમને) લુચ્ચા, બદમાશ! (તેને દુર કરીને) બેશરમ છોકરી, પારકા માટીડા સાથે આવી બેહયાઈ?

નવાજ—(શરમાઈને) ઓ માયરે! (સ્વગત) હું તો ફસી! હવે થશે હસી.

[નવાજ ન્હાસી જાય છે, રોઇનતનને રૂસ્તમ એક મેકને ગુસ્સાથી જોય છે.]

રૂસ્તમ—(સ્વગત ચીડમાં) આય ઘેલો ધાંચી વળી આવી નડયો! પણ એ કરે શું? બીચારાનું ભેજું ઠેકાણે હોય તો ઠપકો આપુંની? (નરમાં-શથી રોઇનતનને) બાવાજી, ફરી તમે અંહી આવવાની તકલીફ કાંય લીધી?

રોઇનતન—ત્યારે તહમેજ જવાબ આપોની, કે તહમે કાંય આયા?

રૂસ્તમ—(ચીડમાં સ્વગત) ખરેખર, ભેજાનાજ વાંધા લાગેછે. મ્હારા સવાલના જવાબને બદલે સામો એ મ્હનેજ પુછેછે.

રોઇનતન—બદમાશ! બીજાની બૈરી સાથે પ્યાર કરી, છુટ લેતાં શરમ નથી આવતી?

રૂસ્તમ—(તાજુબીથી) શું એ બીજાની બૈરી છે?

રોઇનતન—ત્યારે શું એ તહારી બૈરી સમજેછ કે? (સ્વગત) ઘેલો બીચારો! ખરેખર, ધકારામા ચડી ગીયોચ.

રૂસ્તમ—(સ્વગત) હોયબી. એનો શું ભરોસો? પણ મ્હારે તે જાણવું જોઇએ (રોઇનતનને) બપાવા, બુમ ના પાડો; બુમ પાડશો તો તાપ આવશે!

રોઇનતન—તાપ આવશે! છટ છટ!

[રૂસ્તમ, રોઇનતનને બેહકાવેછ]

રૂસ્તમ—અરર! તહમારૂ મોહતું કેટલું ઉતરી ગીયુંછ? ચેહેરો તહન કરમાઇ ગીયોછ! રંગ બે રંગ થયોછ.

રોઇનતન—એટલો બધો ફેરફાર પંથરાયોછ?

રૂસ્તમ—ફિકર નહિ, માથું ઠેકાણે આવતાં સઘલું શાંત થશે.

રોઇનતન—(ચીરડાઇને) માંથું ઠેકાણે નથી? કાકા તહમે જાણોછ, કે હું કોણ છેઉં તે?

રૂસ્તમ—મેડહાઉસના પરોણા.

રોઇનતન—પરોણા તહમે ને હું તો માલેક છું. હું ડાકટર રોઇનતન પોતે.

[રોઇનતન પોતાનો કાર્ડ બતાવેછ, રૂસ્તમ જોઇને હેરત થાયછે]

રૂસ્તમ—શું તહમે પોતે ડાકટર છેવ ?

રોઇનતન—ત્યારે શું તહમે પોતાને ડાકટર સમજોછ ?

રૂસ્તમ—ને આય બાગ તથા (આસપાસ જોઇને) મકાન પણ તમારૂંજ કે ?

રોઇનતન—હા, મ્હારૂં, હવે તહમારી સમજમાં વાત ઉતરી ? હવે ઘસેલો તું મુવોચ કે હું ?

રૂસ્તમ—ત્યારે મેડ હાઉસ કાંહાં છે ?

રોઇનતન—(સામે બતાવી) તે આય સાંમી દેખાતી બીજી બીલ્ડીંગમાં છે.

રૂસ્તમ—(રૂસ્તમ તાજુબ થઇને) ત્યારે આય હારપીટાલનું કમ્પાઉન્ડ નથી કે ? મ્હને તો મેડ હાઉસમાં જવાનું હતું, પણ ભૂલમાં અત્રે આયો.

રોઇનતન—મ્હનેબી એમજ લાગેછ. (સ્વગત) ત્યારેજ બીચારા ઘેલાએ ઘેલછામાં બારી ભાંજી, પોપટ મારી નાખ્યો, ને આય છોકરીને કોટી કીધી.

રૂસ્તમ—(સ્વગત) હવે સમજ પડી, મ્હને ફસાવવાની આય બીજી જાલ લાગેછ. હવે હુંબી ખરો કે તહમો બધાંનાં ટાંટીયા તમારાજ ગળાંમાં ઓળવું. (વિચારીને) બચ્ચા રૂસ્તમ, હવે તુંબી ઘેલાનો ભાગ ખરેખરોજ ભજી બતાવ, એટલે આપોઆપ બધી બીનાં જણાશે. (અંદરથી વાયોલીનનો અવાજ આવેછ, રૂસ્તમ કાન દઇ ખુશ થાયછ) વાહ! કેવો મધુર અવાજ ! (રોઇનતનને) બપાવા, આય અવાજ મકાનમાંથી આવેછ, કે બાગે બેહસ્તમાંથી ?

રોઇનતન—(મનમાં હસીને સ્વગત) ખરેખર એતો કોઈ ખીસેલોજ જણાયછ. (રૂસ્તમને) બાવા, એતો, વાંયોલીનનો અવાજ છે.

રૂસ્તમ—(ખુશથઇ) આહાઃ મહારી પ્યારી વાયોલેટ ! બેહેસ્તમાંથી તહારો ચૉકલેટ જેવો મીઠો અવાજ કેવો મધુર લાગેછ ?

રોઈનતન—મીસ્તર ચોકલેટ, એતો મહારી સગી વાયોલીન વજાડેછ.

રૂસ્તમ—(ઢોંગી ચાળા કરી) સગી તહમારી સગી? ત્યારે તો મહારીબી સગી ને બધાંની સગી.

[વાયોલીન વાગે છે, તે સુરપર મન ગમતું ભલતું ગાયન ગાય છે, રોઇનતન તેને ખરો ને પુરો દીવાનો સમજી કયદ કરવાનો ઈરાદો કરે છે]

રોઇનતન—અરર! કદાચ ભેજું હવે વધુ બહેકશે. હવે તો સંત્રીઓને તેડી ઓસ્પીટાલમાં પુરવો જોઇએ, નહિતો બંગલામાં ઘુસી ધુમચકરી મચાવશે. [રોઇનતન ઝડપમાં જાય છે, રૂસ્તમ હસીને ખુશ થાય છે.]

રૂસ્તમ—બચ્ચાજી જોઉં છ, મહને તહમે બધા કેમ ઠગોછ તે? હવે વખત નહીં ગુમાવતાં મહને સઘળાને ઘેરવાની બાજી રમવી જોઈએ.

[બીજી તરફ જાય છે.]

અંક બીજો—પ્રવેશ ચોથો.

ભોયરૂં

[ઉપરના ટ્રેપમાંથી નીચે સરી પડવાનો માર્ગ જણાય છે. નીચેની પથ્થરની દેવાલમાં એક પથ્થરનો દરવાજો છે. એ ટેબલોપર કંડલ સ્ટાંડમાં એ બળતી મીણબતી, તથા લગન ક્રિયાનો અસબાબ મુકેલો જણાય છે. ઉપલા ટ્રેપમાંથી મીનો-ચેહેર નીચે સરી પડે છે, મકાન જોઈ અચરત થાય છે.]

ગાયન ૧૨ મું.

મીનોચેહેર—કરી તાલ તલાવટ બારી, ખુબ આજ બિછાવી જાલ,
કરૂં નાર જીગરની માહરી, બીજી ખેંચી નઇ જંજાલ.
છલ કપટ ઝપટની બાજી, ખાલી બતાવી વહાલ.
દીનદારી દિના દીલની, ભૂલાવું નાખી જાલ.
ચાહે બુરોબી સમજો, મુઝને ન કમબી સમજો,
કરતુક કરૂં હું કમજો, તો હયફ મુઝપે જમજો.

બાઇ ને હું ન દમજો, કમ દમનો મુજને સમજો,
હારૂં હું કોઇ દન જો ? તો કમ સમજનો ગણજો.—ચાહે.

આહા ! કેવું ઉમદા મકાન છે ? ખરેખર એક આલીશાન અયવાન છે. શાલ, તુંને ધન છે. તેં ઘણુંજ બંધએસ્તી જગા મ્હારા લગન માટે તૈયાર રખાવીછ. (વિચારીને) પણ મીનો, તેં કંઈ આગલો પાછલો વિચાર કીધોછ ? તુંને કેવી ખાસીહતની છોકરી સાથે કામ લેવુંછ, તેનો કંઇ ખિયાલ મગજમાં લીધોછ ? આલાં ભોલી ભલી નિર્દોશ હતી, તે સેહેજમાં ભોલવાઇ પણ દીના તો જંગલનુ ગોલાબ છે. તાપ અને સરદી, ભયંકાર રાત અને બિહામણી જગામાં ઉછરેલી અબલા છે, તેને વશ કરવું આસાન કામ નથી. (મુછ મરડી વિચારમાં ફરે છે.) ફિકર નહીં, મીનો ! તેં જયાંથી આજ સુધીમા બાજી અજમાવીછ, ત્યાં કદી હાર ખાધી નથી. તો પછી એક અબળાને તહારા જેવા સબલાને હાથે જેર કરતાં કેટલી વાર ?

[ઉપરથી વાત કરવાનો અવાજ સંભળાય છે.]

દીના—(અંદરથી) અહીં તો કોઇ નથી, આલાં કાંહાં છે ?

અવાજ—(અંદરથી) બાઇજી, તેવણ તો નીચેના ભોંયતળીયામાં રહેછે.

દીના—(અંદરથી) અંદર ઉતરવાના દાદરપર તો તદન અંધારૂં છે.

અવાજ—(અંદરથી) તહમે સીડીપર પગ મુકશો તો તુર્ત ઉજરૂં જણાસે.

[દીના સીડીપર પગ મુકતાંજ નીચે ઉતરી, ગભરાય છે.]

દીના—આ દગો ! દગો ! (દીના, નીચે આવી. મીનોને જોઇ અચરત થાય છે.) મીનોચેહેર, તહમેં અહીં કયાંથી આયા ? (આસપાસ જોઇ) આય કઇ જાતનું મકાન ને કઇ જાતનો દાદર ?

મીનોચેહેર—ડિયર દીના ના ધભરાવો, અચરત ના થાવો. હું તને આવકાર આપવા આગમચથી હાજર છેઉં.

દીના—(ધભરાઇને) આલાં કાંહાં છે ? એવા એકાંત મકાનમાં તેને કેદ કરવાનું કારણ શું ?

મીનોચેહેર—દીના, ના ધભરા, નાહિમ્મત ના થા, હજી તો આગળ ધણું કામ છે, એટલાંથીજ ડરસે તો પછી કામ કેમ થશે ? દિલદાર, દિલારામાં તહારૂ નામ કેમ થશે?

દીના—(અચરતીથી) એટલે ? તહમેં શું કેહેવા માગોછ, તે ઝટ બતાવો, દિલ ના દુખાવો

મીનોચેહેર—કેહવાનું એ છે. કે "તુને આલાંએ તેડાવીછ" એવી મતલબનું કાગળ તહારી પર આયું, તે તુંને ફસાવવાની અને અત્રે બોલાવવાની એક બાજી હતી, જે બાજી હું જીત્યોછ, ને તું હારીને અંતે મ્હારી થઇછ. [મીનો તેણીને પકડવા જાય છે, તેણી દૂર થાય છે.]

દીના—(ગુસ્સાથી) શું બોલ્યા ? એવી દગાબાજીની કારસાજીથી શું મ્હને જેર કરવા ધારોછ કે ?

મીનોચેહેર—નહિ ડિયર ! વહાલી દીના, તું ના ઉસકેરા ! તહારા જેવા ખીલતા ગોલાબને મુઠીમાં ચાંપતા તે કરમાઇ જશે, ખુશબો તજી દેશે, એ હું જાણુંછ, ને તેથીજ વાહલી (મોહબતથી) તહારી પર મ્હારી મોહબતની ખરી અસર કરવા આય એકાંત જગાપર તુને ખેંચી લાયોછ, કે જેથી મ્હરા પ્યારની કસોટી તું કસે, ને મ્હારા મનમાં વસે.

દીના—મીનો, તું જે પ્યારને તહારાં જીગરમાં ઉછેરેછ તો કેવો છે ? એ તહારો પ્યાર, અવાજ જેવો ખિયાલી, છાયા જેવો ચંચળ ને સ્વપના સમાન ટુંક જીન્દગી ધરાવનારો છે. જે પ્રમાણે અંધારી રાત્રે ચમકનારી વિજળી, ગજબનાક બની, આસમાન ને ખલકતને ચમકાવી ગુમ થાય છે, તેમ આ તહારો પાપી પ્યાર પણ પળમાં અલોપ થશે.

મીનોચેહેર—દીના, હું વાયજી સાંભળવા અંહી નથી આયો, મ્હને તાબે થા.

દીના—પહેલે મને જણાવ, કે તું મ્હને અંહી દગાથી ફસાવી શા માટે લાયોછ ?

મીનોચેહેર—તુને સુખી કરવા,તહારૂં દુખ હરવા.

દીના—એમાં સુખ નહિ,પણ દુખ છે.

મીનોચેહેર—જો તું આજ જીથી નહિ માનશે તો હું જોર જબરાથી તાબે કરશ

દીના—એક અબલા બાઇપર, મરદ થઇ ને જોર અજમાવવું શરમ ભર્યું છે. !

મીનોચેહેર—બેહદ ખુબસૂરતી ધરાવી, મન લોભાવી, નિરદોષ આશકને તડપાવવો, તરસાવવો, એ સંગ દિલ ઓરતોની ખાસીહત છે.

દીના—(હારીને મન સાથે) ઓ ખુદા! મ્હને એક કેવાં માણસ સાથે કામ પડયું છે!

મીનોચેહેર—એક શયતાન ખસલતના મર્દ સાથે! એક ફોલાદી જિગરના ઇન્સાન સાથે! દીના, હું ત્હારી મોહબતની અસરે દીવાનો થયોછ, હું પોતાને અને હુરમતને ભુલ્યોછ, ખુદાની હસ્તીને ભુલ્યોછ.

દીના—શું તહારાં જિગરમાં સેહેજબી દયા કે હયાની હસ્તી નથી?

મીનોચેહેર—(પકડવા જતાં) મ્હારા હૈયામાં તહારા શિવાય બીજા કોઇની હસ્તી નથી, કોઇની વસ્તી નથી.

દીના—તું બીજી ઔરતનો પણીઓ ખાવિંદ છે.

મીનોચેહેર—ગલત છે, બોહતાન છે. એક ઠગારી ઔરતના પ્રપંચથી હું ફસ્યો હતો, પણ આખર બચ્યો છું, તે પોતાના પાપે મુઇ છે.

દીના—(ચોંકીને) શું આશાં મરી ગઇ? કયારે? કાંહાં?

મીનોચેહેર—કયારે મુઇ તેની ખબર નથી, પણ મારા જીગરમાંથી મુઇછ, એ વાત ખરી છે.

દીના—ઓ કઠોર જીગરના મરદ, ત્હારા જીગરમાં હૈયું નથી, પણ પથ્થર છે.

મીનોચેહેર—ને ત્હારું જીગર, પથ્થરથી પણ સખ્ત પોલાદ છે.

દીના—(ધભરાઇ) હવે શું કરૂં? કાહા જાઉં?

[દીના, ધભરાઇને ન્હાસવા માંગેછ, તેણીને નાચાર જોઇ, મીનો હસે છે]

મીનોચેહેર—મ્હારી ઇચ્છાને જયાં સુધી તું શરણ થશે નહીં, ત્યાં સુધી અહીંથી હટી શકાશે નહીં.

દીના—(ગુસ્સામાં) તું એક ધીચકારો પલીદ છે! થૂ: છે ત્હારી ચાલપર!

મીનોચેહેર—(ઠંડે કલેજે હસીને) થેંકસ ડારલીંગ, ત્હારા ધીક્કારમાં પણ એક તરાંહની બ્યુટી સમાઇછ! ત્હારા ચેહેરાપર સુર્ખી ચઢીછ, જેથી સુન્નાપર કુન્દન ચઢવા બરોબર તેજ પ્રગટેછ.

દીના—આય જુલમના ફેજનો કંઇ વિચાર કીધોછ?

મીનોચેહેર—ત્હારો હાથ મેળવવા, સરને હાથમાં લીધુંછ, ઇજ્જતને ધૂળ સમજી હૈડાંને પથ્થર કીધુંછ

દીના—(સ્વગત) અરે ! મ્હને એક બદમાશ શયતાન સાથે કામ પડ્યું છે? (વિચારીને) દીના, ફરેબીને ફરેબથી મારવામાં પાપ નથી, શયતાનને તદબીરથી જેર કરવામાં સંતાપ નથી.

મીનોચેહેર—કેમ ડિયર, શું વિચાર કરે છે?

દીના—હું શું શરતે તાબે થાઉં ? કેમ મન મનાવું ?

મીનોચેહેર—મ્હારી સાથે છુપા છુપ લગન કર; સઘળી જબરદસ્તી કર દરગુજર.

દીના—(ફરેબથી) ખયર, નાચારીથી મ્હને તે કબુલ છે, પણ પેહલાં મ્હને બાહેર ખુલ્લી હવામાં જવા દેવ, જીવ બહેલાવવા દેવ.

મીનોચેહેર—અહીંથી કદમ હટાવવા પેહેલાં આપણે બન્ને અત્રે મોબેદોના આશીર્વાદ લેવા મેળવવા પડશે, બાદ જે મરજી હોશે તે થશે.

દીના—(ઉશ્કેરાઈ) ઓ દગલબાજ, તેં દગાબાજીની આટલી હદ સુધીની તૈયારી કીધી છે?

મીનોચેહેર—(ઠંડાપણાથી) હા, છેલ્લી હદ સુધીની ! ને જો તેમાં મ્હારી હાર થશે, તો હું મરવાને પણ હિંમ્મતથી તઇયાર છું.

[મીનો, બેદરકારીથી સીસોટી વગાડી, આડીં તડીં ફરે છે, દીના છેડાય છે.]

દીના—તું એક નાતરસ હયવાન છે, આદમીના સાયામાં લઆનતી શયતાન છે.

મીનોચેહેર— વારૂં પછી? હજી કંઇ બીજો અલકાબ બાકી છે ?

દીના—(સામે ઉભી રહી) હા ઓ દોજખી ! તમામ બદ અલકાબોનો સીરપાવ તહારે માટે બાકી છે.

મીનોચેહેર—જોઇએ તે સીરપાવ આપ, યા તરિયાપાવ નાખ, પણ તને મ્હને તાબે થવું પડશે, મ્હારી સાથે લગનના કોલથી જોડાવું પડશે, તુંને વસ કરવા માટે જેબી મુસીબત અથવા બદનામી ઉઠાવવી પડશે, ને હું ખુશી અને હિમ્મતથી ઉઠાવિશ, તુને કોઇબી સુરતે તાબે કરીશ.

દીના—(સ્વગત વિચારમાં પડે છે) એ મુજીના પથ્થરના હૈડાં પર અસર થવી મુશ્કેલ છે ! જોઉં તો ખરી, એના મોબેદ કોણ છે ?

જો તેમને ખુદાનો સેહેજપણ ડર હશે, તો પછી એ મુજીની હાર ને મ્હારી જીત છે.

[મીનો, દીનાને ચુપ જોઇ સવાલ કરે છે.]

મીનોચેહેર ડીયર દીના, તું ચુપ કેમ છે? ત્હારૂં ઉશકેરાયલું જિગર જો મ્હને માફ કરી શકતું નથી, તો તેમાં હું મ્હારી કમનસીબી સમજું છું (ટેબલપરથી છરી ઉઠાવી, ગુઠણપર પડી દીના સાથે ફરેબ કરે છે.) ને એમજ છે, તો લે આ કાતિલ છરી, ને આય મ્હારી છાતીમાં છુપાવ, અને તહારા ખરા પુજારીનો જુફતો ચેરાગ બુજાવ.

[દીના, ફરેબથી હસ્તા ચેહરાએ તેને ઉઠાડે છે, સેકહેંન્ડ કરી મનાવે છે, મીનો ફરેબની જાલમાં ફસી, હરખાય છે.]

દીના—વાહલા, રંજ ના કરો, હું તમુને અજમાવતી હતી.

મીનોચેહેર—(હસીને) અજમાવતી હતી? ને સાથે ભમાવતી હતી?

[દીના હાથમાં પોતાનો હાથ આપી, ફરેબ કરે છે.]

દીના—વાહલા મીનો, ઔરતની ખુબસુરતી જો કે નાશવંત ને નાપાયદાર છે, છતાં તે એક હિમ્મતવાન મર્દ બચ્ચાને પ્રેમની જાલમાં ફસાવી તેને ગુલામ બનાવી શકેછ.

મીનોચેહેર—(દીનાના બન્ને હાથ, પોતાના હાથમાં દાબીને) ખરૂં છે ડિયર, જે પ્રમાણે કીડો, ફુલની કળીને અંદરથી કોતરી ખાવા મીઠી કળીમાં છુપાય છે, તેજ પ્રમાણે દિલકશ મોહબત, ખરા મરદના ઉંચા ડાહપણ નજદીક, પોતાનું મુકામ રાખે છે.

દીના—હવે હું સમજી! સહુમાં ફુલની મીઠી કળી, જેમ ખીલવા પેહેલાંજ કીડાની ભોગ થઇ પડે છે, તેવું તુરત ઉત્પન થતું નાજુક ડાહપણ મોહબતના પંજામાં સપડાતાં મુરખ બની, પોતાનો નાશ કરે છે. (સ્વગત) તેવો નાશ હવે તહારી ફરેબ બાજીનો થશે.

મીનોચેહેર—ડિયર, હું હવે મોબેદોને તેડી, આપણું કામ આસાનીથી પાર પાડવા માટેની તજવીજ કરૂં છું.

[મીનો ગંગ વગાડે છે, બાજુનું ફાલકું ખુલે છે, અંદરથી દસ્તુર દીનીઆર, તેમજ ખુશરો ને ડોકટર રોઇનતન મોબેદના વેશમાં, ને જાલ

સાહેદી તરીકે જુદા વેશમાં આવે છે, મીનો તેમને આવકાર આપે છે.]

મીનોચેહેર—આવો મોબેદ સાહેબો.

દીના—આવોજી, તહમારાં પગલાં મુબારક થાય.

મીનોચેહેર—(જાલને એક તરફ) આય ત્રીજા શખ્સ કોણ?

જાલ—(અવાજ બદલી) સાહેબ, તહમે એક શાહેદી લાવવા કહયો હતો, તે આય દસ્તુરજી લેતા આયાછ.

મીનોચેહેર—(જાલને એક તરફ) પણ તપાસજે, ખાતરીના માણસો છેની?

જાલ—(મીનોને) જેટલા દસ્તુર સાહેબ ખાતરીના છે, તેટલા બધા દસ્તુરજીના ખાતરીના છે. હવે કામનો જલદી અંજામ આવે તો સારૂં, દીના મ્હને ઓળખે નહીં તો ઠીક.

દીનીઆર—(મીનાને) મીનોચેહેર, તહમે ફીકર ના કરો, તમારાં કામમાં મદદ આપવા આય (બીજા સર્વેને બતાવી) ભરોસેદાર દોસ્તોને લેતો આયોછ.

મીનોચેહેર—(દીનીયારના હાથો આંખમાં દાબી) તહમારો કેવો મોટો આભાર થયોછ.

ખુરશેદ—(દીનીઆરને એક તરફ) આય બન્ને શયતાનોના ફોલાદી જિગરપર કસી અસર થવાની નથી, એમનેતો લાયક શિકસ્ત આપી, ખોડ ભુલાવવી જોઈએ. પણ તેટલાં દીનાને તો પુછી જુઓ, એનો શું વિચાર છે?

દીનીઆર—(શકમાં પડી) મીનોચેહેર, તહમેં જે આય લગનનું પવિત્ર કામ એમ એકાંત જગયામાં કરવા ધાર્યું છ, એમાં કોઇ બુરી મતલબ તો નથી?

મીનોચેહેર—બીલકુલ નહિ, કેમકે અમે છુપી રીતે એકમેકપર સાચી મોહબત ધરાવિયેછ, પણ મ્હારા બાવાની નામરજીને લીધે હાવો છુપો રસ્તો અખત્યાર કરવો પડયોછ.

દીનીઆર—જો એમ હોય તો બેહેતર, નહિ તો તહમે ધારતા હશો કે એકાંત જગયામાં કોઇ જોતું નથી, પણ ખુદા મહાજ્ઞાની ને સરવવ્યાપક છે, તે સઘળું જોય છે.

જાલ—(ટકોરમાં) સમજોછ, કે મીનોચેહેરજી? ખુદાયજી સારૂં નરસું સરવે જોયછ જો?

ખુશરો—(અવાજ બદલી) તહમે તાનો મારી ટકોરમાં કહોછ, પણ યાદ રાખજો, કે ફક્ત પવિત્ર ચાલના અને સાફ દિલના માણસોજ એકાંત વાસને લાયક હોય છે. સબબ, એકાંત વાસમાં રેહવું યા કોઈ કામ બજાવવું, એ ખુદાના અનદીઠ ફરેસ્તાઓની નજર સામે રેહવા યા બજાવવા જેવું છે.

[દીના મજકુર પાક વાકય વચનોથી આસાવંત થાય છે.]

દીનીઆર—એકાંત સ્થાન કેથે નથી, દરેક જગાનું ખુણેખુણું ખુદાના ફરેસ્તાઓથી ભરપુર છે, અને છુપી જગ્યામાં કીધેલાં કાવતરાં તેઓ કેમ જુવે છે અને લખી રાખે છે, એ પણ કોઇને જણાતું નથી, આથી આપણું કીધેલું કોઇએ જોયું નથી, એમ કદી સમજવું નહિ.

[દીના, આશાભેર વચમાં જઇ, ગુહણે પડી મદદ ચાહે છે.]

દીના—ઓ જ્યારે તહમે ખુદાના સાચા ચાહનાર જણાવોછ, તો મહને બચાવો, આફતમાંથી છોડાવો.

[મીનો ઘભરાયછ, જાલ મુઝાય છે.]

મીનોચેહેર—દીના, દીના, વળી નકામી ઉસકેરાઇ કે? (મોબેદને) મોબેદજી, તહમે વેહમાતાના, એને કોઈ કોઇ વખતે એમ ફીટ થઇ આવેછ, સમજ ખોહી દેછ, ને ભલતુંજ બકેછ.

જાલ—(અવાજ બદલી) મ્હનેબી એમજ લાગેછ (દીનાને) કંઇ નહિ બેહેન, જરા થંડા પડો, શાંત થાઓ.

દીના—(ઉઠીને) હું બીમાર નથી, ગમાર નથી, તહમે જોવોછ કે હું કેવી તનદોરસ્ત છેઉં, ને હોશ ઠેકાણે છે.

ખુશરો— (સાદ બદલી) દીન બાનું, ત્યારે શું એવણ તમને જોર જુલમથી પરણવાની ફરજ પાડેછ? જો તેમ હોય તો હમારી પનાહમાં તહમારી સલામતી સમજજો.

જાલ—(બન્ને મોબેદને) તહમે તહમારી કબુલાતને ભૂલોછ. એમને ફક્ત ફીટ થયુંછ. ભાન ભૂલવાની આદત છે. જોઈએ તો આ તહમારા બીજા સાથીને પુછી જુવો એવણ અમુને બરાબર પીછાનેછ.

રોઇનતન—(અવાજ બદલી) હાજી ઘણી સાચ્ચાઆચ્ચારી રીતે.

ખુરારો—(ઉસ્કેરાઇને મીનોને) બદકારી ને બેહયાનીની હદ હોયછ! મીનો, તું કેવા બદજાત માણુસની સોહબતથી બદકાર થયોછ, તે જાણેછ?

મીનોચેહેર—(હેબતીને અચરત થઇ) તું કોણ છે?

ખુશરો—હું કોણ છેઉં તે જો, ને દીન્યારજી, આય બીજો ધુતારો કોણ છે તે તહમે જુઓ.

[એક હાથે પોતાની ને બીજે હાથે જાલની દાઢી ખેંચી ભેદ ખુલ્લો કરેછ, દીના, મીનો ને જાલ અચરત થાયછ]

દીના— કોણ! જાલ? ને આય કોણ ખુશરો? ઓ ખુદા! આય કેવો દગો?

જાલ—બચ્ચા ખુશરો, આય બધી તહારી ઠગાઇ જણાયછ.

ખુશરો—તહમારી નાપાક બાજીને હાર આપવા અને તહમારી બુરી ધારણાને છેહલી ઘડીએ જેર કરવા અમોએ આય એક બાજી રચી હતી, જે આઈન્દા સચ્ચાઇને ટેકો આપવા પાર પડીછ, તહમોને સારી રવેશ રોશન છે, કે મીનો આલાંનો પરણીયો ધણી છે.

જાલ—મીનોચેહેર, આલાંનો પરણીયો ધણી છે, તેની સાબેતી શું છે? દીના, તું કમસમજ છે. છોકરી, મ્હારૂં કેહેવું યાદ કર! તું મહને ને મહારાં એહસાન હુકમને ભુલેછ!

દીના—(બેદરકારીથી) જાલેજર, તહમે મહને પીછાનવામાં ભુલોછ, પણ હવે હું તમુને પારખવામાં ભૂલતી નથી.

જાલ—તું નાદાન છે. આય બે બદામના ભમાવવાથી ભુલીછ.

ખુશરો—વહેતા ઝરાનું પાણી સદા ધીમે ધીમે વહીને જમીનમાં ઉંડો ખોહ પાડેછ, તેજ પ્રમાણે એઓ ઉપરથી ઘણા સાદા ને ભોળા દેખાયછ, પણ ખરૂં જોતાં તહમારી હુરમતના કોટમાં ખોહ પાડનાર છે.

મીનોચેહેર—(ગત રમેછ) અરરર! તું બિચારી સાદી ભોલી, આય નાપાક ખુશરોની ફરેબની બાજી સમજી શકતી નથી. એ એમ બોલવી ભમાવીને તુને ફાંસમાં ફસાવવા માંગેછ, દોસ્ત બની દુશમનની ગુરજ સારેછ.

[દીનાના મનમાં નવો ખીયાલ આવતાં તે સાવધ બનેછ.]

દીના—(હિમ્મતથી) હું બધું સમજુંછ કે ખરૂં કાણુ છે. બકરૂં ઉઠાવી જવાનું હોયછ, ત્યારે વરૂ જેમ બરાડા પાડતું નથી. પણ શીકાર પંજામાં સપડાતાં તેપર તરાપ મારવા કદી ચુકતું નથી; તેજ પ્રમાણે તમો બંને વરૂઓની લુચ્ચાઇ છે.

દીનીયાર—(ગુસ્સાથી) શરમ છે તહ્માારી ઉપર! હેફ છે તહમારા કરતુકો પર.

જાલ—(ફરેબ કરી) શું કરૂં, દુનિયા એવી બેહયા ને દગલબાજ છે, કે જ્યાં રાજહંસ બેસવાની હિમ્મત કરી શકતો નથી, ત્યાં ગીધડાં બીજાં પક્ષીઓને પકડી ઉજાણી કરેછ, નીચ લોક ઉંચ બનવાથી મ્હારા જેવા ગ્રહસ્થોને નીચું જોવું પડેછ.

દીના—(અફ્સોસ કરે છે) એ ખુદા હું કેવી નાચાર, કેમી કબસમાં ગીરફતાર છું, નથી કોઇ વાલી, કે નથી કોઇનો કંઇ આસરો! હવે કાંહાં જાઉ? કાંહાં આસરો મેલવું?

દીનીયાર—(દીનાને દીલાસો દે છે) દીકરી તું ના ડર, જ્યાં સુધી મ્હારા દિલમાં જાન છે, તાંહાં સુધી હું તુંને મ્હારી દીકરી પેઠ ગણીને પનાહમાં રાખશ, તુંને સંભાળશ, સાચવશ.

મીનોચેહેર--(દીનીયારને) મોબેદ, એ શું બોલોછ?

ખુશરો--દીના, જો તમુને એક સાચા મદદગાર અને સલાહકારની જરૂર હોય, તો આ મહારો જાન ને જીગર તમારે માટે હાજર છે.

દીના—(કરગરીને) હું માયબાપ વગરનું નીરાધાર ફરજંદ છેઉં, આ દુનીયામાં મ્હારૂં કોઇ વાલી નથી. પણ જો ત્હમે મ્હને મદદ કરો તો હું આય લીઆનતીઓને એવો નતીજો બતાઉં, કે પોતાની ખોડ જીંદગી સુધી ભુલી જાય.

ખુશરો—મદદ હું દીલોજાનથી કરવા તૈયાર છું, સદાનો તહમારોજ થઇ રહેવા હાજર છું.

[દીનાના, બંને હાથ માગેછ, દીના આપેછ]

દીના--તયારે તો મ્હારા હાથ તહમુને સોંપવા તઇયાર છું, લો આ હાથ, ને જો એ હાથ પવિત્ર કોલથી કબુલ કરશો, તો હું સદાની ત્હમારી થવશ, સેવા બજાવશ, સુખી કરશ.

[ખુશરો હાથ ચુમે છે, જાલ, વચ્ચે પડી હરકત કરેછ.]

જાલ—એ કદી નહીં બનશે, કદી નહિ થશે.

ખુશરો—(ગુમાનથી) એ જરૂર મ્હારી થશે.

[દીનાને બગલમા પકડીને બચાવમાં ઉભો રહે છે.]

જાલ—એનો ખરો વાલી હું છેઉં, તેથી સઘળાં બેખબર છે.

દીના—તદન જુઠું ! મ્હારા વાલીના નામને તુમે કલંક લગાડી ચુકાછ, તહમારો હક ગુમાવી બેઠાછ.

જાલ—(સ્વગત) વરસોની મહારી મેહેનત શું એમ આસાનીથી ધુળમાં મળશે ? (વિચારીને) નહીં, કદી નહીં ! જે થાય તે ખરૂં, બસ દીનાને આખર જેર કરશ તો જીતસ, નહિ તો આખર મરશ (રોઇનતનને અલગ) મીસ્ટર, જો ગજવાં તર કરવાં હોય તો અમને મદદ કરો, કે એઓને બાહર જવાનો રસ્તો બતાવે મજા ચખાડીએ.

મીનોચેહેર--(રોઇનતનને) કાઇબી રીતે આય છોકરીને હાથ કરવીછ, જો તહમારી મદદ હોય તો બન્નેને જેર કરતાં કેટલી વાર ?

રોઇનતન—ફીકર ના કરો હું તજવીજ કરૂંછ, તહમો તહમારી બાજી પુરેપુરી અજમાવો, પછી મ્હારી મદદ હાજર છે.

જાલ—ખુશરો, હવે એકબી સુખન બોલવા વગર અહીંથી ચાલી જા.

મીનોચેહેર—દીનીઆરજી, સંભાળજો ? તહમુને કેવા શખ્સો સાથે કામ લેવુંછ, તે તહમે જાણુતા નથી.

દીના—ફરેબી ને હિચકારા શખ્સ, કદી મરદ બચ્ચા હોતા નથી.

[મીનો ખુશરોને ગલીચીમાંથી પકડે છે.]

મીનોચેહેર—તાબે થા, યાતો જહાનમમાં જા !

[ખુશરો હિમ્મતથી પોતાની પીસ્તોલ મીનો તરફ તાંકે છે.]

ખુશરો—તાબે થવા આગમચ પેહેલાં તહારો જાન લેવશ, ભલે ખૂન કરી ફાંસી જવશ.

[જાલ, ઝડપમાં ખુશરોની પીશતોલ છીનવી લે છે.]

જાલ—(ખુશરોને) દગાબાજીની કારસાજીમાં બચ્ચા, તું હજી કાચ્ચો છે.

ખુશરો—(સામે થાય છે) નહિ શયતાનો તહમે ભુલોછ.

[ખુશરો જાલની પીસ્તોલ તેની ગફલતીનો લાભ લઈ છીનવી લે છે.]

દીના—(ધભરાટમાં) ઓ ! કોઈ બચાવો.

દીનીઆર—બદમશો ! લડી ના મરો; ખુદાનો ડર કરો.

રોઇનતન—બદમાશો, તહમે જાણોછ, કે તહમે કેવો ગુનોહ કરોછ, ને કેવા પાપમાં ડુબી મરોછ ? તારી ખરી બૈરી હૈયાત છે, હમારી સાથે છે.

[રોઈનતન બારણું ખોલે છે. આલાંને બાહર આવવા ઈશારો કરે છે.]

જાલ—(ચોંકીને) ઓ દગલબાજ, તું કોણ છે ?

રોઈનતન--(હિમ્મતથી) હું ડાકટર રોઇનતન પોતે છેઉં (દાહડી કાઢી નાખે છે) ને મીનાની ખરી બૈરી આલાં અત્રે હાજર છે.

[બિમાર આલાં દુ:ખી હાલતમાં સામે આવે છે.]

મીનોચેહેર—(જાલને) તમામ પાપ ખુલ્લું થયુંછ ! હવે મહારૂં આવી બન્યુંછ !

આલાં— (દયાથી મીનોને) મીનો, મહારા મીનો, તુંને એ શું બુરૂં સુજેછ ? ખુદાને તું કેમ ભુલેછ ?

જાલ—અરરર ! એતો આપણે બીછાવી જાલ, અને આપણાજ બુરા હાલ !

દીનીયાર—ઓલો ચંડાલો ! હજીબી કંઇ કારસાજી બાકી છે ?

રોઇનતન—(જાલને) જો ઇજતની બરબાદી બચાવવી હોય, તો ચુપચાપ પાછલે રસ્તે દફે થા, નહિ તો મહારી એક ઇશારતથી છુપાવેલા માણસો આવી તહમો બન્નેને પોલીસના હવાલે કરશે.

દીના—(આલાંને બગલમાં દાબી) બહેન, ધીરજ ધર, ખુદા મુશ્કેલ આસાન કરશે, તહારો નીગાહબાન થશે.

આલાં—(મીનોનો હાથ પકડી) મહારા મીનો, હજીબી ખુદાની હયા કર; મહારી હાલતપર દયા કર.

જાલ—(આલાંને બતાવી) આય બધાં કારસ્તાન એનાજ છે. એની દયામણી આંખોની કદર ના કર, એના કતુંકો દરગુજર ના કર.

મીનોચેહેર—ખરૂં છે. આલાં તેં મ્હને જાહેરમાં રૂસવા કરી દગો દીધો, બીજી વખત માહરી બાજીમાં મહને માહત કીધો, હવે એમનીજ સાથે વસીને મર, રીબી રીબીને જીન્દગી પુરી કર !

[મીનો, અફ્ળાટ મારે છે, આલાં પછડાઈ પડે છે.

જોલ—(સ્વગત) બચ્ચા નહાસ નહિ તો ફસિયા.

[બન્ને જણા લાગ મલતા પાછલે પગે સટકી જાય છે.]

રોહનતન—(મીનોને) જવાદો, એમને એમના પાપમાં મરવા દો, કરણીનો કર ભરવા દો.

દીનીયાર—નાપાકો ! જાવો, (આલાંને બતાવી) ખુદા એનો વાલી છે.

ખુશરો—
દીના— } શુકર હકતાલા, તહારી કરામત ન્યારી છે, નેકોનો તું રખવાલી છે.

[ખુશરો ને દીના એકમેકના પાસામાં ઢળે છે, ખુદાના શુકર કરે છે. દસ્તુર દીનીયાર, બન્નેના માથાપર હાથ મુકી દુઆ દેછે.]

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો-પ્રવેશ પહેલો.

:o:

બાઇમાયની સ્કુલનો કંપાઉંડ.

[છોકરીઓ સાથે મળી ગરબો ગાય છે. ગાયન બાદ ઘંટ વાગે છે, આલાં સામેથી આવતી જણાય છે.]

ગાયન ૧૩ મું.

છોકરીઓ-સખી ગાવો, મન બહેલાવો, ચંચલ તનમન હરદન સાથ,
ભણી મનમાં, સીખી જગમાં, નિતિના ગુણ ગાવો.—સખી.
ભણી હર તરાહનાં બેહેન આજ, ઢંગ રંગના,
સુખી તન તમારૂં બુદ્ધી સાથ, રહેશે રંગમાં.
સંસારમાં, આચારમાં, હરેક સારમાં,
બુદ્ધી ખોલેથી સહુતરે, સંસાર સારમાં—સખી.

રતાં—(સામે જોઇ સર્વેને) સામેથી આલાંમાય માસ્તર આવેછે.

[આલાંમાય આવે છે. સર્વે છોકરી સીધી ઉભી રહી સલામ કરે છે.]

આલાં—(બાનુંને દિલગીર જોઇ) દીકરી બાનું, આજે તારી તબિયત કેમ છે મા?

બાનું—આલામાય, તબીયત આજે ઠીક હોવાથી સ્કુલમાં આવીછ.

આલાં—(પસવારીને) દીકરી, તું તદન વેલ થઇને આવતે તો સારૂં, તું કેટલી પેલ થઈછ? તું પાછી ઘેર જા, તદન સારી થઇને આવજે.

બાનું—તમારી પાસે શિખવા આઉંછ, તો મને ઘણું ગમેછ, ઘણું સોહવાયછ, તમે કેવાં માયાલુ છેવ?

નાજાં—અમારાં બાઇમાય માસ્તર તો અમારીસાથે ઘણાંજ સખત રીતે વરતેછ ને તમે તો હમુને આખો દહાડો હસાવી, રમાડીને સિખવોછ, તેથી તમે હમુને ઘણાજ ગમોછ.

આલાં—છોકરીઓ! આજે તમારાં વડા હેડ માસ્તર બાઇમાય કિન્ડરગાર્ટનનું લેસન સિખવવા આવનાર છે, માટે હુશીયાર રેહજો ને બરાબર પરિક્ષા આપજો.

[સર્વે છોકરીઓ આલાં સાથે સ્કુલમાં દાખલ થાય છે, તેટલામાં બાઈમાય, ને હમાયજી ચોપડી વાંચતાં વાંચતાં આવે છે.]

બાઇમાય—(ચોપડીમાં જોઇ) ઓ મારા ખુદાયજી ! (દમ લેછે) મરેરે કયારનું મોહડે કરીએછ, પણ મુવું માથાબાનામાંજ યાદજ રહેતું નથી. હમાયજી વાંચની, એ શું લખેછ !

હમાયજી—(ચોપડીમાં જોઇ) મરેરે ! એ કિન્ડરગાર્ટન બનાવનારનું ખોદાયજી શું ભલુ કરશે ? (ચોપડી પટકે છે) માસ્તરોના ભેજાંપર નવો બોજો લાધી, મગજનું દહી બનાવવાનું કામ સોંપ્યુંછ.

બાઇમાય—મરેરે હમાયજી ! છોકરીઓને કિન્ડગાર્ટનની રૂઢીથી શીખવવમાં ફાયદો થવાનો હોશે પણ હાલતો આપણા જેવી સ્કુલ ચલાવનારીઓને ફાયદોજ છે.

હમાયજી—હારે, તું ખરૂં બોલી. કચરો પુંજો કઢાવવો હોય તો કિન્ડરગાર્ટનની મદદ, રાંધવું સીધવું હોય તો કિન્ડરગાર્ટનનો હોકમ; દીવા બત્તી કરવી હોયતો કિન્ડરગાર્ટનની રૂઢીને પ્રતાપે છોકરીઓ પાસે કામકાજનાં વહીતરાં તો મજેહથી કરી લેવાયછ.

બાઇમાઇ—(હસતાં હસતાં) આય કિન્ડરગાર્ટન કળા શોધી કાઢનારે, સંસારની દરેક ફરજ તેમાં ઉમેરીછ, જેથી આપણો સંસાર પણ નોકર ચાકર વગર મજેહનો ચાલેછ. (હમાયજીને) ચાલ માય હવે વેકી જા, ને છોકરીઓને તેડવાનો બેલ વજાડ (હમાયજી ઘંટ વજાડેછ, સર્વે છોકરીઓ ડંબેલ્સ સાથે દાખલ થાયછે) ચાલો છોકરીઓ ! ડંબેલ્સ બરાબર ફેરવજો, ડમબેલ્સથી દમ ઉંચે ખેંચાય છે, લંગ્જ ખીલી મજબુત બને છે, હાથનાં મસલ્સ ખીલેછ, નજર ચંચળ બનેછ, બદનમાં તાકાત આવેછ.

ગાયન ૧૪ મું

છોકરીઓ—તનને મનને દમને ખિલવો, ચાલો બેહેની સંગજી,
ખીલે દમના રંગજી, ભૂલે ગમના ઢંગજી.
મુંખને રંગ દે, લોહી ખિલવે, કસજો કમર તંગજી
ધરજો સહુ ઉમંગજી. તનમાં મનમાં તંગ,

કોરસ.

ખીંચો, દમને વાહ, વાહ ! ખુશ બનશે તન મન રંગી,
ફરો યાંહ, તાંહ હર જગ જાંહ;
ખીલે તન મન ખુશ થઇ વાહ વાહ વાહ !—તનને.

[ગાઇ રહેતાં હમાયજી બધી છોકરીઓને સફેદ એપ્રનો લાવી આપી બંધાવે છે]

બાઈમાય—(રતાંને) રતાં, બોલ જોઉં ! ચાર ટીપરી ચાવલ ચેરવવા કેટલા સેર પાણી જોઇએ ? બળતું કેટલું જોઇએ ? ને કેટલા વખતમાં તે ચરી રહેશે !

રતાં—દસ શેર પાણી, ચાર શેર કોલસા ને ત્રણ ફીટ બળતું.

નાજાં—(વચે પુરઈ) બાઈમાયજી, તે અનુભવ વગર કેમ કહેવાય ? બળતું ધીમું થાય, તો વખત વધારે લાગે, ને બળતું ઘણું થાય તો જલદી ચરે.

હમાયજી—ધેટસ ઇટ ! અનુભવ વગર નહિ જવાબ આપી શકાય. ચાલો વેરો (રતાં તથા નાજાંને) તમે બન્ને જણીઓ બાવરચી ખાનામાં જઇ ચાર ટીપરી ચોખા લઇ રાંધીને તમારો અનુભવ કેવોછે બતલાવો જોઉં ?

[બન્ને છોકરીઓ આનાકાની સાથે જવા ચાહેછે,
બાઇમાઇ રોકેછે]

બાઇમાય—પણ જોજો ! ચાવલ બાળી ના નાખતાં (મનસે) ચાલો એક કામ પત્યું (બીજી છોકરીને) પોપટ વિધ્યા ફોકટની છે, દરેક કામમાં વહેવારૂ સમજ જોઇએ, હાથે જાતે કીધા વગર સમજ નહિ પડે. જો અહીં આવ પીલાં ! (ઘાસ દેખાડી) આય આસપાસ ઉગેલું ઘાસ પાંદડાં એમજ ઉગવા દીધાં હોય તો શું થાય ?

પીલાં—જંગલ થાય ને તેમાં પંખેરાં માળા બાંધી વાસો કરશે.

બાઇમાય—(નેતર ફટકાવી) મુઇ ધોબો છે ! જો સમજ એમ ઘાસના જાળાં વધવા દીધાં હોય, તો આસપાસ સફઇ સુઘડઈ નહિ રહે.

[બાઇમાય કાન પકડે છે, પીલાં મરડાય છં]

પીલાં—(કુદકા મારતી) હાજી, હાજી, હું સમજી.

બાઇમાય—ફક્ત મોહનેથી સમજી, એ શિક્ષણ કંઇ કામનું નથી, એતો જાતી અવલોકનથી શિખવું જોઈએ. જા, જઇને કંપાઉંડમાં ઉગેલું ઘાસ કાપી કાઢ (માકીને) જો મકકી તું બધા કયારાપર પાણી સીપજે, કે છોડવા કરમાય નહીં (બન્ને છોકરીઓ બબડતી ફફડતી જાય છે. (હમાયજીને સ્વગત) એ રીતે એક માલીનો પગાર બચાવી શકાય છે.

હમાયજી—ને તમે બીજી બધીઓ મ્હોનું શું જોયા કરોછ ? જાવો, ને જેને ફાવે તેમ રાંધણીમાં જઈ વાસણ કેમ ઉજાળવાં,

મસાલો કેમ છુંદવો ? રોટલી કેમ થાપવી ? તરકારી કેમ સમારવી ? કેમ રાંધવું ? ને પછી કેમ સીવવું સાંધવું, બધું હાથે જાતે જઇ શીખો જોઉં ?

[સરવે છોકરીઓ કુદ્દડતી જાય છે.]

બાઇમાય—(હુમાયજીને) મરેરે ! કિન્ડરગાર્ટન, તેં કેવું સરસ સુખ આપણા જેવાં ગરીબ માસ્તરો માટે પેદા કીધુંચ ? છોકરીઓને કામકાજ કરવા કહ્યું હોય, તો મુઇઓ ઈતરાટથી ના પાડશે, પણ કિન્ડરગાર્ટનનું શિક્ષણ આપવાની મતલબ તળે વધુ કામકાજ તેમના વાલીઓની રજામંદીથી દહાડામાં એક વખત કેવું કરી લેવાયછ ? (હુમાયજીને) જા હુમાયજી તું બધી છોકરીઓપર નપાસ રાખજે, મુઇઓ બધી આંગચોર છે.

[બંન્ને અંદર જાય છે, બીજી તરફથી જાલ ને મીનો દાખલ થાય છે.]

મીનોચેહેર—બીરાદર જાલ, હવે એ આલાંને ઠેકાણે કેમ લાવીએ, શું તજવીજ અજમાવ્યે ?

જાલ—એ એમ સમજાવવાથી તારા રસ્તામાંથી ખસતી નથી, તો બીજી બાજી અજમાવીએ; બીજી તરેહથી ઠેકાણે લાવ્યે.

મીનોચેહેર—તે કેમ ? યાર, તું મને કોઇ સીધો રસ્તો બતાવ, કે એ ગળામાંની તોક્થી છુટું, મનગમતી કોઇ બીજી મેળવી રાહત પામું.

જાલ--હવે તો એને ખુશરોની હિમાયત મળવાથી તે વધુ બુમ પડાવવા ને સતાવવા માગે છે, તેમ દીના પણ એને મળી ગેઇછ, એમ જણાયછ. હવે તો એને કોઇ એવી રીતે ગુજરાનના સાધન વગર રખડતી કરીએ, કે તે નાચાર મહોતાજ બની તુંને તાબે થાય, તારી ચાહી મુરાદ બર લાવવામાં તુંને મદદ કરે.

મીનોચેહેર—એના કબજામાં મેં નવસારીમાં લખી આપેલું લગનનું લખત સલામત છે. તે મ્હારી રૂસવાઇ કરાવનારૂં, અને મને એકાએક ને એકદમ કચડી નાખનારૂં એક ભયંકર હથીયાર છે.

જાલ—જો તે આય સ્કુલના સાધનથી પોતાનું ગુજરાંન ચલાવી શકેછ, તો એને અત્રે એવી રૂસવા કરીએ, કે તેની રૂસવાઇ જગ જાહેર થાય; અહીંથી રખડતી થઇ બીજે કેથે ઠર પડી શકેજ નહિં.

મીનોચેહેર—દોસ્ત ! તું જેવી સલાહ આપે, તેવી રીતે હું ચાલવા તૈયાર છેઉં, એની જીદ ને હટીલાઇથી મને તેની તરફ એવોતો ધિક્કાર ઉપજ્યોછ કે હવે કદીબી તેણીની સાથે હુ મારો સંસાર જોડી શકનાર નથી.

જાલ— વાતમાં વખત ગુજારવામાં સાર નથી. હવે તું અહીં કેથે ફરતો રેહેજે, હું ચેતાઉં ત્યારે તુરત અંદર આવજે.

[મીનો બહાર જઇ ફરે છે, હમાયજી બહાર આવતાં જાલને મલે છે.]

હમાયજી—ભઇ, કોણુને પુછોછ ?

જાલ—આય સ્કુલના બાઇમાય માસ્તરને મલવાની રજા મલશે ?

હમાયજી—હાજી ! ઉપર પેહેલે માળે તેવણ પોતાના રૂમમાં હોશે; ત્યાં જઇ મલોજી.

જાલ—થેંકસ ! [જાલ ઉપર જાય છે. બીજી તરફથી છોકરીઓ, કોઇ ખરડાયલી, કોઈ આંગલીએ પટી બાંધી પાણીથી ભીનાયલી ઢોંગ કરતી આવે છે,]

નાજાં--ઓ હમાયજી હું બળી ગેઇ !

હમાયજી— શું છે ? એ શું અવતાર ? મરેરે એ શું ડોહરૂં કરી આવી ?

નાજાં—તમે ચુહલાપર રાંધવા કહ્યું, તો રાંધવા જતાં એપરન સળગી ઉઠીયું.

પીલાં—ઓ ! તમે કામના કરાવતાં મરેરે ! ઘાસ કાપતાં મ્હારાં આંગળાં કપાઇ ગીયાં.

[માકી ખરડાયલી આવે છે.]

માકી--હમાયજી, પાણી સીપતાં પડી ગેઇ ને ખરડઇ ગેઇ !

હમાયજી—ઓ માયરે ! આજે એ પોરીઓને શું થયુંછ ? મુઈ-એઓએ નવી વેઠ મારે માટે કાઢીછ.

રતાં—(મેસથી ખરડાયલી) ઓ હમાયજી, મરેરે ! જુઓની, મને એ શું લાગુંછ?

[મેસ હમાયજીના મોહનાને ચોપડે છે]

હમાયજી—મરેરે! એ શું કીધું? સુન્ના જેવા એપરનો બગાડી નાંખ્યા?

નાજાં—ને હમારાં કાજગરા જીવ જતાતા, તેનું કંઇ નહિ કે ?

પીલાં—(ઢોંગથી રડીને) મારા હાથમાંથી બધું લોહી નીકળીને ખાલી થઇ ગીયું ! હવે હું જરૂર મરશ (રડીને) હવે શું કરશ ?

હુમાયજી—મરેરે! નકામી આય વેઠ માથે ઉઠાવી !

નાજાં—હુમાયજી, ચાલોની, હવે મને નહવાડીને કપડાં બદલાવો.

પીલાં—ને મારે સારૂં ડોકટરને તેડાવોની! જો જો, હવે હું નોટીસ આપીને મરી જાઉંછું.

[ઢોંગ કરી જમીન પર લાંબી થઇ સુઇ જાય છે]

હુમાયજી—ઓ તમે મરેરે સતાવતી!

નાજાં—રોજ રોજ મુફતમાં અમારી પાસે કામ કરાવી લેતાં કેવું મીઠું લાગતું તું?

માકી—ને હવે હમારી સારવાર કરતાં દુખ થાયછ ?

રતાં—વેકોની હુમાયજી. નહિં તો હમે હમે ઓ ઓ બેસુધ્ધ થઇ જઇશું.

હુમાયજી—મુઇઓ બધી મસ્તાન છે. ચાલો, અંદર આવો.

[બધી છોકરીઓ હુમાયજીને બનાવતી, દોદરી કરતી ખેંચી જાય છે. આલાં ગમગીન હાલે દાખલ થઇ વિચાર કરે છે, પાછળથી મીનો ધીમે પગલે આવે છે.]

આલાં—(મનસે) આલાં ! આગલી યાદ, આવા એકાન્તમાં ત્હારા જીગરને કેવી દુઃખદાયક થઇ પડેછ! ખરૂં છે, કે ઇન્સાનના જીવન પ્રવાહમાં એકવાર સુખની ભરતી આવેછે, તે વખત સાચવી લીધો તો નસીબ ખુલે છે, પણ વગર વિચારે તેને તુચ્છકાર્યો હોય, તો આખી જીંદગીની મુસાફરી આફતોમાં ગાળવી પડે છે. આવા ઉછળતા દરિયાવમાં આલાં ! તું તરતી થઇ છે, જ્યારે આ પ્રવાહ તુને કામ આવે, ત્યારે તેમાં ઉતરવું, તથા તરવું જોઇએ, નહિ તો તેમાં ગુજારેલી જીંદગી નિષ્ફળ જાય છે.

[મીનો સામે આવે છે, આલાં તેને જોઇ ચોંક છે, ધભરાય છે]

મીનોચેહેર—આલાં !

આલાં—મીનો ! ત્હમે અહીં કાંય આયા !

મીનોચેહેર—તું સમજતી નથી, ત્યારે ફરી તુને. સમજાવવા અહીં આયોછ.

આલાં—મને શું સમજાવવા માગોછ? તમે મારી જીંદગીની ધુળ કીધી, મને છુપાછુપ પરણી બેવફા બની આય નામોશી ભરી હાલતે પોહચાંડીછ, મારી સાથે મારાં ગરીબ માયને દુઃખી કીધી! ને હવે શું ચાહોછ?

મીનોચેહેર—તુને હું કહી ચુકોછ, કે હું મારા કોલને સાચ્ચો નિવડશ, તેં ઉતાવળી થઈને મને પરણેલો જાહેર કરી, મારા માય બાવા પાસે મને રૂસવા કીધોછ તે ત્હારી ભુલ સુધારી મ્હને મદદ કર, લગન-ની વાત નામુકર જા.

આલાં—હું શી રીતે મદદ કરૂં? હું તમુને હજાર વખત કહી ચુકીછ, હવે હું તમારા રસ્તામાં સેહેજબી આવનાર નથી, મારૂં ગુજ-રાન જેમ આબરૂ ઇજ્જતમાં કરતી આવીછ તેમ કરશ, મારી છુપી નામોશીભરી હાલત હું કોઇબી રીતે મીટાવશ.

મીનોચેહેર—(ફરેબથી) આલાં ડિયર! એટલી મુસીબત ઉઠાવ-વાની કશી જરૂરત નથી, માત્ર તારી પાસે જે મેં લગનનું લખત લખી આપ્યુંછ, તે ચોક્કસ સબબ સારૂં મને પાછું આપ, આપણે પરણીયાંછ તે ગાંઠ, લખત પાછું આપવાથી કદી તુટનાર નથી અને હું મારા માય બાપને સમજાવી વખત આવવે બધું સમાધાન કરાવી લેવશ, તુંને સંતોષ આપશ.

આલાં—મારી તમુને સેહેજબી દરકાર નથી, ત્યારે એવાં ચીથરાં જેવા લખતની એટલી બધી દરકાર કાંય રાખોછ?

મીનોચેહેર—તું એ ચીથરાંની એટલી બધી કિંમત કાંય ગણેછ?

આલાં—જયારે તમે એ લખતને વધુ અગત આપોછ, ત્યારે મ્હને એની કિંમત વધુ દિસેછ.

મીનોચેહેર—તું ભુલેછ (ચીરડાઇ) હું તેની કે તારી સેહેજબી દરકાર કરનો નથી.

આલાં—જેના હાથપર જખમ નથી, તેણે વગર ફીકરે ડંખનાં ઝેરને હાથમાં પકડી રાખવામાં કશો ડર નથી. કેમકે ઝેર સાફ હાથને કશી ઇજા કરી શકતું નથી, પણ જેના હાથમાં બદકરમોના જખમ પડેલા છે, તેને ડંખનું ઝેર જેર કરવા, મૌતને બિછાને પછાડશે, રીબા-

વીને મારશે, તેથી તેણે તે ઝેરથી ડરવું જોઇએ છે.

મીનોચેહેર—કુવો ખોદનારા પાણીના ઝરાને ગમે તેમ વળાવી શકે છે, તીરંદાજ કમાનને ગમે તેમ વાળી શકે છે, તે પ્રમાણે કળા-બાજ ઇનસાન પોતાનું ધાર્યું કામ ગમે તેમ પાર ઉતારવાને શકિતવાન છે, તે યાદ રાખવાની જરૂર છે.

આલાં—જે પ્રમાણે મજબુત ખડકો તુફાની પવનથી સેહેજબી હીલતા નથી, તે પ્રમાણે પવિત્ર ને સાફ દિલનાં માનવી કશાબી ભયથી ડરતા, કે ડગમગતા નથી. ત્યારે તમે શા માટે ડરોછો ? (તુચ્છકારથી) ફ્કત તમારા પાપની દહેશતથી !

મીનોચેહેર—આલાં ! તેં મ્હારા જીગર પર અત્યંત જખમ કીધોછ?

આલાં—મિનોચેહેર ! તમે મારી જીંદગીની ધૂળ કરી મ્હને બર-બાદ કીધીછ.

મીનોચેહેર—તારી એવી જીદથી, મને મારી જીંદગી હવે અકારી લાગેછ.

આલાં—જેને ઉંઘ નથી તેને રાત લાંબી લાગેછ, જે થાકેલો છે તેને માઇલો લાંબા ભાસેછ, જે પાપી છે તેને જીંદગી ભારી લાગેછ. તેમ ત્હમે ગુનહા કરી મને નામોશીમાં નાંખી હવે પોતાની જીંદગીથી કંટાલોછ, તો તે કંટાલો દૂર કરી સુખી થવાનું તમારા હાથમાં છે.

મીનોચેહેર—હું તારી ફીલસુફી સાંભળવા અત્રે આવ્યો નથી. હું માત્ર જવાબ લેવા આયોછ ને જો તારી હટીલાઇ નહીં છોડશે, તો જોઈશું ! કોણની હાર છે ! કોણની જીત છે ? [તુચ્છકારે છે]

આલાં—(ઉસકેરાઇ) જે ઇનસાન બીજાનું નુકસાન કરેછ, ખોટું બોલી બીજાનું લુટીલેછ, પરસ્ત્રીપર બદનજર કરેછ, તે આય જગતમાં પોતાની જડ પોતેજ ખોદી બરબાદ થાયછ, એ યાદ રાખજો.

[આલાંના ગુસ્સાદાર તાણાંજાનીથી મીનો સ્તબ્ધ બને છે, વિચારમાં પડે છે, આલાં ગુસ્સાથી તપ્ત બને છે, બીજી ગમથી બાઇમાય ને જાલ દાખલ થાય છે.]

જાલ—(જાલ ફરેબ રમે છે. અલગ) બાઇમાયજી, ખરૂં માનજો, મારો નેચર કોઇનુંબી ભલું કરવું એવો છે. જુઠાપર મને ધિક્કાર

છુટેછ, તુમડાં અથડાવનારનો તો હું કટટો વેરી છેઉં, ભલાઓનો દોસ્ત છેઉં, ને ગીબત ખોરોનો તો દુશ્મન છેઉં.

બાઇમાય—સારૂ થયું બા, ત્હમે મને જલ્દી ચેતાવી.

જાલ—(બાજુ) મારી ફરજ હતી તે બજાવી માયજી; તે કરતાં તમે બહાદુરખાનવાલાઓને પુછશો, તો તેઓબી એ છોકરીની ચાલચલન માટે તમુને સરટીફીકેટ આપશે.

[જાલપર નજર પડતાં ચોંકી સ્વગત.]

આલાં—કોણ ! જાલેજર ? હવે હું સમજી ! તમારા લોકનાં હેરેમંદીભર્યાં કારસ્તાન અહીં પણ ચાલુ થઇ ચુકાંછ.

બાઇમાય— (આલાંને ટકોરમાં) કેમ માય તમે એવણને ઓળખોછ ?

આલાં—હાજી. ઘણી સારી રીતે (બન્ને ભણી તુચ્છકારથી) એક એવક્ષ બેશરમ છે! (જાલને) બીજો બદકેરદાર બદકાર છે.

જાલ—જોયું? બાઈમાય ! તમે હજી તો પુછો તેટલાંમાંજ પોતાની લાયકી બતાવેછ.

બાઈમાય—હારે મરૂં, હું તો એની મીંઢી મસકલી બોલી પરથીજ પામી ગઇછ બા. આલાં ! મને તારી હલકી ચાલચલણની વાત આજ વેર ખબર નહિ હતી તેથી મેં આજવેર મારી સ્કુલની જુવાન છોકરીઓને તારી સાથે ભેળાવા દીધી પણ હવે હું મારી સ્કુલનું નામ જાહેરમાં વગોવાય તેથી તુંને અહીં રાખી શકતી નથી.

આલાં—(હેબતી જઇ) બાઇમાય, એ શું બોલોછ? તમે મારી ખરી હકીકત જાણોછ ?

બાઈમાય—હું બધું જાણુંછ, હવે મુગી મુગી અહીંથી રૂખસત થા. તારા એક માસની નોટીસનો પગાર પણ લેતી જા.

આલાં—તમે માય જુઠા બદમાશના ભમાવવાપર કાન ના આપો. મારો જયારે ખરો ખુલાસો સાંભળશો, તો એ બન્ને બેશરમ બદમાશોપર થુકશો.

મીનોચેહેર—બાઇમાય ! હમે કંઇ આલાંનાં દુશમન નથી, એતો ખરી વાત હતી, તે મારા દોસ્તે જણાવી હશે.

આલાં— (એકદમ ઉસકેરાઇ સામે ધસી) મીનોચેહેર ! જાલેજર ! તમારા પાપ તમુને સજા કરશે નહિ, એમ ના સમજતા !

પાણીનું એકેક ટીપું ઝીલવાથી વાસણ છલાછલ થઇ શકે છે, તેમ તમારાં પાપનાં એક એક ટીપાંથી તમારાં પાપનો ઘડો છલાછલ બની અંતે ફુટશે; ત્યારેજ તહમારાં પાપી જીગર તુટશે, ખુદાનો કેહેર ઉતરશે! (બાઇમાયને) તમારા જેવી કાચાકાનની ઓરત પાસે મારો ખુલાસો નકામો છે. હું કેવી છેઉં, કોણ છેઉં! તે ખુદા જાણેછ: તમારો પગાર કે નોટીસ મને કંઇ જોઇતું નથી, આય અપમાન મ્હારાથી નહિ સહન થાય તેટલું છે, પણ આજના અપમાનનો પસ્તાવો તમુને બધી વાત જાણતાં જરૂર પશ્ચાતાપમાં નાખશે (બન્નેને) અને તમેબી યાદ રાખજો, કે આકાશમાં, દરીયાવમાં કે પહાડના ગુફામાં, દુનયાની પીઠપર એવી એકબી જગા નથી, કે જ્યાં જઇ તમે તમારાં બદ કરતુકોની સજાથી છુટી શકશો! બસ હવે મારા દીદાર કદી કોઇબી જોઈ શકશે નહિ! મારી હસ્તીની નિશાન કદી મલશે નહિ.

[ગુસ્સાના આવેશમાં આલાં ચાલી જાય છે. ત્રણે જણા આ તરારાથી ઠરસ થાય છે. નસલ ખેજાલતથી ભવાં ચઢાવે છે. મીનો ઘભરાય છે, બાઇમાય વિચારમાં પડે છે]

અંક ત્રીજો—પ્રવેશ બીજો.

સુનાબાઇનાં કૉટેજમાંનો એક રૂમ.

[બાજુમાં ટેબલ ને ખુરસી જણાય છે સુના વિચાર કરતી આવે છે]

સુના—આલાં કોણ જાણે કાહારે આવશે? (ગજવામાંનું વૉચ જોઇ) મરરે! એને આવતાં હજી એક બે કલાક જોઇએ! (વિચારીને) લોકોની જુવાન દીકરીઓ આય ઉમરે સંસારમાં પડી, ઘેરબારની થાયછ! ને મારી ખીલતી ગુલાબ જેવી દીકરી કંગાલિયતમાં ને દુઃખના દરિયાવ ડોહવતી ફરે? મુવા અમારાં બંનેનાં નસીબજ પ્રથમથીજ ફુટેલાં સરજાયાંછ (મનસે) સુના! તેં પણ તારી જુવાની વેહેમી ધણીના કાચા કાનને લીધે ધુળ કીધી, જુવાન જીંદગીમાં વિધવા બની, ને

જંજાલમાં પડી. ખુદા ! તોબી તહારી મેહેરથી અમારાં જીગરમાં સબર છે, તેથી તારી શુકરગુજારી કરી જીંદગીની મંજલ કાપીએછ.

[આલાં ધસારાબંધ આવી સુનાને વળગી પડી રડી પડે છે. સુના ધભરાય છે.]

સુના—(હેબતીને પાસામાં ચાંપે છે) શું છે દીકરી? માય, બોલ• ની ! શું થયું ? દુશમનના જીવને સારૂં તો છેની ?

આલાં—માયજી ! હું મુઈ પેદાની પડતી, તમારા માટે હું કદી સારી ખબર લાવી શકતી નથી.

સુના—પણ છે શું ? બોલની દીકરી ! મારો જીવ ઉડી જાયછ.

આલાં—માયજી ના ધભરાવો. એ તો તમુને મળતાં મારો ઉભરો ખાલી કરવા આગમજ રડી પડી, હવે છાતી હલકી થઇછ.

સુના—ભલે હલકી થઇ, પણ બોલ દીકરી, તું ધભરાયલી અક- ળાયલી કહાંથી આવી ?

આલાં—માયજી એ બન્ને હૈયાં સુનાઓએ મારી જીન્દગીની ધૂળ કીધીછ, છતાં હજી પુઠ મુકતા નથી. આજે મારી સ્કુલમાં આવી બાઇમાયને, મારે માટે ઉંધુ સમજાવી જેથી મને બેહોરમત કરી તેવણે નોકરીએથી કાઢી મુકીછ.

(સુના દિલાસો દેવા પેટમાં ચાંપે છે.]

સુના—દીકરી, ના ધભરા. જેવું તેઓ કરશે તેવું ભરશે (માથું પસવારી) ખુદાપર ભરોસો રાખ, તારા જીવને સંતોષ આપ (આસમાન ભણી હાથ ઉઠાવી) ઓ ખુદા ! હમો નાચાર, નિરાધાર માયદીકરીનો કોઇજ વાલી નહિ થશે ? હું જનમની દુઃખમાં બળુંછ, ને મારૂં નિર્દોષ બચ્ચું પણ તેવુંજ નસીબ ફુટું છે ? જેવી તારી મરજી (આલાંને) દીકરી ધીરજ ધરજે, દુઃખથી નાહિમ્મત થતી ના, દુઃખ અંતે સુખજ છે.

આલાં—માયજી, હુંબી તે માનુંછ ! મારા થકી, તહમે જીવને ના બાળો, ના સંતાપો.

સુના—દીકરી, તેં બાઇમાયને એ મુવાઓની ચાલનો ખુલાસો કીધો તો કે ?

આલાં—મીનોચેહેરનો જાલેજર નામનો એક દોસ્ત છે. તેણે અગાઉથી બાઇમાયને એવી તો ભંભેરીને મારી સામે લઇ આયો, કે

બાઇમાય મારૂં માને તેમ દિસ્યું નહિ, ને તેમની સામે કાકલુદી કરવા મ્હને ગમ્યું નહિ. આ કારણથી હું બાઇમાયને નમી નહિ, ને મારા ટેકમાં હું ઘર તરફ ચાલી આવી, કેમકે મારા મનમાં પાપ નથી, ને મેં કશું પાપ કીધું નથી.

સુના—આલાં, હવે તું હાથ મોનું ધોઇ લે. હું એ બાબતસર, ડોકટર રોઈનતન અને ખુશરો પાસે જઇ સઘળી હકીકત જણાવી તેમની સલાહ લઇ આવુંછ, જ્યારે એઓ આપણો પીછો પકડી સતાવવાજ બેઠાછ, તો હવે આપણને પણ હાથ જોડી ચુપ બેસવું જોઈતું નથી.

(સુના કોટી કરી જાય છે આલાં મન સાથે ઉસ્કેરાય છે.)

આલાં--જલ્દી પાછાં ફરજો માયજી, (એખલી પડતાં, આલાં પોતાની હાલતથી નજર કરી ચોંકે છે, ઉસ્કેરાય છે) હા ! નામોશી, જે ઘણી દુર નથી, તે હવે મળવાની બાકી છે ! (સામી તરફ જોઇ) મારાં ગરીબ માય ! ખરેખર તમે માયના નામને દીપાવનાર માય છો. આલાં તુંને જો કંઇબી સુખ હોય, તો આય ભલી માવતરની માયામાંજ છે. પણ તે હવે ફોકટ ! (વિચાર કરતાં કમકમી) કયાં સુધી એમને મારી નામોશીની હાલતથી અંજાણ રાખું ? જેમ જેમ તેવણ તહને જોયા કરશે, તેમ તેમ બળીઆ કરશે (વિચારમાં રડી પડે છે છાતી હલકી થાય છે.) આલાં તારૂં નસીબ ફુટું તું છતે વરે વિધવા બની ને કુંવારી રહીછ ! (યાદ આવતાં કમકમીને) ! હા ! નામોસી! નામોસી ! હવે હજી બીજું શું થવાનું છે ? હવે અહીં તને દુઃખ વગર કશું રહયું નથી, ત્યારે જલદીજ દુઃખનો છેડો લાવવો જોઈએ (ફરી વિચાર કરી) હા ! એજ વિચાર ! ને છેહલો ઠેરાવ (ટેબલ પાસે જઈ કાગળ પેન-સીલ કાહડતાં રડી પડે છે. રડતી રડતી કંઇ લખી ફાડી નાંખે છે ને ફરી વિચાર કરી લખી પરબીડામાં બીડી નજર પડે તેમ રાખે છે. મનસે રડતી રડતી) મારાં માય ! છેહલી સલામ; તમારી દુઃખી દીકરીને, યાદ કરજો પણ (આસમાન તરફ ઈશારો કરી) ત્યાં ! ત્યાં! મળવા માટેજ.

ગાયન ૧૫ મું.

રહી આસ ન મનમાં કોઇ, ધીરજ ખોઈ,
દુઃખ બહુ જોઇ, સુખબી ખોઇ.—રહી

નસીબ ગરીબના, રહે તંગ ભવના,
બહુ બહુ દુઃખને જોઈ, ધીરજ ખોઇ.—રહી
તહારે ચરણે આઉં શરણે,
તાર મુજને, સુદ્ધ ખોઇ.
મુજ મન અરપણ તુંજ દર પર તન — બહુ બહુ.

[આલાં રડતી આંખે રૂમાલ દાબતી લથડતે પગલે બહાર પડે છે. બીજી તરફથી સુના દાખલ થાય છે]

સુના—(હાંક મારતી) આલાં, (થોભીને) દીકરી આલાં ! (મનસે) રાંધણીમાં હોશે મરૂં (મનસે) સારૂં થયું ખુશરો સામો મલ્યો, ખુદાય એનું ભલું કરો, આજે કોઇ કોઇનું થતું નથી; પણ એ ખુશરો, મુસીબતમાં આજે દિલાસો દેનાર દોસ્ત નિવડયોછ (ટેબલ સાફ કરતી બોલે છે, તેટલાં કાગજપર નજર પડે છે) ઓ ! આય તો મારે નામનું કાગજ છે ! (કાગજને જોઈ) અક્ષર તો આલાંના છે ? (ઉતાવળે ધડકતી છાતીએ વાંચતી ધુજે છે) મારાં વ્હાલાં માતાજી ! તમારી દુઃખી દીકરી માટે હવે વધુવાર દુઃખી ના થતાં. (મનસે ધુજતાં) ઓ ખુદા ! એ વળી નવી શું આફત ? (વાંચે છે) મારી નામોશીથી હું મનમાં બળી, તમુને નાહક બાળવા ઇચ્છતી નથી, મને અત્રે રેહવામાં શોભા નથી. મારાં સુખ દુઃખનો વિચાર કરવાનો મુકી દેજો, ભઇ ખુશરોને મલજો, તે ભલો ભઇ તમુને દિલાસો દેશે, દીકરાની ગરજ સારશે. હું કહાં ગઇછ, મારૂં શું થયુંછ, તેનો ખ્યાલ મનમાંથી કાઢી મુકજો. લા૦ તમારી દુઃખી બેટી આલાં. (રડી પડે છે) ઓ દીકરી રે ! તું કાંહાં ગઇ ? (હેબતેલે ચેહેરે મક્કમ જુસ્સાથી) હવે હું રડી તતરી ખુદાને તરેહવાર બોલું ! મારા પોતાના હાલ બેહાલ કરી લેવું ? તો મને કોણ અટકાવનાર છે ? (બાલ પીંખે છે) આય દુનિયામાં મારે માટે હવે ઉમેદ રહી નથી ! હવે હુંજ મારી દુશ્મન બનીછ (ઉશ્કેરાઇને) એજ રતનશાહ બહાદુરખાને ! સુના, તારૂં ધાન ભાજ્યું ! એનાજ બેટાએ તારી દીકરીને નામોસી લગાડી ! ને હવે ! હવે ! રતનશાહ ત્હારા માટે ? (બેહદ ઉશ્કેરાઇ જઈને) મારા શ્રાપ વરસજો. (દીવાનાની માફક) વાદલાંઓને તોડી ફોડીને જો શ્રાપ આસમાનના ફરેસ્તાઓ સુધી પોંહોંચી શકેછ ? તો ઓ ફરતાં વાદળાંઓ હવે માહરા શ્રાપોને આગળ વધવા

રસ્તો આપો! દુનિયાની શાન્તતાની ખુવારી કરનારા; તે બાપ બેટાના પાપોપર નહિ વર્ણી શકાય તેવા ભયંકર રોગોના દુઃખો; વિજળી પેરે તુટી પડજો! સારી અકકલનો કીડો તમારા અંતઃકરણને કોતરીને ખુવાર કરશે. રતનશાહ! તારાં જીવતા જીવત તારી બૈરી બેવફા થઇ તુંને નામોશી લગાડશે! કાળ નિદ્રા તમારા સ્વપનામાં દોજખ માંહેલા ભયંકર દેખાવો વિક્રાળ ભયંકર ભૂતો બતલાવશે, મારા કિનાનો તમો બાપ બેટાપર શ્રાપ ઉતરશે! ખુદા ઉતારશે! ને હું? (વિચારમાં અટકી) બેશી જોયા કરશે? (છેડાયલી ઉસકેરાય છે) નહીં? નહીં! આલાં, હું આ તુંને મદદ કરશ! આજનીજ રાતમાં મારો કીનો લઇ, મારો જાન આલાંની પાછળ પેલી જેહાનમાં મોકલી દેવશ. હું જવશ! હું જવશ!

[ઉસકેરાયેલા ઝનુનમાં બહાર ધસી જાય છે.

અંક ત્રીજો—પ્રવેશ ત્રીજો.

ખુશરોના ઘેરમાંનો હોલ.

[આલાં સુધ સફેદ સાડી પેહરીને કાચપર બેઠીલી છે. તેની બન્ને તરફ ખુશરો ને દીના બેઠેલાં છે. એક ટીપાઇપર રોશન કરેલું લેમ્પ મુકેલું છે. ટેબલપર દવાદારૂની બાટલી, છરી, કાંટા વીગેરે વેર વીખેર પડેલાં છે.]

દીના—ડીયર આલાં! તું ધીરજ ધર. તારૂં મન શાન્ત કર, તું એમ ઉસકેરાયા કરશે, તો તારા જીવને જોખમમાં નાખશે.

આલાં—બેહેન! દુઃખને ખમવા કહેવું • સેહેલ છે, પણ જેપર વીતે તેજ જાણે!

દીના—તું ઉસકેરાયલી હાલતમાં આજે જીવને જોખમમાં નાખતે. ઠીક થયું, કે મારો ખુશરો તુંને સામો મલ્યો ને તું તેની કારસાજીથી બચી, જેથી અમારા કામમાં ઉપયોગી થઇ પડી.

ખુશરો—આલાં, તું હમારા વિચારને સલાહ મુજબ ચાલ, હું એકજ ગોઠવણમાં મીનોને આજેજ કરી એવો ઠેકાણે લાઉંછ, કે તું અજબ થશે. પણ તારી ધીરજ ભરી હિમ્મત અને મદદની જરૂર છે.

આલાં—મારૂં જીગર હવે એવું કરમાઇ ગીયુંછ, કે તે હવે પાછું ખાલી શકવાનું નથી. અને મીનોચેહેરે મને ગમે તેવી દુ:ખી કીધી છતાં હું તેને કોઇબી રીતે હેરાન કરવા ચાહતી નથી કે તેને હલંકો પાડવા માંગતી નથી.

દીના—આલાં? તું અજબ કિસમની ઓરત છે! જે ધણી તારો હકદાર ધણી છતાં તુંને તજી બેઠોછ, તારી ઇજ્જતની બરબાદી કરી રહયોછ તેની તું દયા ખાયછ?

આલાં—દયાનો સવાલ એક તરફ મુકો ને ધણીયાની તરીકે મ્હારી ફરજ બજાવવા દેવો. તે મારો પરણીયો ધણી છે, પછી તે ગમે તેવો ભુંડા ભુરો છે, પણ મારો બીજો ખુદા છે. [દીના, આલાંના થંડા વિચારપર ચિરડાય છે]

ખુશરો—આલાં બેહેન? પોતાનુંજ સત્યાનાસ વાળનારી દયાને હવે બાજુ મેળવી જોઇએ. સિંહ, મેહેરની નજર તેનો ગુશ્શે પચાવી પાડનાર પર કદી નહિં રાખશે! જંગલી રીંછ, તેનીજ નજર સામે તેના બચ્ચા ચોરનારને કદી સલામત છોડનાર નથી. છુપાઇ બેઠેલા ઝેરી સાપના ડંખથી કોણ બચી શકશે? તેની પીઠપર પગ મુકનારો નહિં. તુંને જેને આવી રીતે નામોશીમાં લાવી મુકી, જેનો સંસાર ને જીંદગીને ધુળમાં મેળવી તે જફાકારપર દયા એ કેવી મયા?

આલાં—સામા દેખનારા ખડકો દિલપર ધસી પડશે એવો ભય જેમને ઉપજે છે, તેટલોજ હરખ હવે મને આ દુ:ખોથી ઉપજી રહ્યોછ. આ આફતોથી મારૂં જીગર સુન્ન મારી ગયુંચ! ખુદા! તું એ સિતમો આફતનો ઇન્સાફ કરજે! આ કઇ મારો ગુનહા નથી: જાણીજોઇ મેં પાપ કીધું નથી.

ખુશરો—મેં હમણા મીનો ઉપર એક કાગજ લખી તેને તાકીદે તેડાવ્યોછ હું ધારૂંચ હમણા આવશે.

આલાં—(ઉછળી ઉસકેરાઈ ઉઠીને) ઓ નહિ! નહિ! મને તેમની સામે થવું નથી, કે મારૂં મોહોનું બતલાવવું નથી.

ખુશરો—બેહેન, તુ નાદાની કરેચ.

દીના—આલાં, તુને તારી નાજુક હાલતની નામોશી તાળવી હોય, ભાન ભૂલેલાને રાહપર લાવવો હોય, કંગાલ જીંદગીને ખુશહાલ બનાવવી હોય તો હમારી તજવીજમાં શામિલ થા, હમને મદદ કર.

ખુશરો—મીનોની મુલાકાત બેફીકર લે, હમે તારી બાજુમાં છઈએ અને હમારી તદબીર તારી મદદમાં છે.

આલાં—તમારી ભલાઈ માટે નાચાર છેઉં. ખુદા મહેને હિમ્મત આપે ને તમુને જશ આપે.

ખુશરો—આલાં બેહેન ! હવે તમે સુઈ જાવો તો ઠીક, ખુદા ચાહસે તો આજ રાતમાં દુઃખનું વાદળ દફે થઇ સુખનો ચંદ્રમા ઝળકી રહેશે.

[બન્નેજાણા આલાંને માથાવેર સફેદ ચાદર ઓઢાડી સુવાડે છે. તેટલાં બારણુ ઠોકાય છે.]

દીના—ખુશરો, જુઓ એ મીનોજ આયો હોશે.

[ખુશરો બારણું ઉઘાડી મીનોને અંદર લાવે છે.]

ખુશરો—અંદર આવોજી. સાહેબજી.

મીનોચેહેર—સાહેબજી.

દીના—આવોજી.

મીનોચેહેર—(દમમાં) કેમ વળી કંઇ નવી દગલબાજીની જાલ પાંથરી મને તેડયોછ કે !

ખુશરો—(મીનોને ગુસ્સામાં) મીનોચેહેર, તું મારે માટે ગમે તે બોલ, પણ મેંતો એક સાચ્ચા દોસ્તની ફરજ બજાવીછ. પાક અને નિર્દોષ માનવીને જો બીજો શખ્સ જુઠા બોહોતાનથી સતાવશે; તો પવનના વેગ સામે ધુળ ફેંકવા પ્રમાણે તે તેનો નતીજો પામશે.

મીનોચેહેર—તેં મને તેડાવ્યોછ તે શું અપમાન કરવા ?

ખુશરો—ત્હારી ગુમ થએલી સુધ્ધ સુધારવા, ત્હારી બુદ્ધિ ઠેકાણે લાવવા.

મીનોચેહેર—બચ્ચાજી ! તું આય દીનાને ભોલવી ભમાવી, મારી સામે પરણી ગીયોછ ખરો, પણ તેનાં કડવાં ફળ તમો બેઉને ચાખવા પડશે.

ખુશરો—મીનો ! મને તારી સાથે ગઇ ગુજરીપર તકરાર કરવી નથી; મારૂં કીધેલું હું ભોગવી લેવશ પણ તેં આજે આલાંને સ્કુલમાં જઇ તેને જાહેરમાં બેહોરમત કરી તેણીનું દિલ દુખાવ્યુંછ, તેનું પરિણામ શું આવ્યુંછ, તે જાણેછ ?

મીનોચેહેર—વળી તેં આલાનું નામ લીધું ? તુને તેની સાથે નીસબત શું છે ?

ખુશરો—જેટલી નિસબત એક બેહનને ભાઇ સાથે, તેટલી એક ભાઇને બેહન સાથે હોય છે, અને મને આલાં સાથે તેથી જ્યાદા નિસબત છે. તું જ જેવા સુધલા ફુટાને તેનો અંજામ બતલાવવો છે.

મીનોચેહેર—એટલે ?

[મીનો દુઃખદાયક ખ્યાલથી ચોંકે છે]

ખુશરો—જે મોતને કિનારે લાગીછ; તેને શાન્તિ બક્ષવીછ.

મીનોચેહેર—તું શું ખરૂં બોલેછ ? (ચોકતાં) શું આલાં મોતને બિછાને છે ?

ખુશરો—હા તારે મનસે એક હરખાવનારી ખબર છે ; મગર હમારે મનસે ઘણી દુઃખદાયક બીના છે.

મીનોચેહેર—(ધભરાતાં) આલાં મોતને બિછાને ? એ કેમ બને ?

ખુશરો—મીનોચેહેર ! તેં ! અને પેલા જાલે તેણીના ગુજરાન-પર પણ છેલ્લે તરાપ મારી, એટલુંજ નહિ; પણ જગમાં નામોશી-માંબી ગીરફતાર કીધી; એ નામોશી એક નાજુક ઔરતના હૈયાને જખમ કરવા માટે બસ છે. તે તારા જેવા હૈયાસુનાને શું ખબર ?

[ખુશરો મીનાની છાતી પર હાથ મારીને]

મીનોચેહેર—(વિચારીને) મેં તેના હૈયાને જખમી કીધું છે! (સંતાપથી) હા મ્હારી ! મ્હારી ! જફાકારી તેણીને કારી થઇ પડીછ ! હું જાઉં; તેને જોઉં.

[મીનો જવા બહાર ધસે છે. ખુશરો તેને રોકે છે]

ખુશરો—(રોકી) કાંહાં જાયછ ?

મીનોચેહેર—આલાંને જોવા.

ખુશરો—હવે તે તારા જોવા લાયક રહી નથી, તેને જોવી હવે તુને સઝાવાર નથી, તારો તેણીપર હક નથી.

મીનોચેહેર—તું મને રોકનાર કોણ ?

ખુશરો—તારા જેવા દયાહીણને રોકવાને મ્હને હક છે, તેં તેને જીવતાં જીવત નિંવારી મુકી, હવે તેના મોતની પળે તહારો ચેહરો બત-લાવી, તેણીને બાળવામાં લાભ શું ?

[ખુશરો મીનુંનો હાથ પકડી રોકી રાખે છે.]

મીનોચેહેર—ખુશરો મને ના રોક (વસવસાથી) તું માનસે નહિ? (વિચારી) કોઇ માનસે નહિ ! (માથું દાબી) હું બી માનતો નથી! (છાતી ઠોકી) મ્હારૂં અંતકરણ મ્હને કંઇ કેહેછ, મેં ભૂલ કીધી ! મેં અજીમ ગુન્હો કીધોછ ! મને જવા દે ! મ્હને મરવા દે !

ખુશરો—(બાજુ દીનાને) હવેજ એને રાહપર લાવી શકશું, એના બીગડેલા જીગરને સુધારી સકશું.

દીના—ભઇ મીનો, તે બિચારીં પોતાના ઘરમાં નથી પણ મોતનો દમ આખર કરવા હમારે બારણે આવી પડીચ, હમો પર ફરજ મુકી જાયછ.

મીનોચેહેર—(બન્નેની વચમાં ગુઠણે પડી) મને બતાવો, આ હૈયા ભાનભૂલાને બતાવો? મને મેળવી આપો, મ્હારો રંજ કાપો.

દીના—જુવો તે અહીંજ સુતેલી છે. મીનોઈ જેહાન તરફની કુચની તૈયારીમાં છે

[દીના, આલાના મોહનાપરથી ચાદર કાઢી તેનો ફીકકો પડેલો ચેહેરો બતલાવે છે. આલાંના ચેહેરા પર ખુદરતી ખોરેહ પ્રકાશે છે, મીનો તે જોઇ હેબત ખાય છે.]

મીનોચેહેર—આલાં ! મ્હારી આલાં!

[મીનોચેહેર આલાં તરફ ધસવા ચાહેછ દીના તેને રોકે છે.

દીના—મીનોચેહેર, દૂર રેહજો; જેને જીવતાં જીવત તમે કદી મીઠાબોલ કહ્યો નથી, તેને મરતી ઘડીએ જુઠા ઢોંગથી સતાવો ના, રીબાવો ના.

મીનોચેહેર—અરે તમે, મને નહીં માનશો ? (વિચારી) ખરૂં છે? કોઇ નહિ માનસે ! કેમકે મુરખ અને બદબખ્ત ઇનસાન બદ કરમો કરે છે. ત્યારે તેને તે જણાતા નથી, પણ છેલ્લે ઇંગારમાં ભુજાઇ નીકળાયા પ્રમાણે તે પાપીને પોતાના બદકર્મોનો સંતાપ થાયછ, તેવો મ્હારો હાલ છે. (મલવા માટે ધસારો કરે છે.) મને મલવા દેવ.

ખુશરો—હા જાવો ! મલો ! ને પોતાના કરતુકનો પસતાવો કરો.

[મીનો આલાં તરફ જાય છે અને દીના તથા ખુશરો બન્ને ખસી જઇ એક પડદા પાછળ જઈ ચુપચુપ ઉભાં રહે છે.]

મીનોચેહેર—આલાં, વહાલી આલાં? (તેને ટટોસતાં) તું મ્હારી તરફ એકી ટગરે શું જોયછ ? આય પાપી મુજીને તું ઓળખેચ ? આ

બદબખ્તના સુખન સાંભલવાની તહારામાં શકિત છે કે નહીં ? એક બોલ તો બોલ ? મારીનો છેહલો સુખન તો કહે ?

આલાં—(કાંસતા મજબુત ધ્રુજતા અવાજે) મીનો ! મહારા મીનો સુખી રેહેજે ! જીવને ના સંતાપો. તમુને લખત જોઇતું હતું, તેની હવે તમુને કશી જરૂરત રહી નથી, હું સદાની આસાની તરફ જાઉંછ.

મીનોચેહેર—(તેને તરી કરતાં) નહીં ! નહીં ! મ્હારા જેવા હૈયા-સુના, હૈયા ફુટાનો વિલાપ જોવા જીવ, મ્હારી તોજેસ ને પશ્ચાતાપનું રૂદન સાંભલ (રડમસ બને છે.)

આલાં—હવે મારા માટે ના રડો, જુઠા ઢોંગ ના કરો.

મીનોચેહેર—(વિચારી) ખચીત મારાં બદ કરતુકોની કઠોરતા એવી તો નિર્દય હતી, કે મ્હારીપરનો દુનિયાનો ઇતબાર ઉઠી ગયોછ, તો તું કેમ માનશે?

આલાં—ના રડો, હવે ના પસ્તાવો કરો. ખુદાની એવી મરજી છે કે, તમુને મહારાથી છુટા કરવા તો હું છુટી થાઉંછ, શાંતી સાથે જાઉંછ.

મીનોચેહેર—(ખરા દિલના સંતાપથી) ઓ ! એમ ના બોલ! આસમાનમાં, દરિયાવમાં, કે વેરાન યા પહાડી ખાહીમાં એવી એકે જગ્યા નથી, કે જ્યાં જીગર કોતરનાર પસ્તાવાનો દેવ માહરૂં ભીતર કોતરી નહિં ખાશે, મારૂં જીગર નહિ તોડશે.

આલાં—(બન્ને હાથ જોડી) ખુદાનું અહેસાન માનુંછ કે છેલ્લી ઘડીએ ખુદાએ તમુને નેક હિદાયત આપી. મીનો મહારા મીનો ! સુખી રહેજે ! મ્હને ભુલી જજે એજ મ્હારી દોઆ છે.

મીનોચેહેર—ઓ તું કેવી ભલી! મેં મુજીએ તારીપર સીતમો આજાબના ઇંગારા વરસાવ્યા, છતાં તું મારે માટે દોઆનો વરસાદ વરસાવેછ ? નહીં ? તારી બદ દુઆ દે, મહને શ્રાપથી દુ:ખી કર.

આલાં—એમ ના બોલો, મારા ઉવા લઇને જીવજો, મારા માયને દિલાસો દેજો! સહુને દુઆ કેહેજે ! ઓ મને કંઇ થાયછ! મારો પ્રાણ જાયછ! જાયછ !!

[મીનો આલાંને બાથમાં પકડે છે, તે મરડાઈ ઉછળીને પ્રાણ છોડવાનો દેખાવ કરે છે. મીનો ઘભરાય છે, હેબતાય છે. દીના ખુશરો ચુપ રહે છે.]

મીનોચેહેર—આલાં ! (ધબરાઈ) મારી આલાં ! (પુકારે છે) કોઇ દોડો ! ડોકતરને તેડાવો ! દીના, ખુશરો ! કોઈ મળે નહિ ? (ટેબલ પાસે દોડી કોલનવોટર લાવી સુંઘાડે છે, આલાં દમ સાંસ વગર પડી રહે છે. મીનો આલાંની આંખો જોઇ) આહ: આંખો મારી તરફ કેવી ટગર ટગર જોઇ રહીછે? હોઠો ફીકા પડી ગીયાછે (ધ્રુજતાં) એ બુરી નિશાની! એના ગાલના ગુલાબ કરમાઈ ગીયાછે ! એની હસ્તીનો અવાજ શાંત ચુપકીદીમાં ફેરવાઇ ગયોછે ! હવે શું ઇલાજ કરૂં ? (તેનું બદન તપાસી) એનું બદન ઠંડુ પડયુંછે ! જે હવે આતશની ગરમીથી પણ ગરમ નહિ થશે ! (ઉલટમાં આલાનો હાથ પકડી) હા ! હા ! મારા હાથો એના હાથને ગરમી આપશે (પોતાના હાથ વડે આલાની હથેલીયો મસળે છે.) ઓ આલાં ! વ્હાલી આલાં ! મને માફ કર ! (આલાં સેહેજ ધ્રુજેછે) શું છે ! મ્હારી વ્હાલી ! આય દયાહીણુ, ગુન્હેગારના પથ્થરના હૈયામાં તારી છેલ્લી; અંતની ઘડીએ મોહોબતનો ઝરો ફુટોછે તો તું માફ કરી પાછી જીવ (મીનો ગુઠણે પડી આલાંના હાથ ચુંમે છે.) ખુદા ! તું મારી તોજેશપર રહમ લાવી એની પર રહમ કર, આલાં, હું હવે વફાદાર ઇનસાન થવશ; પણ તું જીવ! તું ધ્રુજેછે! આય શયતાન દિલના અવાજથી બિહેછે, આલાં ! જો જો ! મારી તરફ જો ! દેહેશતથી ના ધ્રુજ ! તારી જબાનને ખોલ ! (મુંગી જોઇ) તું નહિ જ બોલશે ? આલાં ? હવે તું અને હું એખલાં છઇએ ! ખુદાને હાજર નાજર જાણી માગી ચાહુંછે; તું તારી કતરાઇ જતી જીંદગીની દોરીને દહેશતથી ના તોડ ! રાતનાં અંધકાર સાથે તારી બિમારીની વેદના; અને ભયંકર દુ:ખો દૂર થશે, અને આફતાબના કિરણો જેહાનપર ફેલાતાં સુરજના હસવા સાથે તું અને દિવસ સાથે હસશે ! દુનિયામાં તું જીવશે ! (જુનુનમાં તેણીને ટીકીને જોતાં ધ્રુજે છે) આલા ! આલાં ! તું નહિંજ બોલશે? ખુદા તારી જબાનને જોર આપે ! ત્હારી જીંદગીને જયોત આપે ! (મીનો આલાંને કપાળ પર ચુમે છે. આલાં આજેજ બને છે જેથી આલાંની આંખમાંથી આંસું ટપકે છે. તે જોઇ મીનો હયરત પામે છે.) તું રડેછે ! ડીયર, તું રડેછ ! (મીનો તેણીના આસુંને ચુમે છે. તેવાજ દીના ને ખુશરો ધીમે ધીમે આગલ આવે છે) હા, હા, તારી છાતી હલકી થાયછે ! જો આલાં ! મારી ભણીજો ! તારી આંખો આંસુથી છલાછલ થઇછે. એમજ રડ !

મારા પંખેરા, એમજ રડ! તને કરાર થશે! હા! તું આખરે મારી-મારીજ થશે.

[મીને, દુ:ખનાં જુનુનથી આલાંને કોટી કરે છે,
ખુશરો ને દીના જાહેર થઇ તેને ખેંચી દૂર કરે છે
આલાંપર ચાદર ઓઢાડે છે. મીનોને દૂર રાખે છે.]

ખુશરો—મીનો! હવે પાછળના પશ્ચાતાપથી તે કંઇ જીવતી થનાર નથી. આલાં બીચારી કુચ કરી ગઇછ, જન્નતમાં જઈ વસીછ, હવે ઇશ્વર ઇચ્છાને આધીન થઇ ઘેર જાવો, સવારે આખરી દર્શન માટે આવજો.

મીનોચેહેર—(રડતા અવાજે) મને એના બિછાનાથી દૂર ના ખેંચો, હવે મનેબી અહીંજ મરવા દો.

દીના—મીનોચેહેર, દૂર રહેજો, તમારા દૈયાસુના જીગરને એ ફટકો વાજબી છે. જે ઔરત જીવતાં જીવત તમારી પર ફીદા થઇ મરતી હતી, તેને તમે ધિક્કારી, સતાવી, દુ:ખથી રીબાવીને મારી! હવે લોકોને બતલાવવાના ઢોંગ છોડી દો!

મીનોચેહેર—તહમે બોલો! મને તાંના જાનીથી વિંધી નાખો! પણ મહને થયલી ખરી અસરને કદી વીંધી શકનાર નથી.

દીના—ખરૂં છે, કે જેવો સારા વખતમાં સમજાવટથી સુધરતા નથી, તેમની સુધ બુધ દુ:ખથી સુધરે છે.

[ખુશરો મીનોને બિછાનાથી દૂર કરી]

ખુશરો—હમુને હમારી ફરજ બજાવવી છે. તમે સહવારે આવજો, હવડાં તો સધાવો.

મીનોચેહેર—હું એના બિછાના પાસે પડી રેહવશ, અહીંજ મરશ.

દીના—(મીનોને) તમુને અહીંથી જવુંજ પડશે.

મીનોચેહેર—એ મારી બાનુ હતી, હું તેનો હકદાર ધણી થઇ, તેના મોતની ઘડીએ દુર રહું?

દીના—હવે મરણ પામી ત્યારે હક બતલાવવા આયાછ કે! શરમ છે!

મીનોચેહેર—(સંતાપથી) મારા કરતાં પણ તમે વધુ લાગણી વગરના જણાવોછ? તમે નિર્દય છો, મારા જીગરમાં શું દુ:ખ થાયછ, તેની કદર

તમુને નહીં થાય ! મારા દુ:ખી પશ્ચાતાપની હદ જોવી હોય, તો જોવો.

[મીનો ઘણાજ જનુનમાં આવી પાસેની ટીપાઇ પર પડેલી છરી ઉચકી પોતાને મારવા ધસે છે. ખુશરો મીનોને અટકાવે છે]

ખુશરો—એ સરિયામ હિચકારાપણું છે, આવાં મોતમાં જરાએ બહાદુરી સમાઇ નથી, ખરી મરદાનગી જીવવામાં અને જીવીને પસ્તાવો કરવામાં સમાઈ છે. દુનિયાના પેદા કરનારે પોતાની દરબારમાં તેડવા આગમજ, આફતો અને દુ:ખોથી ડરી નાદાનીયતથી આ જગતની રંગ ભૂમી ઉપરથી નહાસી જવું, એ ગોયા હિચકારાપણું છે.

[મીનો છરી ફેંકી દઇ શાંન્ત થાય છે. તેટલાં એકાએક દુરથી આલાંનો મધુર સરોદ મીનોના કાન પર પડે છે. મીનો તે સાંભળી ચોંકી ઉઠે છે.]

આલાં—દૂ:ખ ભરી જંજાલ જાલીમ, જુલ્મથી આખર ટલી,
લે હવે તહારી પનાહમાં, જાનને રાહત મલી.

[મીનોચહેર આલાંનો ધીમો ; તીણો ગાયનમાં અવાજ સાંભળી તાજુબ થાય છે, દીના ખુશરો બંને જણાં અજાણાં બને છે]

મીનોચેહેર—આય તો મ્હારી આલાંનો મધુર સરોદ ! આકાશ-માંથી ગોયા કાન પર અથડી રહયોછ, મને ચેતવી રહયોછ.

દીના—મીનોચહેર તમે દીવાના થયાછ !

મીનોચેહેર—તમો બન્ને બેહેરાં થયાંછ ! સુધ વગરના થયાંછ, તેથી તમને સંભળાતું નથી.

[દીના બારી ઉઘાડે છે. બહાર પ્રકાશિત ચાંદરણામાં એક ઝાડને અઢેલી ઉભેલી આલાં જણાય છે. તેણીના છુટા બાલ છાતી પર લટકેલા છે, ને એક હાથ ઝાડની ડાંખળી પર ભેરવેલો છે, મોહનું ગંભીર, આંખો બંધ છે. આ દેખાવ પર મીનોની નજર પડે છે તે ફીકો પડે છે, દીનાને ખુશરો આય બાબતથી જાણી બુજીને અંજાણા બને છે]

મીનોહેર—(દંગ થઈને) આલાં! મ્હારી આલાંનું રૂહ? (કમકમીને) એ ખુદા એ કંઇ ભેદ છે કે ત્હારાં કેહેરનો વસાદ છે! ઓ આલાં! તહારી શું હાલત? (વિચારી) એ મારી આંખોની ઠગાઇ છે, કે મગજનો ભ્રમ છે (આલાં તરફ) માફ કર આલાં મને માફ કર!

ખુશરો—(તેને બાજુ ખેંચી) મીનો, તમે ઘેરે જાવો, બહાર ગાડી તઇયાર છે. તમારૂ ભેજું ઠેકાણે નથી, સહવારે આવજો.

મીનોચેહેર—(ઉસ્કેરાઇને) તમો આંધળા છેવ, અરે જુવો, (આલાં તરફ ઇશારો કરી) આલાં તહાં ઉભીછે, તે મહને જોયછ, મહને તેડે છે.

દીના—ખુશરો તમે એમને ઘેરે પોંહચાડી આવો, એમના મગજ પર માઠી અસર થઇછ. રાતે ઉંઘાસે, તો સહવારે કદાચ તબીયત સુધરશે.

મીનોચેહેર—(જનુનથી) તમો બન્ને દેવાના અથવા તો અપંગ થયાંછ, મારી આંખો તદન ખુલ્લી છે. (પોતાની આંખોમાં આંગળી ભોકી બતાવે છે) મહને મહારી આંગળી આંખમાં ભોકવાથી વેદના થાય છે, તે તમે જોઇ નથી શકતા? મને દેવાનો કેહવોછ? પણ હું તેને જઇ મલશ.

[મીનો એકાએક બારી કુદાવવા જાય છે, દીના એકદમ બારી ઢાંકે છે, ખુશરો મીનોને પકડતા તે જમીન પર પછડાઈ પડે છે, દીના કોચની પાસે જઇ જગા રોકી ઉભી રહે છે.]

——:o:——

અંક ત્રીજો-પ્રવેશ ચોથો.

બગીચો.

[બે તરફ બે નાહના બાઝટો છે.]

રૂસ્તમ—(મનસે) બન્ને માણુસો આગલા ગેટ ઉપર છે. તેઓને અતરે તેડી આ બધા તુફાની શયતાનોને તેમની મજાખનો પુરેપુરો સવાદ ચખાડશ, તોજ જંપીને બેસશ.

[સામેથી રોઝમરી લેહકા કરતી આવે છે, રૂસ્તમ તેને ટીકીને જુએ છે.]

રોઝમરી—(મનસે) એનું નામ તે ચતુરાઇ,વાત વાતમાં પેદરને પિગલાવી બધી વાત પેટમાંથી કેવી કહડાવી ? એતો હું તે હુંજ છેઉંજો.

રૂસ્તમ—(મનસે) એ વળી ચદન ચેડી કોણ ? પેલા પેદરૂસની સગી તો નહિ હોય ? તેમ હશે તો મજાહ પડશે.

[રૂસ્તમ તેણીને ટીકે છે, રોઝમરી રૂસ્તમને જોઇ વિચાર કરે છે.]

રોઝમરી—(મનસે) આલો ! ઇંગ્લીશ દરેસમાં આપ શેઠના જુવાન ભત્રીજા તો કેથા અહીં લેહેર કરતા દેખું ? (પાસે જઇ) કેમજી તમારી બૈરી કાંહાં છે ?

રૂસ્તમ—મારી બૈરી ? (મનસે) એ વળી કોણ ધરણ છે ?

રોઝમરી—હું ભૂલીજી. તમારી ખરી બૈરી, તમારાં મિસીસ માણેકબાઇ કાહાંછે વારૂં ?

રૂસ્તમ—મારી ખરી બૈરી ? માણેક ? તે વળી કોણ ? [તાજુબ થાયછે.]

રોઝમરી—જાણે હું કશું જાણતીજ નથી તેમ કરોછ કેજી ? તમે નાટક ઠીક કરી જાણોછ ? મને મ્હારા હસબંડે બધું કહયું છ.

રૂસ્તમ—તેણે શું કહયું ?

રોઝમરી—બધું કહ્યુંછ. તમારાં ખરાં લગન તો માણેક સાથે થયાંછ, પણ ડાકટર રોઇનતનને છેતરવાને માટે નવાજબાઇ સાથે લગન ઠેરવેલાં જુઠાં અડાવ્યાંછ, ખરૂં કે નહિ ?

રૂસ્તમ—(સમજ પડતાં મનસે)ભેદ કેથો એમ છે કે ? નવાજનાં લગન કંઇ થયાં નથી, ને તે દેવાની પણ નથી. બધી બનાવટ મને બનાવવા રચીછ કે ! (રોઝમરીને) તારો પેદરૂ જબરો નસીબવાન છે ? ને તેની તું બૈરી રોઝમરી ? (તે શરમાય છે.) તારો વરબી જબરો નસીબવાન, કે તારા જેવી બ્યૂટીફુલ ઓરત મળીછ !

રોઝમરી—(નખરાં કરતી) એતો ખેરંજ તો, પણ તેમને મારી કદરજ કાંહાં છે, જબરા વેહેમી !

રૂસ્તમ—(નજદીક જઇ) એ તો કુદરતી છે ! જે આગલી ફેસ માટીડાઓની બૈરી, તારા જેવી ખુબ સુરત હોયછ ! (તેણીને શરમાતી જોઇ હાથ પકડે છે) તેઓ નજરના જબરા વેહેમી હોય છે. એવા વેહેમી ધણીઓને હું ધિક્કારૂંછ.

રોઝમરી—અમારા ઘેરનોબી રાહચાટ તેવોજ છે.

રૂસ્તમ—કોઇ જો હારા જેવી ખુબસુરત બૈરી સાથે એ વાત કરવા લાગો, કે બધાને ખોટોજ શક ઉપજેછ, પણ હું તો આ ખરી ખુબસુરતીનો વખાણનાર છેઉં.

રોઝમરી—તમે કેવું મજેહતું બોલોછ ? (દિલપર પડેછે) મારી એક સહીના હસબંડ મારીપર નાટકની ટીકીટો મોકલી ને હું મ્હારા ધણીની હરૂસે નાટકમાં જઈ આવી, તો તે વાત જાણતા મ્હારી સાથે મારામારી થઈ ને ટીકીટો મોકલનાર ને નાટક કરનારાઓનેબી ગાળો આપી.

રૂસ્તમ—ઘણાજ વાહીયાત ભેજાંનો માણસ (બાજુ) બચ્ચા પેદરૂ તેં મને ફસાવી ઉલગબરડીનો દાવ દેખાડયોછ, તો હવે તુંને તેનો સવાદ બરાબર ચખાડુંછ.

રોઝમરી—(સામે જોતા) ઓ લેવ ! એ મારો વેહેમી હસબંડજ અહીં આવેછ, તમે મારી વાત કરી દેતા ના, જો નહિંતો તમારી સાથે મેં એખલીએ વાત કીધેલી જાણી ચીરડાસે ! વેહેમાસે.

[રોઝમરી સટકી જાયછે પેદરૂસ ફલાંગ મારતો આવેછ]

રૂસ્તમ—(મનશે) હવે બચ્ચા પેદરૂસ ! તારો ઘાટ ઘડી એવી આપુ ગડબડની ગોલી, કે ન જોય દીવાળી કે હોલી.

પેદરૂ—હં હં હં હં ? કયસી ભાગી ? શેઠ વ્હો હમારી વાઇફ કિસ લિએ ભાગી ?

રૂસ્તમ—હા તુમકો દેખકર ભાગી. મારતર તુમ કભી કભી નાટક દેખને જાતા હય, કે ?

પેદરૂ—નાટક ! (ચીરડાઈ) ઓપણુ નોટકો બોત બોત હેટ કરતા હય.

રૂસ્તમ—હમતો કભી કભી નાટક દેખનેકો જાતા હય. સનડેકા ખેલ દેખનેકો ગયા મગર રાસ્તેમે મેરી ઘોડી ગીરગઇ ઔર ગાડી ગટરમે પડી—

પેદરૂ—નાટક નહિ દેખા? (રોઝમરીને બતાવી) તુમને કભી હમારી ઘોડીકો નાટકમેં દેખી હય ?

રૂસ્તમ—વોહ ! જો બ્યુટીફુલ ઔરત યહાંસે ભાગી ઉસકે લીયે પુછતા હય ? (વિચારી) નાઉ આઇ રીમેમ્બર. એક દો વક્ત મયંને ઉસે દેખીથી, વો એકેલી નહીંથી સાથ ઉસકે એક જેન્ટલમેનથા.

પેદરૂ—(વહેમાઇ ચીરડાઇ) વ્હો કોન થા ? કયસા થા ?

રૂસ્તમ—બીલકુલ કાલાભી નહિ થા ! ઔર ગોરાભી ન થા ! જયસા કે મય ! મગર બુઢ્ઢા થા (સામે રોઇનતનને બતાવી) દેખો વ્હો દીવાના આ રહા હય, ઉસ્કે જયસા થા. મય ઉસકા નામ યાદ કરકે કહું ! (ઢોંગ કરી) ડૉકટર રોઇનતન ઉસકા નામ થા.

પેદરૂ—(ઉસકેરાઇ મુક્કી બતાવી) અરે રાસકલ ડાકટર, તુમ ઓપણા વાઇફકે પીછે પડા હય ? અબ ઓપણા મગજ ઓપણે હાથમેં નહિ રહેનેકા, હમ ઉસકા મોસ્તક ફોડેગા !

[ગુસ્સામાં પગ અફાળતો જાય છે.]

રૂસ્તમ—ઠીક ! એબી ઠીક થસે, કે કીધાં કરતુક જોસે (સામેથી રોઇનતનને સીપાહીઓ સાથે આવતો જોઇ) અરર ! ઘેલો ચકરમ સામેથી આવેછ, હવે તેની નજરે પડવામાં સાર નથી અહીંથી સટકી જાઉં, માનસો પાસે એમનો ફેસતો કરાઉ.

[રૂસ્તમ જાય છે બીજી ગમથી રોઇનતન બે સીપાહીઓ સાથે આવે છે તેટલાં રોઝમરી પણ સામેથી આવે છે.]

રોઇનતન—એ ઘેલો ચકરમ વળી નહાઠો ખરો ! કેમ રોઝા ? તેં પેલાં ચકરમને જોયોછ કે ?

રોઝમરી—કોણને ? ચાનજીને ? નહિંજી. પણ હમણાંજ તમારા ભત્રીજા મને મલ્યાતા કેવા મઝેના બોલકણા છે ?

રોઇનતન—શું પુછવું પડે ? ઘણોજ સારો ! (સંત્રીને) હમણા તમે જાઓ ને નજરે પડતાં તમુને તેડાઉં કે દોડી આવજો.

[સીપાહીઓ જાય છે.]

રોઝમરી—પણ આય તમારા ભત્રીજા હજી નાદાન ને ઉછાછલા છે જો ! મને અહીં એખલી જોઇ મારો હાથ પકડયો !

રોઇનતન—તારો હાથ પકડયો ? લુચ્ચાને જરાબી શરમ નહિં આવી ? રોઝા, આવા બેશરમની સામે આપણે બાઈ માણસે ઉભું રહેવું નહીં જોઈ. (પેદરૂ વેહેમાયલો આવી આગળ ઉભો રહી જુએ છે) નહિં તો તારો ધણી વેહેમનું બારદાન છે. પણ બીહીતી ના હું જ્યાં

સુધી જીવતો છેઉ, તાંહાં સુધી તુંને તેના મીજાજની ફીકર કરવાની કસી જરૂર નથી.

[પેદરૂ ગુસ્સામાં ડાકટરને રોઝમરીની વચ્ચે ધુસી ધુરકે છે.]

રોઝમરી—(ચોંકીને) પેદરૂસ, અયસા કયાં દેખતા રે? મોસ્તકતો ફીરા નહિ! (ડાકટરને) ડાકટર ઈનકી પલ્સ તપાસોનો?

પેદરૂ—(રોઝમરીને) હાં, હાં! મોસ્તક ફીર ગયા! (ચીરડાઈને) નાટક કે તમાશે દેખનેકો જાના, ગાના બજાના સુનના, બોડા અચ્છા. ચૌટેમે જાકે કયું નહી બયઠતી? (ડાકટરને) ઔર તુમ આપના નાક કયું નહિ કટવાતા, ફજિહતી કયું કરાતા હય.

રોઇનતન—એ શું બકેછ? હું નાક કપાઉ? બધાનાજ ભેજા ખીસેલાં જણાયછ.

પેદરૂ—કાલે બાલકે સફેદ બાલ હુવે, મગર અબભી તુમારી આદત નહિ ગઈ? અયસી સરવીસકો સો સો સલામ! (પોતાની ટોપી કોટ વારા ફરતો કાહડી ડાકટરનાં દિલપર નાખે છે) લેવ શેઠ તુમારા સોબ કપડા, ઔર (રોઝને દિલપર નાખી) એ તુમારી જોરૂ દોનોકુ છાતીમેં દબા રખના. [પેદરૂ ગુસ્સામાં ચાલી જાય છે.]

રોઈનતન—(ધભરાઇ) એ મારી ગેરી? એનુ માથું તો નથી ચસકયું! (રોઝમરીને રડતી જોઇ) તું શું કામ રડેછ?

રોઝમરી—કાંય નહિ રડું? સપને નહિ તેવી વાતનું બોહોતન મારીપર જોડેછ [ડુસકા તાણેછે]

રોઇનતન—(ચટપટ થતાં) વળી એના રડવાનો બીજો સંતાપ! ના રડ મુગી થા (રૂમાલે તેની આંખ નુછેછે,) રડીને શું કરસે રોઝા? (બરજોર માણેક ને નવાજ એકાએક આવી આય દેખાવ જોઈ દંગ થાય છે) હું તેના મનમાનો વેહેમ જરૂર દુર કરશ (બધાં એકદમ હસી પડે છે.) કેમરે છોકરાઓ? હસોછ સાના?

નવાજ—કાકાજી, એ શું ફજેતા ને ફેસ્તા? સફેદ બાલને શોભે કે?

રોઝમરી—(શરમાઈ) ઓ માયરે! એ શું ફેસતો?

[નહાસી જાય છે]

રોઇનતન—બધી દુનિયા મેંડ બની કે શું? હુ એમાં કાંય શરમાઉ?

નવાજ—ગમે તે હોય! પણ ઘણુંજ ખરાબ ! તદન નફટાઇ !

બરજોર—અરે ઘણીજ શરમની વાત કહેવાય ?

રોઇનતન—ગધેડા ! પેહેલેતો (કાનપકડી) તેંજ આબ રોઝમરીનો હાથ પકડી તેપર ચુમી લીધી

[માણેક બાજુમાં ચોંકે છે.]

બરજોર—(અજબ બની) મેં હાથ પકડી ચુમી લીધી? કોણ કેહેછ!

રોઇનતન—એજ હમણા કેહેતી હતી, ને સામો પોતાની લાજ છુપાવવા મને બદનામ કરેછ કે !

માણેક—(બાજુમાં સ્વગત) કેમછ એવણ શું કેહેછ? એશું ઘેડફજેતી!

બરજોર—તદન વાત જુદી છે. મેં એને આય વખત આગમજ કદી જોઇ નથી; કેહેવો તેવા કસમ લેઉં.

માણેક—(બાજુમાં) ત્યારે એ છોકરી પોતે બોલી ગઇછ એમ એવણ કેહેછત ?

બરજોર--(બાજુ) તે હું શું જાણું ? તુંજ જઇ તેને પુછી આવની?

રોઇનતન—(માણેકને ખેંચી) કેમ છોકરી તું પણ એની સાથે ઘુસ ઘુસ વાતો કરવામાં પડીક ? બધાના માથા ઉંધા કેમ થયાંછ ? (નવાજને) અને છોકરી, તું આય તારા વરને છોડી પેલા ઘેલાના દિલ-ઉર પડી લાડ ઘેલાં કરવા પડીતી,તે શું શરમ નહિં આવી ? જા અહીંથી તારૂં મોહનું કાળું કર.

નવાજ—(કરગરી) કાકાજી પેહેલે મારૂં સાંભળો ને પછી બદનામી આપો (સામે બતાવી) એ ગ્રહસ્થ કોણ છે તે તમે જાણોછો ?

રોઇનતન—વળી કોણ? ભેજાંનો ઘસેલો ! અક્કલથી ખિસેલો ! ચકરમ.

બરજોર—શું તેબી મેડ કેપ છે કે ?

રોઇનતન—નહિં તો શું ? તેજ કેહેનો હતો, કે મને મેડહાઉ-સમાં જવાનુ હતું પણ ભૂલમાં અત્રે આયો. વાયોલીનનો અવાજ સાંભળી નાચવા લાગો (નવાજને) મેં કહયું મારી સગી વાયોલીન વગાડે છે, તો તે નાચી કુદી કેહવા લાગો, મારી સગી, તારી સગી, બધાંના સગી.

નવાજ—(ઘભરાઇ) નાચવા લાગા ? ઓ માયરે ? શું ત્યારે તેવણનું બી ભેજું ખસ્યુંછ કે ?

બરજોર—(બાજુથી) તું ફોકટમાં ના ઘભરા, આય બુદો ફેંકુદાસ છે.

[ધીમે પગલે રૂસ્તમ બે રખેવાલો સાથે આવી ઈસારો કરી પાછો જાય છે.]

૧ રખેવાળ—(સાથીને) હં ! તું અહીંથી ઘેરજે પણ સબર(જોઈને) હું જકડી લેવશ.

[બરજોરને પકડે છે.]

બરજોર—(તેને હડસેલીને) લુચ્ચા બદમાશ, એ શું કરી રહયોછ ?

રખેવાળ—માફ કરજો સાહેબ, અમે તો અમારા નહાસી ગીએલા ઘેલા શેઠ સમજયા.

નવાજ—તમારો શેઠ કોણ ?

૨ રખેવાલ—સુરતના રૂસ્તમજી મોદી.

નવાજ—ઓ માયરે ? પછી પછી ?

[ઘભરાય છે.]

૧ રખેવાલ—ઘેલા થઇ હાથમાંથી છટકી ગીયાછ, એક કલાક ચયો તેમનો પત્તો નથી.

રોઇનતન—પણ તેમાં નવાજ તું સાની ઘભરાયછ ? હું પેહેલેથીજ કેહતો હતોની ? એજ ભેજાંનો ઘસેલો, મેડહાઉસનો પરોણો રૂસ્તમ મોદી.

૨ રખેવાલ—એજ મોટી પંચાતી છે. દિવસો થયાં તેમને તદન ઘેલું લાગુંછ. વખતે જીવ પર નહિ કરે તો ઠીક, ચાલ ભાય બીજે કેથે શોધી કાઢશું.

રોઇનતન—અરરર ; ત્યારે તો એ ઘેલાને જલદી ઘેરી પકડવો જોઇએ. [જાય છે.]

નવાજ—મુઇરે હું. પેહેલાંથીજ તેમનું ભેજું ઘસેલું તેમાં મેં નાદાને દેવાનીનો વેશ લઇ તેમને બેહેકાવ્યા બનાવ્યા ! હવે હું શું કરશ ? [રડે છે.]

બરજોર—(ઘભરાઇ) નાજાં બેન, ખરૂં કહું તો હુંજ ગુનેહગાર છઉં. મેંજ તુને ઢોંગ કરવા કહ્યું. હવે રડવામાં સાર શું ? આપણે તેવનને કેથેથી શોધી કાઢશું.

નવાજ—(માણેકને) પણ માણેક તું અહીંજ થોભજે, એ રૂસ્તમને ગાયનનું ઘેલું લાગુંછ તેથી તારા મીઠા સરોદથી, કદાચ ખેંચાઈ તે અહીં આવશે.

[બરજોર તથા નવાજ જાય છે.]

માણેક—મરેરે! મરેરે! (કંટાળી) આજે સહવારમાં કોણ જાણે કોણનું મોહનું જોયુંછ, કે આખો દિવસ થયો જરા ઠરીને બેઠાં નથી. જાણે મુવું ઘેલું લાગુંછ (સામે જોઇ) પણ એ કોણ? લેવો જે દેવાનાને બધાં શોધવા ગીયાંછ તેજ આવી રહયોછ; હવે એને રોકી રાખવો જોઇએ. [રૂસ્તમ આવે છે.]

રૂસ્તમ—(સ્વગત) ખુદાને તો બરાબર હાત તાલી આપી, હવે એ વરઘેલી નવાજ મલે તો ઠીક, કે તેઓની બનાવટનો સવાદ ચખાડું (જોઇ) ઓહો હો હો! આય કોણ? ઇંદરના અખાડામાંની પરીકે? (સ્વાગત) હવે એને બનાવવી જોઇએ.

[માણેક ગાયન ગાય છે. રૂસ્તમ નજદીક નજદીક ઠસતો જાય છે.]

ગાયન ૧૬ મું.

માણેક— દીલદારી છોડી સાજના ચાહના ભૂલી સારી,
જખમકારી.—દીલ.
સંગ છોડી જાય, ભાન ભૂલી જાય, માન જાન,
દિલદારી છોડી, સુધ ગુમાવી, દુઃખ દે દિલને જાન,
તુંતોરે જાલીમ મારો, જાન મારો.—સાજના.

રૂસ્તમ—(માણેકને) અય પરી, મારી દિલબરી, ત્હારાં ખુદાઇ ગાયને મ્હારા જીવને જીવતા જીવત બેહેસ્તનો મેહમાન બનાવી દીધો છે.

માણેક—(હસીને) મારા ગાયનથી તમારૂં જીગર ખુશ થયું હશે? ત્યારે તો હું ગાયા કરશ.

રૂસ્તમ—ગા મારી પ્યારી પરી, ગા.

[તેજ ગાયનનો એક અંતરો ફરીથી ગાય છે.]

રૂસ્તમ—(ગાયન સાંભળી) આ હા હા હા! તારી ખુબસૂરતીને દીપાવે એવુંજ ત્હારૂં જીગર પણ ઉદાર છે. ખરેખર! જેની પર તારી મેહેર નજર ઉતરશે, તે મરદ કિસ્મતદાર ખરો. દેવી, (નજદીક જઇ) મારી પરી, મારી પર જરા મોહબતની નજર કર?

માણેક—(હસીને) પણ તમે તો નવાજ ઉપર ફીદા હતાની? તેને એટલામાં ભુલી ગીયા કે?

રૂસ્તમ—નવાજ તો પરણી ચુકીછ! મે હમણાંજ તેને પોતાના ધણી સાથે આય પાસેના ઝાડની બાજુમાં મોહબતમાં ચકચૂર બની ફરતાં, હરતાં, ચૂમતાં, મલતાં નજરો નજર જોયાં.

માણેક—(વહેમાઇ ઉસ્કેરાઇ) કાંહાં? કાંહાં? બતાવોતો?

રૂસ્તમ—(સ્વગત) હવે ચટકો લાગશે (પ્રગટ) થોભ! પેલા ઝાડ પછવાડેના બાઝટપર (માણેક જવા ચાહે છે રૂસ્તમ હાથ પકડી ખેંચે છે) એકાન્તમાં બેસી બ્હાલ કરતાં મોહબતવંતા જોડાને તેમના પ્યારમાં ખલલ કરવી અજીમ ગુન્હા છે, તે કરતાં આપણે જો તેમની નકલ કરીએ તો કેવું સારૂં?

[રૂસ્તમ માણેકનો હાથ પકડે છે.]

માણેક—(શરમાઇ ચોંકીને) અરે! તમે ભુલોછ (મનસે) હવે શું કરૂં? બેવફા બરજોરની વાત સાંભળી મારૂં લોહી ઉકળી આવેછ.

રૂસ્તમ—(તેને રોકી) ડિયર! એક કિસ તો આપ! એટલે મારો જાન જીવતાં જીવત બહેસ્તમાં જશે (રૂસ્તમ માણેકનો હાથ ચુમે છે) નિર્દય! બેરહમ ના બન! વાહલી. દયા કર. આશક પર મયા કર, ફરહાદપર નિગાહ કર.

[રૂસ્તમ ગુંઠણે બેસી માણેકને આજજી કરે છે.
બરજોર ને નવાજ એકાએક આવી જોય છે.]

બરજોર—(જાહેર થઇ માણેકને) બાઇ સાહેબ? આવ પ્યારનો નાટક ઠીક થાયછ.

નવાજ—(માણેકને) શરમની વાત છે.

માણેક—(ધભરઇ) પણ તેમાં હું શું કરૂં? તમેજ મને નહિ કહી ગીયાં, કે એમને હસાવી, પટાવી રોકી રાખજે? તેથી મેં એમને એમનાં ધકારામાં રોકી રાખ્યાચ.

બરજોર—સેફતથી રોકવો હતો; એમ પ્યારનાં ચેડાં કારવા કોણે કહયું તું?

માણેક—(શરમઇ) મરેરે! એ શું બોહોતાન? સામા તમે બન્ને જણાં પેલી ઝાડીમાંના બાઝટ ઉપર બેસી લપટ ઝપટ કરતાં હતાં, તે માટે શરમાવો તો સારૂં.

બરજોર—(માણેકને) પરાયા મરદ સાથે ઘેલાં ચેડાં કારતાં શરમાવું જોઇએ.

માણેક—ને પરાઇ છોકરી સાથે ભરાઇ છુપાઇ મોહબત કરતાં તમુનેબી શરમાવું જોઈએ.

બરજોર—મેં નજરો નજર જોયું તે ખોટું કે ?

માણેક—ને મેં કાનોકાન સાંભળયું તે ખોટું કે ?

બરજોર—એ શું બકેછ ? ચોરીપર સરજોરી ? એ બધાં તારાં મકર છે.

રૂસ્તમ—(જાહેર) સલગી–સલગી ! મારી છુટેલી ગોલી વલગી, વલગી !

નવાજ—તમે તમારી પંચાત છોડો ને જુઓની એવણુના કેવા હાલ અવતાર થયાછ ? એવન સારીકાની હોતે તો એમ ઘેલાં કાઢતેબી ? બરજોર તમે એવનને સવાલ તો કરો ?

બરજોર—(રૂસ્તમને) કેમ મી૦ રૂસ્તમ તમે નવાજને ઓળખોછ કે ?

રૂસ્તમ—(ઢોંગથી) કાંહાં છે મારી દિલનવાજ ? (નવાજ તથા માણેકને બતાવી) કોણ આય બેઉ નવાજ ? મારી નવાજ ?

નવાજ—(ઘભરઈ) ઓ ખુદાય એ હું શું જોઉંછ ? એમનું તો ભેજું નથી !

રૂસ્તમ—(નવાજને બગલમાં પકડી) ચાલ ડીયર (માણેકને) તુંબી વ્હાલી ડીયર (માણેકનેબી બગલમાં લઇ) આપણે ફરવા જઇશું (નવાજને) તું મારી ને (માણેકને) તુંબી માહરી (બરજોરને બતાવી) ને આય કોણ અલફાતુ ભામટો? (બરજોરને ખિસાડી) ચાલ એઇ પોઇસ ! પોઇસ ! જોતો નથી ? આય મારી જાની, મારી રાણી, મારી જીંદગાની, મનમાની !

બરજોર—બીચારાનું તદન ઘસ્યુંછ.

નવાજ—(રડમસ થઇ) ઓ ! હું મુંઇ ભમાવતી ! રૂસ્તમ ? મારા રૂસી ! મને ભુલી ગીયા કે ?

રૂસ્તમ—(ઢોંગ કરતાં) ફીફરૂં ! ફીફરૂં ! પકડો ! પકડો !

[ઢોંગ કરતાં તાન તોડ કરે છે. **નવાજને** પકડતાં તેને વળગે છે.]

નવાજ—ઓ મારા જાની ! મારા રૂસી ! [રૂસ્તમને વળગે છે.]

રૂસ્તમ—(અલગ) હવે ખાસ્સી ફસી. [નવાજને પકડી ચુમે છે.]

નવાજ—(તાજુબ થઇ) એટલે તમે દીવાના નથી થયા કે ?

રૂસ્તમ—(નવાજને) મને તો બા તારૂં ઘેલાપણું લાગુંચ; તેથી આય ઢોંગ મચાઉંચ પણુ તું પરણીતો નથીની ?

બરજોર—મી૦ રૂસ્તમ ! નવાજ સાથે માહરાં લગન થવાનો જુઠો દેખાવ હતો. તેમ નહિં કરતે તો મામાજી તમામ મિલકત દેવાનશાલાનાં ફંડમાં આપી દેવા ચાહતા હતા. ખરી બૈરી તો આય મારી માણેક.

[માણેકને બગલમાં લેઇ કોટી કરે છે.]

રૂસ્તમ—(નવાજને બગલમાં લઇ) અને મારી મોહબતની સચ્ચાઇમાં કંઈ કસર હોય, તો ઝટ શરમ ભાંજી બતલાવી આપશ કે નવાજ મારી છે.

[નવાજને કિસ લે છે તેટલાં રોઇનતન આવી આ દેખાવ જોઇ ચીરડાઇ છે]

રોઇનતન—અરે ! અરે ! અરે ! આય શું બેહયાઇ ? (બધાં હસે છે) નફ્ટો બે શરમ થઇ હસો છો ? નવાજ તુને શરમ નથી આવતી ? તારા ધણી બરજોરના દેખતાં બીજાની સાથે ચેડાં ? એ કેવાં ચેલાં ?

નવાજ—મામાજી અમુને અમારી ભુલો માફ કરો, ઠગાઈ નહીં કરવી ઘટે, પણુ અમે તે કીધીચ. મારી સાથે બરજોર પરણ્યોછ એમ જે તમુને જણાવ્યુંછ તે બનાવટી નાટક હતો.

બરજોર—કાકાજી, આય નાટક તમારા કાગલમાંના હોકમને લીધે ઉપજાવી કાહડવો પડયોચ. મારાં લગન તો આય માણેક સાથે મહીનાઓ થયાં છુપાછુપ થઇ ચુકાંછ.

નવાજ—ત્યારે હવે મારાં લગન આય મી૦ રૂસ્તમ મોદી સાથે કરી આપો મામાજી.

રોઇનતન—અરે છુચ્ચાંઓ ! મારા જેવા પહોંચેલને તમે ઠગ્યો ? મારા જેવા ઠરેલને તમોએ ભમાવ્યો ?

રૂસ્તમ—ડોકટર રોઇનતન ! અમોપર મેહેરબાન બની, તમારો ગુસ્સો દુર કરી, હમારા સુખમાં તમેબી સુખ માની લેવો, ભલી દુઆ દેવો.

રોઇનતન—અરે ! પણ તું તો દેવાનો હતો ની ?

રૂસ્તમ—હાજી, મને એજ નવાજનું ઘેલું લાગુંતું, હવે તમે આય લઝ્હલી મેડાસીન'નું પ્રિસક્રીપશન મને સાંપી સારા કરો, આબાદ કરો.

રોઇનતન—ઠીક છે, પણ હવે ફરીથી મને મારૂં વીલ ફેરવવું જરી, કેમકે કાલ કોણે જોઇએ !

નવાજ—મામાજી ! મારા ધણીને ખુદાએ પુરતું આપ્યુંચ, તમારા હકદારનેજ તેનો હક આપો.

રોઇનતન—રૂસ્તમને ઘણું ખુદાએ આપયુંચ તો શું થયું ? (પોતાની દહાડી પકડી) આય બુઢાની યાદગારી તો કંઇ આપવી જોઇએ ! હવે ચાર ચોખા છાંટી, વીલ કરી, જીઓ કરી જઇશું.

માણેક—(ઓવરણાં લઇ) નહિં નહિં ! તમારાથી એમ જીઓ નહિ થવાય, મામાજી ! મારા ઉવા લઈને જીવજો મરૂં.

રોઇનતન—ચાલો ત્યારે તમો ખાતર થોડો વધારે વખત જેમ તેમ જીવશું

[સામેથી પેદરૂ રોઝમરી આવે છે]

રોઝમરી—ઓ ભાઈ પેદરૂસ ! તું કહાં ભાગ જાતા હય રે ?

પેદરૂ—મેરા મોસ્તક ફોડુંગા, તેરા સિર તોડુંગા.

રોઝમરી—(માથે ટપલો મારી) એ શક તેરે મગજમે કિસને ઉતારા ? કિસને બહેકાયા.

પેદરૂ—(રૂસ્તમને બતાવી) ઇસને તેરેકો ઔર ડોકટરકો તમાશા દેખતે દેખ પાઇ, મુઝે હકીકત સુનાઇ, ઇસસે સુધ બુધ ગુમાઇ, અબ કયા કહેના ?

રોઇનતન—એ એ એ બન્ને ને થયુંચ શું ?

રૂસ્તમ—(ચેતી જઇ અલગ) અરરર ! આય કોફરાનતો ફેયું વધી ગીયુંચ ? (જાહેર) મી૦ પેદરૂસ, તુમને હમકો બહેકાયા, તો હમને તુમકો પાગલ બનાયા ? ઇસમે કસૂર કિસકા ! હમારા, યા તુમ્હારા ?

પેદરૂ—અરી બાપરે ! અયસા ઘોટાલા હુવા ! અમકો, ઓલ્ડમેંનકોદુબોનાયા ? વેરી બેડ, વેરી બેડ !

રોઇનતન—ઑલ મેડ કૅપ ! સામેના મેડ હાઉસની હવાની અસર બધાનાં ભેજાંપર થવાથી આય ઘોંટાલો થયલો લાગેચ, હવે ચુપ ચાપ પોતાપોતાને કામે લાગો, ને આજના ફેસ્તાપર ધુમ હસ્યા કરો.

[સર્વે ખુસી થતાં રવાના થાય છે]

અંક ત્રીજો—પ્રવેશ પાંચમો.

સ્થળ—બેડરૂમ.

[એક તરફ લોખંડનો પલંગ છે બીજી તરફ પરદા પાછળ ટેબલ મેલેલી છે, સામી તરફ મોહનું જેવાની આરસી છે. ટેબલપર છરી કાંટા ગોઠવેલા છે, જાલ જેપાની કીમાનો પેહેરી ખુરસી પર બેસી વિચાર કરે છે]

જાલ—(મનશે) જાલ, તુંને અંત:કરણ છે? (થોભીને) નહિં ! બીલકુલ નહિં! મેં કેવી બાજીઓ રચી? કેવા ફતવા આપ્યા? ને આખરે શું મેળવ્યું? નામોશી! પશેમાની ને હયરાની!(વિચાર કરેછે) એ બધુ શાથી? ખુદાનીહસ્તીને ભુલવાથી! (બન્ને હાથ ઉંચા કરી હાથ જોડી કરગરતાં) ઓ જગ કિરતાર તહારી કુદરતને તહારી હસ્તીને, ત્હારી ખલકતને મેં તુચ્છ માની, મ્હારાં આંધલાં અહંકારથી હું દરેક ફરજમાં ભૂલ્યો, (થોભીને) જાલ, ખુદાને ભૂલતાં તું બદીને રાહે પડયો હયરાન થયો ! ને આખરે શું થયું ? કંઇજ નહિ. (વિચારી) ઓ ખુદા તારીજ ખુદરત અંતે ફાવી, દીનાને મ્હારૂં હથીઆર બનાવી, ભાઇ બેહેન વચ્ચે પ્યાર બરપા કરી, કીનો લેવા ગયો, પણ ખુદા તેં તારી ખુદાઇ બતાવી, (છાતી પર હાથ ઠોકીને) આય શયતાન દિલ અહંકારી ને પશેમાન કરી માહત કીધો. (ગુઢણે પડી કરગરતાં) માફ કર ! ખુદા મને માફ કર ! દયાના દાતાર, રહમના કરનાર કિરતાર, હવે મને નેક બુદ્ધી બક્ષ.

[જાલ પશ્ચાતાપના બલતરાથી પોતાના પાપ માટે તોજેશ કરતાં કમકમી આંખોપર હાથ ઢાંકે છે. એકાએક તેને પોતાના આગલા બાર-પંદર વર્ષ

ઉપરની પાપી ભૂલની યાદ આવે છે. જેનો ચિતાર ખુદાઇ કરામતથી, તે પોતાના મગજમાં ચિતારે છે, જે જોય છે; તેના ખ્યાલથી ધ્રુજે છે, પશ્ચાતાપ કરે છે, પણ જાલના મગજમાં ઉત્પન્ન થયલો ચિતાર તમાશબીનોને નાટક તખતા પર ભજવાતો બનાવવા માટે પાછલી દીવાલ ગરક થઇ જઇ, એક કુશાદે ઓરડો જણાય છે, જેની પર ફરનીચર ગોઠવેલું છે, એક કોચ પર સુના જુવાનીના બહારમાં પોતાની બુચી આલાં (નાહ-ની ઉમરની બુચીના વેશમાં) સાથે બેસી ખુદાની બંદગી કરતી જણાય છે.]

ગાયન ૧૭ મું.

આલાં—

જગત દાતા તુંહી ખાલિક જગનો,
મુજ જીગરમાં ખિયાલ તુજનો.--જગત.
વિના ખુદા નથી, સુખ સંસારમાં
કુલ ભૂવનમાં, કુલ સંસારમાં.--જગનો.

[ગાયન પુરૂં થતાં બહારથી બારણું ઠોકવાનો અવાજ આવે છે.]

સુના—દીકરી આલાં, જોતો કોણ બારણું ઠોકેછ?

આલાં—વારૂં મમા.

[બુચી આલાં બારણું ઉઘાડે છે. (જુવાનીનાં બહારમાં) રતનશાહ ઇંગલીશ ડ્રેસમાં દાખલ થાય છે. સુના તેને જોઈ ઘભરાય છે, રતનશાહ ઓરડામાં દાખલ થતાં, બારણાને અંદરથી બંધ કરે છે.]

રતનશાહ—સાહેબજી સુના! કેમ આજે તમે એખલાં બારી બારણા બંધ કરીને બેઠાંછ? (બુચીને હાથમાં ઉઠાવી) વેલ દીકરી આલાં કેમ છે માં!

સુના—આવો ભાઇ! ભલે આયા. હું ને મારી દીકરી બે ઘડી ખુદાની બંદગી કરતા હતાં, જીવને બેહેલાવતા હતાં, ખુશહાલી મેળવતા હતાં.

[બુચી આલાંને રતનશાહ નીચે મુકે છે, તેણી રમતી રમતી બીજા ઓરડામાં જાય છે.]

રતનશાહ—હવાઇ ખુશહાલી ખિયાલી ખ્યાલવાલી છે, ખરી ખુશહાલી, તો પ્યારમાંજ સમાયલી છે. (મહોબતથી પાસે જતાં) વ્હાલી સુના, (સુનાં ચોકે છે, હટે છે) ક્હાંવેર મને ટવલાવશે, તુચ્છકારશે, સતાવશે ?

સુના—રતનશાહ ચુપ થાવો ! દુર રેહવો ? આવા એકાન્તમાં મારા શાંત મકાનમાં તમારા શયતાની ખયાલનો એક હરફબી ના ઉચ્ચારતા. તમે જો મને સગી બેહેન જેવી ગણી મળવા આવતા હોવ, તો આવજો. નહી તો ફરીથી તમારાં નાપાક પગલાં મ્હારા મકાનમાં ના લાવતા, તમારૂં મોહનું પણ ના બતાવતા.

રતનશાહ—તુને ત્હારો ધણી મારા લાગમાં છેત, ઇન્કાર ના કર !

સુના—તમારા લાગને ને બાગને હું આગ લગાડશ, પણ મારી પાકદામન કે હોરમતને કાલા ડાધની આંચ નહિં પોંહચાડશ [આજેજીના તૌરમાં.]

રતનસાહ—ઇન્કાર ના કર, મ્હને ના ધિક્કાર ! [રતનશાહ સુનાંને બગલમાં પકડેછે, સુના અછાટ મારીને તેને દૂર કરેછે.]

સુના—ખબરદાર ! ફરી મારા તનને સેહજબી અડકીયાછ, તો આંગળા ભોકી આંખ ફોડી નાખશ, જીવ આપશ !

[સામી થાયછે તેટલાં બહારથી જમશેદ બારણું ઠોકેછે, તેનો અવાજ આવે છે, બન્ને ઘભરાયછે.]

જમશેદ—(બહારથી) સુના ! સુના ! બારણું ઉઘાડ. [સુના, બારણા આગલ જવા ચાહેછ, રતનશાહ તેને રોકેછે, સુના ઘભરાયછે]

સુના—(ઘભરાઈ) ઓ ખુદા ! હવે શું કરૂ ? અંદરથી બારણું કોણે બંધ કીધું ?

રતનશાહ—મેં કીધુંચ (ઘભરાઇ) સુના મને બચાવ, ત્હારા પ્યારમાં આંધળો બની હું અત્રે આયો, ને તુને સમજાવવા, મનાવવા, માટે મેંજ બારણાને બંધ કીધુંછ.

સુના—(ઘભરાતી ધ્રુજતી રતનને) ઓ દીનો ઇમાનના દુશમન, તેં મ્હારૂં અને મ્હારાં સુખનું સત્યાનાશ વાલ્યુંછ.

રતનશાહ—(હિચકારા પેઠે) સુના, મહને નહસાડ, યા કેથે છુપાવ, નહિતો જમશેદ મને આવી હાલતમા જોઈ મારી નાખશે.

સુના—હવે તો તું ને હું ! તેનેજ લાયકના છઇએ·

જમશેદ—(બહારથી) સુના ! બારણું ઉઘાડ ! (બારણું ખખડાવે છે.) દીકરી આલાં ! અંદર છે કે ?

આલાં—આવી પપા ! (જમશેદને) પપા તમે આયા કે ? રતનશાહ કાકા કહારના આયાછ, તહમારી વાટ જોયચ.

[રતનશાહ તથા સુના ધભરાય છે, આલાં આવી ચુપચાપ દરવાજો ખોલે છે. જમશેદ દાખલ થાય છે. રતનશાહ તથા સુના સ્તબ્ધ બનેછે, જમશેદ આય દેખાવથી વેહેમાઇ શકમંદ બની હ્યાનત કરે છે]

જમશેદ--(કમકમી) શરમીંદગી ! નામોશી !

સુના—(નજદીક જાય છે) જમશેદ, તમે ના વેહેમાવો ! તમે ઠીક વખતસર આયા, કે હું મહા મુસીબતમાંથી બચીછ, આય તમારો બદમાસ દોસ્ત, સાધુના સાલ્લામાં શયતાન છે, મારીપર બુરી નજર રાખનારો હયવાન છે.

[જાલ તેને દૂર કરે છે].

જમશેદ—(જનુનમાં) કોણ શયતાન ? તમો બન્ને શયતાનો મારી ઈજ્જતો હુરમતની ધૂળ કરનારા બદકાર છો.

રતનશાહ—(સ્વગત) હવે તાલ કરૂં ! એ નાપાક મને રૂસવા કરવા ચાહે છે, તો ફરેબથી બેકમાં વેર પાડી બચી જાઉં, અહીંથી સટકી જાઉં. [કોટમાંથી નોટો કાહડેછે]

સુના--(જાલને) મારા ધણી ! હું ખુદાને હાજર નાજર જાણી કહુંછ, કે હું તમે ધારોચ તેવી બુરી નથી.

રતનશાહ—(મકર કરી) દોસ્ત જમશેદ ! હવે અખારા કરી જા, આપણી ઇજતની મુઠી ઢાંકેલી રાખવા, આય મુઠીમાં પકડી રાખ.

[રતન નોટો આપે છે, તે લેવા જમશેદ ઇનકાર કરી દૂર રહે છે]

સુના—(કમકમી) ઓ હ્યાનતી ! હ્યાનતી !

જમશેદ—(નોટો ફાડી નાખેચ) તારા પૈસા ને તારી જીંદગીપર થુઃ છે. સુના, હું તુંને આજવેર આફતાબ જેવી પાક અને સાફ માનતો હતો, પણ આજે તેં, ને આય તારા હ્યાનતી લવરે મારી આંખો ખોલીછ, કે દુનિયા ઠગારી છે. જા આજથી તું અને આય ત્હારી બદીની મુરતિ

સાથે વસી, દુનિયાની હયાનતમાં પડજે; જીવતા જીવત કે મુવા બાદ મારી સૂરતના મ્હેતાજ રેહેજે. (વિચારી કમકમી) ને હું? ખુદા શું કરૂં? કાંહાં જાઉં?

આલાં—(જમશેદને વળગી પડી) પપા! મ્હારા પપા! તમે ગુસ્સે કાંય થાવોચ?

[જમશેદ બચ્ચાંને વ્હાલથી ગુંઠનપર બેસાડી જોય છે.]

જમશેદ—મ્હારૂં બચ્ચું? (પંસવારે છે.) તું મ્હારૂં બચું છે? (કમકમી) નહીં નહીં! તું તો એજ નજીસ સીપમાનું મોતી છે; જેવી માય તેવી બેટી થવાની છે! મ્હારૂં કોઇ વ્હાલું રહ્યું નથી! જાવ તમે ત્રણે મરો, અહીંથી કાલું કરો.

[જમશેદ ગુસ્સામાં આવી ખુચીને ફેંકી દે છે, ધિક્કારથી તજીને ધ્રુજતો જાય છે. સુના, આય બનાવ જોઇ ઘભરાય છે.]

સુના—ઓ ખુદા! આ કેવો સિતમ?

[સુના એકાએક બેહાશ થઇ જમીન પર તુટી પડે છે, આલાં ઘભરઇ સુનાને વળગે છે.]

આલાં—ઓ પપા! મમા, તમુને શું થયુંચ?

[આલાં માયપર તુંટી પડી વળગે છે. રતનશા મનમાં મગન થાય છે, અસલ ઓરડો જણુાય છે.]

જાલ—(જાગૃત થતાં) ઓહઃ ખુદા! મે શું જોયું? (વિચારી) મેં જે જોયું, સાંભળ્યું! પણ ક્યાં? (વિચારી) મ્હારા ખ્યાલમાં! મારી આંધળી આખોં પરનો પરદો ઉચકતા મેં શું દીઠું? ખુદા! ખુદા! તારી કરામતમાં બસારત દીઠી; મ્હારી ભાનભુલી હાલતની શકલ દીઠી. (ઓરતવાર બની ઉઠતાં) જાલ! હવે તું જાલીમ નથી. તારી આંખપર જે અંધકારનો પરદો છવાયો હતો તેને ખુદાએ હટાવ્યો! તુંને નવી આંખ આપીછ, તો હવે તેનાથી જોઇ ખુદાને ભજજે, બદ-ગુમાનને તજજે.

[ખુદાની સેફતમાં બંદગી કરે છે.]

ગાયન ૧૮ મું.

કર તું માફ મુજના પાપ,
કીધાં કરમ બહુ બુરાં—કર.
બુદ્ધિ નેક મુજને આપ,
પરવર મુજ પાપ કાપ.
મુજ જીગરનો પશ્ચાતાપ,
તજું કરમ હું બુરાં.—કર.

[મહેરબાનું ઘણાંજ ઉંચા કપડાંના સણુગારમાં ધીમે પગલે આવેછે. જાલ તેને જોતાં ચાંકેછે.]

જાલ—કોણ મેહેરબાનુ ? તમે અહીં કેમ ?

મેહેરાં—(ઇશારત કરી) જાલ ધીમે બોલ. ધભરા ના !

જાલ—તમે તમારા સહીઓ સાથે નાટક જોવા ગયલાં હતાંની ? તે અહીં, પાછા કાંય આયા ?

મેહેરાં—તે એક જુઠું બહાનું હતું મારા ધણીને ઠગી, ભુલાવો આપવાની એક બાજી હતી.

જાલ—રતનશાહ કહાં છે ?

મેહેરાં—તેવન પોઢેલાં હોશે. હું નાટક જોવા ગઇ હતી, પણ મારી સહીઓને ભમાવી જીવ બગડવાને બહાને તુંને મળવા થકી આવી.

જાલ—(શકથી કમકમી) ત્હમે, ત્હમે ? પોતાને તમારી જાતીને ભુલી જાઓ છ !

મેહેરાં—(નજદીક જઇ) વ્હાલા જાલ ! વહાણવટીને જેમ ધ્રુવનો તારો, તેમ મને તારી આંખો છે.

જાલ—તમે જાવો ! અંહીથી ચાલી જાવો ! મારા એકાન્ત ઓરડામાં તમારા એખલાનું કાંઇ કામ નથી ; મને તમારી સેહેજબી દરકાર નથી.

મેહેરાં—(તેનો હાથ પકડી) જાલ, હું તને ચાહુંછ ! તેં મારો ચાહ, ચિત્ત સાથે ચોરી લીધોછ ! મારી પર મેહેરબાન થા. ગમે તેવી મને ધિક્કાર, રૂસવા કર, ખુદાની દરગાહમાં મને શ્રાપ દે ! પણ મારી દોસ્તી ને મ્હારો હાથ કબુલ કર ! મ્હારો સાથ કબુલ કર !

જાલ—મેહેરાં એતો તારા કહેવા આગમજ હું પામી ગયો હતો, તેથી મને તારા તરફ ધિકકાર ઉપજયો હતો. તેમાં વધારો ના કરાવ કારણ, તુંને જોતાં મને તારી તરફ ધિકકાર ઉપજેચ.

મેહેરાં—અને મ્હને! તને નહિ જોવાથી માહરા પોતાપર ધિકકાર છુટેછ.

જાલ—જેનીપર મોહોબત કરવાનો તને હકક નથી, તે માણુસ સાથે પ્યાર જોડવામાં તું તારી ઓરત જાતની જે ફરજ, મર્યાદા તેને તું કલંક લગાડેછ; પરણેતર હાલતની મ્હોટાઇને ધ્યાનમાં લે.

મેહેરાં—તારા સદગુણ મ્હારૂં રક્ષણ કરશે. હું જયારે ત્હારો ચેહેરો જોઉંછ ત્હારેજ મ્હારો દિવસ ઉગેછ, તયારે મને લાગેછ, કે હવે રાત રહી નથી. આય એકાન્તમાં મને બિહીક નથી, કેમકે તું પોતે મારી દુનિયા છે. જયારે તમામ ખલકત તે તું જો મારી તરફ જોતી હોવા પછી હું એખલી અટુલી છું એમ કેમ કહેવાય?

જાલ—(તુછકારથી) એ તારો પ્યાર? જે કબુલ કરે તેને નીચું જોવડાવનારો, ને જે નેકીપર ઓસ્તવાર રહે તેને નામોશી લગાડનારો છે.

મેહેરાં—તું મને ભૂલી જાયછ! મ્હારી ખુબસુરતીને તુચ્છકારેછ?

જાલ—(આરસી ભણી અટસેલે છે) આય આરસીમાં તું તારો ચેહરો જોઈ ખુશ થઇ પોતાને ભૂલેછ પણ તારી આરસી તારી માફકજ તને ખોટું બતાવે છે. તું તારી સુરત તેમાં જોયછ, પણ તહારી ખસલત જોતી નથી.

[જાલ ધિક્કારથી દુર કરે છે, મેહેરાં શર્મથી વિચારમાં પડે છે, બહારના બારણામાંથી શકમંદ બનેલો રતનશાહ ધીમે પગલે આવે છે. બન્નેને જોઇ ચોંકે છે, છુપાય છે.]

રતનશાહ—(સ્વગત) મેં કંઇ છુપા સંસાર સાંભળ્યા! પણ આય કોણ? (ઓળખી) મ્હારી મેહેરાં ને જાલ? આ કંગાલ ચંડાલ! મારાં ઇજ્જત હયાપર જાલ? (વિચારના ગુસ્સામાં) પણ સબર! તારી નામોશી તારી આંખે જો! બદ કેરદારોની કારસાજી જો, ને પછી કીનો! કીનો!! કીનો!!!

[સંતાપ કરેછે.]

જાલ—બાઇ સાહેબ! શું વિચાર ભરોછ? તમે પાક છો તેટલાંજ સાફ અને નેક છો, ખુદાઇ કેહરથી બચ્યાં છો, તો સીધો રસ્તો પકડો ને અહીંથી જાવો.

મેહેરાં—મોતબી આવે, તો તેની મ્હને દરકાર નથી. તું મારો જાન, ઇમાન, મારી મન મુરાદને બર લાવનાર મારો જમશેદ છે.

રતનશાહ—(ચોંકી વસવસાથી સ્વગત) જમશેદ? એ કેવું નામ?

મેહેરાં—જમશેદ, શું વિચાર કરોછ?

જાલ—અય દોજખી ખ્યાલાતની પરી! આવ, મ્હારી નજદીક આવ! (તેને બે હાથે ખભામાંથી સામેથી પકડી હીલવતાં) જોઉં? તું મને બેહદ ચાહે છે? તો ગુંઠણપર બેસ ને તારી આંખોમાં મને પ્યારની સચ્ચાઇ જોવા દે!

[મેહેરાં ધીમે પગલે ડરતી જાલ રૂબરૂ જઇ ગુંઠણ ટેકવી બેસે છે, જાલ, ગુસ્સાથી આંખોથી મેહેરાંને ટીકે છે, રતનશાહ અદેખાઇથી ગુસ્સે થાય છે.]

રતનશાહ—(સ્વગત) નામોશીની હદ, આસમાનને ફાડી એકદમ ગુમ થઇછ. આસમાનના પાક ફરેસ્તાઓની આંખોના તારાઓ તમારો ઝળકાટ આય દેખાવ જોઇ ગુમ થયોછ! દુનિયા બેશર્મ બનીચ! આસમાનના સેતારા ગુલ થયાં? કયામત થઇ! કયામત થઇ! (વિચારમાં ચોંકી) પણ જરા સબર! નહીં! હવે અહીં આય બન્નેની કબર ખોદું તોજ હું મરદ.

મેહેરાં—મારી તરફ એવી જનુની આંખોના જો, મને દહેશત ઉપજેછ.

જાલ—મારી આંખોની તુને દહેશત ઉપજેછ? પણ ખુદાના ખોફની તુંને હયા નથી!

મેહેરાં—હું મારા જમશેદ સિવાય બીજું કંઇ દેખતી નથી, મને કંઇ સુજતું નથી, મને જાનથી મારવી હોય તો મારૂં ગળું દાબી દે! પણ મ્હને ના ધ્રુજાવ.

જાલ—સબરકર! મને જોવા દે, કે તું કેવી ઔરત છે? (મેહેરાંના બન્ને ખભાં પકડી તેને ટીકતો બોલે છે) તું! તું! એક પરણેલી નાર, તેના ખાવિંદની આબરૂને મુઠીમાં ધરનાર, તેના પૈસાથી મોજ કરનાર, તેનું

નિમક ખાઇ હરામ કરનાર, તેને બેઆબરૂ કરી પોતાની બેહોરમતીના પાયો નાખનાર, બદકાર! બદકેરદાર! જા જા! દૂર થા! ત્હારૂં કાળુ કર.

[જાલ તેણીને આંચકો મારી તેને નીચે તોડી પાડે છે, તે ખુરસીપર તુટી પડે છે.]

મેહેરાં—(ચીસ પાડેછે) ઓહ!

રતનશાહ—(સ્વગત) શાબાસ! હું શું જોઉંચ? મ્હારી મ્હોદાર બદકાર! ને જાલ એવો નેક કેરદાર?

મેહેરાં—તું મને ધિક્કારેછ? (છેડાઇ ઉછળી) તુચ્છકારેછ? મ્હારા જીગરની બળતી ચેહમાં તેલ રેડેછ? પણ એ સઘળા હસીનું હું વેર લેવસ, તારી મગરૂરી તોડવા હું શું કરી શકુંછ, તે જો, ને ચેત; (ટેબલપરની છરી ઉંચકી સામી થાય છે) હું મારી દરેક તદબીર રચીનેજ આવીછ માટે બોલ તું મને ચાહેછ, કે નહીં? નહીં તો આય છરી વડે મારો જાન આપતાં બુમો પાડી સર્વેને જણાવશ, કે તેં મારી દામન લુટી મહારૂં ખૂન કીધું.

[મેહેરાં સાહુચેત હોવાથી જાલ છુરી ઝુટવવા જતાં નિશફળ નીવડે છે તે ડરે છે.]

જાલ—(મનસે) હું ખુદાને ભૂલ્યો! ને ખુદા તું મહને ભૂલ્યો! તેથીજ આવી રીતે મને બધેથી માહત મળેછ! (મેહેરાંને) ઓરત જાતની દામનને બટો લગાડનારી મેહેરાં, તું મને દેવાનો બનાવેછ! મહારી સુદ જતી રહેચ?

[મનને દાબતાં જાલ જોસમાં આવી છરી ઝુટવવા જતાં મેહેરાં તેની પર હુમલો કરેછે, પાછળથી રતનશાહ આવી બન્નેને રોકે છે, શરમ વસાંવેછે]

રતનશાહ—બેશરમ! બેહયા!

મેહેરાં—કોણ રતનશાહ? થઇ ચુકું, થઇ ચુકું!

[મેહેરાં શરમીંદગીથી સોફાપર તુટી પડે છે]

જાલ—ઓ ખુદા! ખુદા!

રતનશાહ—મેં તમો વચ્ચેની જીકર સાંભળી છે. મારા નેકકેરદાર દોસ્ત, તને પોતાના જેવો નીચ બનાવવાનો કસદ કરતી મેં મારી ઓરતને જોઇ છે, મારી જીંદગી બરબાદ કરતાં, મારી ઇજ્જત લુટાવતાં મેં એને સાંભળી છે, (કમકમતાં) ઓ ખુદા! એના જેવી ઓરત જનમીજ

ક્યાં હશે ? મરદનું ભાન ભુલાવનાર ! તેને દગો દેનાર ! બેહોરમત બનાવનાર! ઔરત, તારી હસ્તી નાબુદ થજો! (મેહેરાંનો હાથ પકડેછે તે ધ્રુજે છે.) ઓ નીચ, હું જ્યારે તારી સાથે પરણ્યો, તે વખતના કસમ કાહાં ગીયા ? મને થોડીજ ખબર હતી કે તું મીઠા વચનો બોલી, મને ભોલવી ભમાવી આવી, બેવફાઇથી વરતસે ?

જાલ—રતનશાહ જવા દેવો, વાંક એનો નથી, એની બુદ્ધિનો છે.

મેહેરાં—રતનશાહ ! તમે ઘરડે ઘડપણ મારી સાથે પરણ્યા કાંય ? મારા ગરીબ માય બાપને ભમાવી મને વેચાતી કાંય લીધી ? ત્હમારીજ ચાલ્લચલણ, જે બાતેનમાં બુરી ને જાહેરમાં નેક છે, તે હું સાથે વસીને સીખી; મ્હારી બુધ્ધિ ભ્રષ્ટ થઇ.

જાલ—ખુદા ! ખુદા ! તાહરો ઇન્સાફ અજબ છે.

રતનશાહ—(સ્વગત) ઓ ખુદા ! હું શું સાંભળુંછ ? ગોયા મ્હારા પાપો પોતે પોકાર કરેછ, મારી આગલી બદીઓને પેશ કરેછ.

[છેડાયલી સુના હાલહવાલ સાડી પેહેરેલી ધસી આવે છે- રતનશાહને જોતાં તેને કોલરમાંથી પકડે છે.]

સુના—કહાં છે મારો જનમનો દુશમન ? મારા કુટુંબનો, મારા ધણીનો, મારા સંસારનો ખુની કાંહાં છે?

[બીજી બાજુથી દીના ને ખુશરો દાખલ થાય છે.]

રતનશાહ—કોણ સુના ? જમશેદની બૈરી ?

સુના—હા ? હુંજ સુના ! તારો દીકરો કાહાં છે ? રતનશાહ, તેં મારૂં ધાન લુચ્ચાઇથી ભાંજી મને વીધવા બનાવી, ને તારા દીકરાએ મારી બેટીની લાજ લુટી, અમને હસીમાં લાયોછ.

જાલ—(ચોંકીને જોતાં) કોણ ? તું કોણ છે? (પાસે જઇ) સુના ! મારી ધણીઆણી ?

સુના—કોણ ? (હેબતીને જોતી) મારો જમશેદ ? મારો ધણી ? તું જીવતો ને જાગતો ?

જાલ—હા ! હું ડુબીને મુવો નથી, પણ જીવતો છું, મારી બેહોરતીનો કીનો લેવા, જાગતો, જોતો, ને ભમતો છું.

સુના—(નજદીક જઇ) જમશેદ મારા ધણી! હું ગુનેહગાર કે પાપી નથી. આપણી તમામ સત્યાનાસી ને જુદાઇનું મુલ (રતનશાહને બતાવી) આયજ રતનશાહ છે.

[જાલને પાસામાં દાબે છે.]

જાલ—તે હું જાણું છું ને તેથીજ એનીપર કીનો લેવા હું દુનિયામાં છુપો રહયો હતો અને પાયમાલ કરવા એના મકાનમાં વસ્યો પણ ખુદાને ભુલતાં હું મારા બદ કસદમાં માહત થયો.

[ધ્રુજતાં, તાજુબ થતાં, ધીમે કદમે જાલ પાસે જાય.]

રતનશાહ—જમશેદ! તુને છેક બાર પંદર વર્ષે જોતાં હું ઓળખી શકયો નહિ, જો તું મને પેહેલાંથીજ ઓળખ આપતે તો તે વખતેબી હું તારી પાસે મારાં પાપ કબુલ કરતે, તુંને ભમાવી ભોલવી, બઇરી બચાંથી જુદો પાડનાર હુંજ હેરેમંદ હતો. પણ ખુદાએ તમુને મેળવ્યાં, ને જે બોહોતાનથી, મેં તમુને ભમાવ્યાં, તેવોજ દેખાવ મેં મારી નજરે નજર આજે અહીં જોયો, તમારા શ્રાપ ફળયા. જાલ મારી બેઇજતીની ધુળ થતી, પણ તારેજ હાથે બચી છે. હું તારો ગુનેહગાર છેઉં, ખુદાનો ગુન્હેગાર છેઉં, મને માફ કર!

જાલ—તાહરા કરતુકોની સજા, હું તે પાક પરવરને સોંપુચ, પણ સુના તું આપણી બેટી અને મીનોચેહેર માટે શું કહેતી હતી?

સુના—જમશેદ! તમે અમને માય બેટીને તજી દરિયામાં ડુબી મરણ પામ્યા, એવી અફવા સાંભળી, અમો નવસારી આવી વસ્યા અને ભરી સીવીને અમારૂં ગુજરાન કરતાં હતાં, પણ તેટલાં બુરે ચોઘડીએ એના બેટા મીનો સાથે મારી આલાંને દોસ્તી થઇ.

જાલ—(સાંભલતાં કમકમી) મીનાની બૈરી થઈ તે શું આપણી બેટી આલાં? (યાદ કરતાં) ઓ ખુદા! ખુદા! હું કેવો ગુન્હેગાર છેઉં? તને ભુલવાથી હું આંધળો થયો અને બેટીનું ધાન ભાંજનાર હુંજ મુજી છેઉં, સુના હું બધું જાણુંચ એ કમઅકલ મીનોચેહેરને ભમાવનાર હુંજ મુજી બચ્ચો હતો.

રતનશાહ—(તાજુબીથી) ત્યારે શું મારો મીનો તમારી બેટી સાથે પરણ્યોચ?

[ખુરશેદ દીના સાથે દાખલ થાય છે.]

જાલ—હા છુપી રીતે પરણેલાં છે.

રતનશાહ—જાલેજર, એ તું જાણતો હતો છતાં મારા બેટાને શું આય દીના સાથે પરણાવવાની જીદ કાંય કરતો હતો ?

જાલ—ખુદાનો તે માટે હું ગુન્હેગાર હનો. રતનશાહ તમે જાણોછ કે એ દીના છોકરી કોણ છે ?

રતનસાહ—નહિં !

જાલ—તે તારી પોતાની ગુમ થએલી બેટી ધન છે.

રતનસાહ—(ચોંકી) ધન ! મારી બેટી, તે એજ દીના ? ઓ ખુદા ! ખુદા !

[માથે હાથ મારે છે.]

દીના—મારા બાવા તહમે ? એ શું કેહોચ ? ત્યારે શું મીનોચેહેર મ્હારો ભાઇ ?

જાલ—હા દીના તે તારો સાવકો ભઇ થાય, ને મેહેરબાનું તારાં સગાં માય થાયચ.

દીના—ઓ મારા માય ?

મેહેરાં—દીકરી ધન ! મહને ભેટ. તું દહાડાઓ થયાં કહાં ગઇતી ?

દીના—(પાસે જઇ મહેરાંને) મારાં માય, તમારો એ શું અવતાર ? ખુદાએ મને મારી મુરાદે પોંહચાડી આજે માવતરની માયા અપાવી.

મેહેરાં—(ભેટે છે) ખુદાએજ તુંને આજે મેળવી આપી (આસમાન તરફ હાથ ઉઠાવી) ખુદાની મુજ જેવી ગુનહેગારપર કેવી રેહેમ ?

જાલ—આય તમારી બાલક બેટીને કરાંચીમાં આયા સાથે દરીયા કિનારે ફરતી જોઈ, તમારીપર કીનો લેવા માટે, હું લાગ જોઇ, આયાની નજર ચોરાવી ઉઠાવી ગીયો, તેમાં લોકોએ તેને દરિયે કાંઠે રમતાં તણાઇ ગયેલી યા ડુબેલી ધારી આજવેર મુવેલી ધારતા હતા તેજ એ દીના છે.

દીના—(જાલ તરફ જોઇ) જાલેજર ! તમે મારાં માય બાપ અને ભાઇની સગાઇ જાણયા છતાં મારીપર જબરી કરી, મીનો સાથે મને પરણાવવા ચાહતા હતા કે ?

[જાલ શરમિંદો થઇ નીચી નજરે જમીન તરફ જોઇ અફસોસ કરે છે.]

રતનશાહ—દીકરી, તું એમને કશું ના બોલ એ મ્હારાં આગલાં કરતુકોની મને સજા થવી હતી તે થઇ ચુકીચ,

દીના—હું એમને કશું બોલતી નથી, કેમકે તમે મારા સગા બાવા હતા, છતાં મને બચપણથી ઉછેરનાર એવણજ મારા પિતા હતા, વાલી હતા.

[જાલ શરમીંદગિથી ભેટે છે.]

મેહેરાં—દિવસો થયાં દીકરી દીના તું કહાં ગઇતી? [ભેટે છે.]

ખુશરો—રતનશાહ શેઠ તે થકી તમારી પાસે એક ખુલાસો કરવોચ.

રતનશાહ—તે શું છે?

ખુશરો—દીના તમારી બેટી છે. એ અત્યાર આગમજ કોઇને કે મને ખબર નહોતી પણ મીનોચેહેરના કબસમાંથી છોડવવા તે ખુદાની કરામતથી અમો દિવસો થયાં પરણીને માટી બૈયર થયાંચ, એ રીતે જાલીમ જાલની જાલમાંથી ખુદાએજ એક પાપનું કામ થતું બચાવ્યુંચ.

રતનશાહ—ખુદાને મંજુર હતું તેજ તેણે આખર બજાવ્યું છ.

[મીનો હાલ હવાલ હાલતમાં દાખલ થાય છે. સુના સામી ધસી મીનોને કોલરમાથી પકડે છે, મીનો ધભરાય છે.]

સુના—(ગુસ્સામાં) મારી બેટીના ખુની! બોલ મારી આલાં કાંહાં છે?

જાલ—શું આલાં ઘેરમાં નથી? [મીનો ડરે છે જાલ ધભરાય છે.]

સુના—(રડતે આવાજે) ખુદા જાણે મારી ગાય દીકરી સાંજની કાંહાં ગુમ થઇ ગઇચ? (મીનોને બતલાવી) એજ મુજીએ મારી દીકરીને કેથે છુપાવીચ અથવા તો તેણીને મારી નાખી છે.

[મીનો જાલને કોલરમાંથી પકડી ઉશ્કેરાઇ જાય છે.]

મીનોચેહેર—ઓ જાલીમ જાલ! મારી કમઅકલીપર તેં તારો કાણુ ચલાવી મને હયવાન બનાવ્યો? ને આખરે તુટેલા દિલે આલાં મરણ પામીચ [જાલ નવી ખબરથી ધ્રુજે છે.]

સુના— ઓ રેહેમી ખુદા! તારો કેહેર કોણ કોણ પર વર્સાવસે? (દીવાના મીસાલ) મારી દીકરીને કોઇ બતલાવો! તે મુવેલી કે જીવતી જાહાં હોય તાંહ મને લઇ જાવો.

મીનોચેહેર—તે મરી ગઇચ ! મને જીવતાં જીવત પસ્તાવામાં બાળી ગઇછ, પશેમાનીમાં નાખી ગઇછ.

સુના } **જાલ** }—ઓ ખુદા આખરે તું હમો પરજ રૂઠીયો ? હમુનેજ ધુળમાં મેલવ્યાં ?

[બેઉ જણાં હેબતથી રડી પડતા મોહનું માથું હાથે દાબે છે.]

ખુશરો—આલાં મુઇ નથી પણ જેમના જીગર નેકી વગર મુવેલાં હતાં, તેમની આંખે તે મુવેલી હતી.

દીના—પણ હવે તેમના જીગરમાંનો અધાપો દુર થતાં તેઓ જીવતી થઇ પાછી મળશે.

[આલાં એકાએક બારણા ઉપરનો કર્ટન ખિસાડી જાહેરમાં આવી બધાને તાજુબ કરે છે]

મીનોચેહેર—(આલાં તરફ ધસે છે) આલાં ! મારી આલાં ! તું જીવતી છે ?

આલાં—(મીનોને) મારા ધણી ના ડરો !

[બંને હાથ મેળવી સેકહેન્ડ કરે છે તથા સુનાનો કોટી કરે છે.]

સુના—(પાસામાં લેતાં) મારી દીકરી ! મારૂં બચ્ચું ! તું મારે જીવે જીવજે મરૂં. [સુના ઓવરણાં લે છે]

આલાં—માયજી તમે અહીં કાંહાંથી આયાં ? (જાલને જોઇ ડરતાં ધ્રુજતાં જાલને) ઓ જાલીમ જાલ, તું અહીંબી હાજર છે ?

સુના—દીકરી આય જાલેજર તારા વેરી નથી, પણ તારા ગુમ થએલા બાવા જમશેદ પોતે છે.

મીનોચેહેર—જાલેજર આલાંનો બાપ ?

[મીનો આય બાબત જાણી તાજુબ થાય છે.]

જાલ—(આલાંને ગુઠને પડી) મારા સાચ્ચા ફરેસ્તા ! મારી દીકરી આય તારો બાપ દરેક વાતે ગુન્હેગાર છે, પોતાની બેટી પાસે શરમીંદે છે. [આલાં જાલને ગળે વળગી.]

આલાં—મારા બાવા ! તમે શરમીંદા ના થાવો, તમે ખુદાયને

ભુલ્યા હશો તેથી ભમાયા પણ ખુદાને ચાહતાં પાછાં સર્વેને મલવા પામ્યાં.

મીનોચેહેર—(ખુશરોને) પણ હમણાંજ એક કલાકપર મેં આલાંને મુવેલી દીઠી હતી; તે બીના શું ?

ખુશરો—મારા મ્હેરબાનો ? મીનોની સુધ ઠેકાણે લાવવા મેં એક બાજી રચી હતી, તે બાજીમા હમુને પુરો જસ મલતાં હમે ત્રણે જણાં અત્રે આયાં તેટલાં નવો ઘોંટાલો જોઇ ખુશી છિયે, કે સર્વેના મુવેલાં જીગર ખુશબખતીથી તરોતાજગી પામ્યાછ.

રતનશાહ—સુનાબાઇ હું તમારો ગુન્હેગાર છેઉં ? તમો ધણી ધણીઆણી વચ્ચે કંકાસ બરપા કરાવનાર હું હતો, પણ કદી અંતઃકરણનો હું સુખી રહયો નથી. આખરે તમારા શ્રાપ ઉતર્યા હોય તેમ મેં મારીપર ચોગમથી શરમીંદગી ઉતરતી નજરો નજર જોઇછ, ને આજે ખુદા પાસે મારાં કરતુકોની તોબેસ કરૂંછ! (તોબેસ કરી આસમાન તરફ હાથ ઉઠાવી) તે ખુદા મને અને સર્વેને માફ કરે !

સર્વે—આમીન ! આમીન ! ! આમીન ! ! !

[સર્વે ખુશી થઇ ખુદા પાસે શુકર ગુજારી કરે છે.]

સમાપ્ત.

જાહેર ખબર.

ખુદ માલેકની દેખરેખ અને હાજરી હેઠળ ચાલતી

સોના ઝવેરાતની જુની મચેલી દુકાન

આવો અને જુઓ.

કારણ કે ત્યાં પચરંગી પારસી બાનુઓની ઘરાકી હમેશાં નજરે પડશે. રજાનો દિવસ તમોને પ્યારો લાગે છે કે? રજાનો દિવસ કોને પ્યારો નહી લાગે. જ્યારે રજા હોય છે ત્યારે નાટક જોવાને ઉતરી પડો છો, ઑફીસમાં દિવસો સુધી કામ કરતાં કંટાળો અને પછી એક બે દિવસની રજા મળે ત્યારે તથા સુભ ટાંકણે લગન મેળાવડામાં શું કરો? આશાએસ લેવાનો વિચાર તો આવશેજ. વળી ઘરના ધણીયાણી તથા બચ્ચાં છોકરાંને ઠઠેરાબંધ બનાવીને નાટકમાં તથા સાદી રામસનીમાં લઈ જાઓ તો તમારો જીવ હરખાય જાય અને બાઈસાહેબ પણ મગન થાય.



ઝગઝગતી મીશીન પાલીશના દાગીના બાંગડીઓ, બ્રેશલેટો, હાર, કળીઓ, એ બધું સામટું મળે ત્યારે ધણીયાણીનો જીવ કેમ ન રખાય જાય? અને વળી એસ્કી મેસ્કી મરદ સાથે તમે રેજીપેજી નં. નિકળો તો બાઇને એબ લાગે ને તમારી હીસ્કી થાય. તો વિચાર શાન કરો છો. દોડી જાઓ પેલા પંકાયેલા કાનજી માલજી ઝવેરીની દુકાને કે જ્યાં સઘળા તદન નવી પેતરનના સફાઇદાર દાગીના કિફાયત ભાવે અને ગેરંટી સાથે મલે છે.

કાનજી માલજી ઝવેરી.

અબદુલ રહેમાન સ્ત્રીટ, ટેલીફોન નંબર ૭૮૨.
મુંબઈ.

જાહેર ખબર.

કેસર કસ્તુરી અંબર વગેરે દેશી વનસ્પતીમાંથી બનાવેલી

રોયલ ટોનીક પીલ્સ.

મગજને પુસ્ટી બદનને તદુરસ્તી અશક્ત થએલા સ્ત્રી પુરૂશોને માટે ખાસ દરેક પ્રકારની નબળાઈ દુર કરી પુરૂષાતન આપે છે તથા ગએલી મરદાઇ પાછી બક્ષે છે. સપનામાં તથા પીસાબમાં જતી ધાતુ બંધાવી, વીર્ય વીકારના ગુપ્ત દરદો મટાડી પાચન શક્તિ વધારી તાકાત આપે છે. સ્ત્રીઓના અનીયમીટ થાને અટકાવી ગર્ભસ્થાનને વધારી તંદોરોસ્તી બક્ષે છે. વીદ્યાર્થીઓને મગજને પુષ્ટી આપી તેમની ઘટેલી યાદદાસ્તને પુર જોસમાં ખીલવી આપે છે અને જઇફીને પુગેલાં બુઝર્ગો ને લડડતી દેહને સુધારી તેમના શરીરમાં નવેસરથી જુવાની માફક જુસ્સો લાવે છે. આ 'રોયલ ટોનીક પીલ્સ' લોહી વધારી અવયવોને તાકાત બક્ષે છે. ભુખ વધારે છે, શરીરનું પોષન કરે છે એટલુંજ નહી પણ ૩ દીવસમાં માથાનો દુખાવો સાંધાઓમાં થતી કલતર માટે ચક્કરી દમ વગેરેને મારી હઠાવે છે અને એવા અમુલ્ય ગુણોની મોટી સાબીટી સંખ્યાબંધ સરટીફીકેટોથી મળી છે તે ઉપરાંત એ ગોળીઓ એક વખત વાપરનાર બીજી દવા પસંદ કરતા નથી.

કીંમત ૩૦ ગોળીની બાટલીનો રૂ-૧-૪-૦.

નકલી માલથી સાવચેત રહેજો રેજીસ્તર નં૦ ૧૯૦ તપાસી લેજો જથાબંધ લેનારને કમીશન આપવામાં આવશે. દરેક દવા વેચનાર પાસેથી મળશે.

ગોવિંદજી દામોદરની કુંપની,

જથાબંધ તથા છુટક વેચનાર.

મુલજી જેઠાની મારકીટ પાસે—મુંબઈ.